Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૦૫
તા.૦૯-૦૨-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૮ સૂર્યાસ્ત : ૦૬:૩૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૧.૬ | વડોદરા | ૧૫.૬ |
| અમદાવાદ | ૧૩.૩ | સુરત | ૧૭.૬ |
| ગાંધીનગર | ૧૪.૦ | નલિયા | ૦૮.૨ |

ચાંદી : ૩૯,૬૦૦ સોનું : ૩૦,૮૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાહુલ હવે મારા પણ બોસ : સોનિયા ગાંધી

## સંસદીય દળની બેઠકમાં તમામ શંકા દૂર કરાઈ : ગુજરાત અને રાજસ્થાનમાં સારા દેખાવ બાદ કર્ણાટકમાં કોંગ્રેસ સારો દેખાવ કરશે

નવીદિલ્હી

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, રાહુલ ગાંધી હવે તેમના પણ બોસ છે. પાર્ટીની સંસદીય બોર્ડની બેઠકમાં સોનિયા ગાંધીએ પોતાની ભૂમિકાને લઈને તમામ શંકાઓ અને અફવાઓ ઉપર પૂર્ણવિરામ લગાવવાના પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમારી પાસે આવેલા નવા કોંગ્રેસ અધ્યક્ષ છે. અમે તમામ તેમને શુભકામના આપીએ છીએ. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી હવે તેમના પણ લીડર છે. આ સંદર્ભમાં કોઈને પણ શંકા



રાખવી જોઈએ નહીં. રાહુલ ગાંધીને કોંગ્રેસ પાર્ટીની જવાબદારી સોંપી દીધા બાદ સોનિયા ગાંધીએ રાજકીય નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. રાજનીતિમાંથી નિવૃત્તિ લેવાની વાતને લઈને હોબાળો પણ થયો હતો. જો કે, કોંગ્રેસ પાર્ટી તરફથી કહેવામાં આવ્યું હતું કે, સોનિયા ગાંધી માત્ર અધ્યક્ષ પદેથી નિવૃત્ત થયા છે.

રાજનીતિમાંથી નિવૃત્ત થયા નથી. સંસદીય બોર્ડની બેઠક દરમિયાન સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કેન્દ્રની સરકાર મહત્તમ પબ્લિસીટી, ન્યૂનતમ સરકાર, અધિકતમ માર્કેટિંગ, ન્યૂનતમ ડિલિવરી ઉપર કામ કરી રહી છે. સોનિયા ગાંધીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, તમામ લોકશાહી સંસ્થાઓ ઉપર જાણી જોઈને ટાર્ગેટ બનાવીને આક્ષેપો થઈ રહ્યા છે.

### મોદીએ ત્રિપુરામાં આક્રમક ચૂંટણી પ્રચાર કર્યુ

## ત્રિપુરાના સર્વાંગી વિકાસ માટે ભાજપ તૈયાર : મોદી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ત્રિપુરામાં આક્રમક ચૂંટણી પ્રચાર કર્યું હતું. મોદીએ ત્રિપુરાના સર્વાંગી વિકાસ માટેની યોજના રજૂ કરી હતી. ત્રિપુરામાં ૧૮મી ફેબ્રુઆરીના દિવસે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. એક રેલીને સંબોધતા મોદીએ ઉત્તરપૂર્વીય રાજ્યના વિકાસ માટે ત્રણ ટીની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ત્રિપુરા માટે તેમના દિમાગમાં ત્રણ-ટી છે. જેમાં ટ્રેડ, ટ્યુરિઝમ અને યુવાનો માટે ટ્રેનિંગનો સમાવેશ થાય છે. આનાથી યુવાનોને તક મેળવી લેવા માટે આગળ આવવા કુશળતા વિકસાવવાની તક રહેશે. તેમની સ્થાનિક ભાષામાં લોકો સાથે વાત કરતા વડાપ્રધાને સીપીઆઈએમના નેતૃત્વમાં રાજ્ય સરકારની કોમ્યુનિસ્ટ પાર્ટીને બદલી નાંખવાનો સમય આવી ગયો છે. મોદીએ ચોલોપલટાઈ એટલે કે પરિવર્તનની દિશામાં આગળ વધીએ તેવો મુદ્દો ઉઠાવ્યો હતો જ્યારે લોકો પરિવર્તન માટે ઉભા થાય છે ત્યારે કોઈને પણ ઉથલાવી શકે છે. વિકાસના માર્ગમાં આવી રહેલા લોકોને ઉથલાવી દેવાનો સમય આવી ગયો છે. માણેક સરકારના નેતૃત્વમાં સરકારની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, આ રાજ્યના લોકો તેમના અધિકારોથી પણ વંચિત રહ્યા છે.

### વિચાર વૈભવ...

## ઉદારતાનો ગેરલાભ

આપણી હિન્દુ સંસ્કૃતિની ઉદારતાનો બજાર દ્વારા જે ગેરલાભ લેવામાં આવે છે તેની નોંધ લેવા જેવી છે. તમને દુનિયામાં જિસસ સીગારેટ જોવા નહીં મળે પરંતુ ભારતમાં ગણેશ છાપ બીડી જોવા મળશે. ક્રાઈસ્ટ એરલાઈન્સ ન હોય પરંતુ હનુમાન ટ્રાન્સપોર્ટ હોય! ભગવાનના નામો આપણે ગમે ત્યાં લગાવીએ છીએ. લગભગ દરેક ગામમાં એકાદ મહાવીર વસ્ત્ર ભંડાર તો હોય જ, જેમણે મોહમાયાના ત્યાગ અને વસ્ત્રનો પણ ત્યાગ કરી દીધો હતો એમના જ નામે વસ્ત્ર ભંડાર! દિવાળીમાં જુઓ - લક્ષ્મી બોમ્બ! ચોતરફ શંકર ટી સ્ટોલ, જય અંબે ગેરેજ અને જલારામ ફરસાણ! આટલા પરાક્રમોએ અટક્યા હોત તો ઠીક પરંતુ ભગવાનના નામોને બજારમાં મૂક્યા પછી આપણે એનાથી ય આગળ વધ્યા છીએ. કોમર્સિયલ કોમ્પ્લેક્સના પગથિયા ચડતા ખૂણામાં લોકો થૂંકતા હોય ત્યાં ભગવાનના ચિત્રની ટાઈલ્સ લગાવી! લોકો ન થૂંકે એટલે ભગવાનને ત્યાં બેસાડવાના જ્યાં લોકો થૂંકે છે? તમારા માપિતાનો ફોટો એ ખૂણે લગાવોને! હિન્દુ ધર્મની ઉદારતાનો આવો નિમ્ન સ્તરે અત્યંત હીનતાભર્યો દુરૂપયોગ? હદ થઈ ગઈ છે.

- ગિજુભાઈ ભરાડ

## પાંચ હજારથી ઓછા મતોથી જીતેલા ૨૦ સભ્ય સામે રિટ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાંચ હજાર કરતાં ઓછા મતોથી જીતનારા ૨૦ જેટલા ધારાસભ્યોની જીતની કાયદેસરતાને ગુજરાત હાઈ કોર્ટમાં પડકારવામાં આવી છે. વિધાનસભા ચૂંટણીમાં એકદમ પાંચ હજાર કરતાં ઓછા માર્જીનથી જીતેલા ધારાસભ્યો સામે હાઈકોર્ટમાં થયેલી ઈલેકશન પિટિશનને લઈ હવે ગુજરાતનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. તો બીજીબાજુ, જીતેલા ઉમેદવારા ના ધબકારા પણ સહેજ વધી ગયા છે કારણ કે, કેટલાક ઉમેદવારો તો ગણતરીના મતોથી જીત્યા છે. ખાસ કરીને રાજયના શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની વાત કરીએ તો, તેઓ માત્ર ૩૨૭ મતોથી વિજયી થયા છે. ઈલેકશન પિટિશનમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત, બાબુ બોખીરીયા, શૈલેષ પરમાર સહિતના અનેક દિગ્ગજોની જીત અને વિજય સામે ગંભીર સવાલો ઉઠાવવા માં આવ્યા છે.

## અયોધ્યા વિવાદ : સુપ્રીમ કોર્ટમાં ૧૪મી માર્ચે આગામી સુનાવણી

નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે આજે વિવાદાસ્પદ અયોધ્યા વિવાદમાં ૧૪મી માર્ચના દિવસે આગામી સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો. બાબરી મસ્જિદ રામ જન્મભૂમિ વિવાદાસ્પદ જમીનની માલિક નક્કી કરવાના સંદર્ભમાં હવે ૧૪મી માર્ચના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં કેટલાક દસ્તાવેજો અને અનુવાદના પાના આજે પણ રજૂ કરી શકાયા ન હતા. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા દિપક મિશ્રા અને જસ્ટિસ અશોક ભૂષણ તેમજ એસએ નઝીરન બનેલી ત્રણ જજની બેંચ આ કેસમાં સુનાવણી ચલાવી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ ખુબ જ સંવેદનશીલ મામલો હોવાથી આ મામલામાં ગંભીરતાપૂર્વક આગળ વધવાની જરૂર દેખાઈ રહી છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં કોર્ટે ૨૦૧૦ અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા સામે સિવિલ અરજીઓ ઉપર સુનાવણી ફેબ્રુઆરી મહિનામાં હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ઉત્તર પ્રદેશ સિયા સેન્ટ્રલ વક્ફ બોર્ડે સુપ્રીમ કોર્ટ સમક્ષ દશક જુના વિવાદના ઉકેલ માટે એક દરખાસ્ત સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, અયોધ્યામાં મંદિર બનાવી શકાય છે અને મસ્જિદ લખનૌમાં બનાવી શકાય છે.

### બ.કાં જિલ્લા-તા.પં. ચૂંટણી જંગ

# બનાસકાંઠા કોંગ્રેસમાં ભૂકંપ: મેન્ટડેટ ફાળવણીમાં લેતીદેતીના આક્ષેપો

### એક સીટ પર બબ્બે મેન્ડેટ ફળવાયા:કાર્યકરોના રોષને જોતા જિલ્લા કોંગ્રેસ કાર્યાલયને ખંભાતી તાળું

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની આજે અંતિમ તારીખ હતી. ત્યારે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોને ફાળવેલ મેન્ડેટને પગલે કૉંગ્રેસમાં ભારે ભૂકંપ સર્જાયો છે. કૉંગ્રેસ દ્વારા એક જ સીટ પર બબ્બે મેન્ડેટ ફાળવાતા મેન્ડેટ ફાળવણીમાં લેતીદેતીના આક્ષેપો વચ્ચે ભારે હોબાળો થતા પાલનપુર સ્થિત જિલ્લા કૉંગ્રેસ કાર્યાલયને ખંભાતી તાળું મારી હોદ્દેદારો પલાયન થઈ ગયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

સરહદી બનાસકાંઠા જિલ્લા પંચાયતની કુલ ૬૬ અને ૧૪ તાલુકા પંચાયતની બેઠકો માટે ચૂંટણી જાહેર કરવામાં આવી છે. જેના માટે ગુરૂવારે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ હતી. દરમિયાન સાંજના સુમારે કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉમેદવારોના નામના મેન્ડેટ આપતાની સાથે જ ભારે રોષ ફાટી નીકળ્યો હતો. જેમાં અગ્રણીઓની ટિકીટ કપાઈ હતી. તો મોટાભાગની બેઠકો ઉપર બે-બે ઉમેદવારોને મેન્ડેટ આપી દેવામાં આવ્યા હતા. જેના પગલે સાંજે કેટલાક ઉમેદવારો પાલનપુર ખાતે કોંગ્રેસ કાર્યાલયે દોડી આવ્યા હતા. જોકે, જિલ્લા પ્રમુખ સહિતની ચેમ્બરોને તાળા લાગેલા હોઈ રજૂઆત કરી શક્યા ન હતા. અને મિડીયા સમક્ષ પોતાની સાથે થયેલા વ્યવહાર સામે બળાપો કાઢી જરૂર પડે તો પક્ષ સાથે છેડો ફાડવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.






સંજય જોષી, ભરત સુંદેશા

### બનાસકાંઠા માં ભાજપ માં સંગઠનમાં ભાગલા

બનાસકાંઠા માં વિધાનસભા માં કાર્યકરો ની નારાજગી અને ઉમેદવાર ને લઈને ભાજપ ને વ્યાપક નુકસાન ભોગવ્યા બાદ પણ હજુ ભાજપ નું સંગઠન એક થયું નથી.જિલ્લા અને તાલુકા માં ધારાસભ્યો થી માડી ને સંગઠન ના અનેક હોદ્દેદારો ની જીદ ના કારણે પાયા ના કાર્યકરો રહી જવા પામ્યા અને પોતાના સ્વાર્થ સાધવા માટે મતદારો ને નહિ પણ પોતાને ગમતા ઉમદેવારો મેં ટીકીટ આપી છે ત્યારે ભાજપ ને આગામી સમય માં ભોગવવું પડે તેવી શકયતા નકારી શકાતી નથી.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી પણ બગાવતના માર્ગે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને બનાસકાંઠા ક્ષત્રિય ઠાકોરસેનાના પ્રમુખ મેલાજી ઠાકોરે જણાવ્યું હતુ કે, મે જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો ઉપર ટીકીટની માંગણી કરી હતી. જેમાં આખરે જલોત્રા બેઠક ઉપર ટિકીટ આપવાનું વચન અપાયું હતુ. જોકે, અંતિમ સમયે મારી સાથે વિશ્વાસઘાત કરી અન્ય ઉમેદવારને ટિકીટ અપાઈ છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં ઠાકોર સેનાના કારણે કોંગ્રેસને જીત મળી છે. જોકે, તાલુકા- જિલ્લા પંચાયતની ચૂંટણી વખતે કોંગ્રેસ આડી ફાટી હોવાથી મહામંત્રી પદેથી રાજીનામુ આપી અપક્ષ તરીકે ઝંપલાવી તેમજ અન્ય ઠાકોર ઉમેદવારોને પણ અપક્ષ ઉભા રાખી કોંગ્રેસની સાન ઠેકાણે લાવીશું તેવી ચીમકી ઉચ્ચારી હતી.

### વડગામ કોંગ્રેસ પ્રમુખ ઉપર હૂમલો

વડગામ તાલુકામાં પણ જિલ્લા પંચાયતની અને તાલુકા પંચાયતની બેઠકો ઉપર મેન્ડેટને લઈ ઉમેદવારોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. દરમિયાન, વડગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને પ્રદેશ મહામંત્રી હબીબભાઈ એવરા બપોરના સુમારે વડગામ બસસ્ટેન્ડ નજીક ગાડીમાં પસાર થઈ રહ્યા હતા. ત્યારે કોંગ્રેસના નારાજ કાર્યકરોએ તેમને ઘેરી લીધા હતા. અને હૂમલો કરી દીધો હતો. આથી હબીબભાઈ પોતાનો જીવ બચાવી નજીક આવેલા પોલીસ મથકમાં દોડી ગયા હતા. જોકે, મોડી સાંજ સુધી આ અંગે કોઈ ફરિયાદ નોધાવા પામી નથી.

### લેતીદેતીનો ઓડિયો વાયરલ

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી માં ટિકિટ ફાળવણીના મુદ્દે કોંગ્રેસમાં ભૂકંપ સર્જાયો છે. ટિકિટ ફાળવણીમાં લેતીદેતીના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ પર સંગીન આક્ષેપ થયો છે. જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણીમાં ટિકિટની ફાળવણીને લઈ નાણાંનો વ્યવહાર થયો હોવાનો ઓડિયો વાઈરલ થયો છે. જેમાં ટિકિટ માટે રૂ.૪ લાખની માંગણી કરાઈ હોવાનો આક્ષેપ થયો છે.કોંગ્રેસના કિસાન મજદૂર સેલના ઉપપ્રમુખ કરેણ ફતાભાઈએ ટિકિટ માટે ૨૫ હજાર આપ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. વડગામની વણસોલ તાલુકા પંચાયત સીટ માટે વ્યવહાર થયો હતો. ત્યારે નાણાં આપવા છતાં ટિકિટ ન મળતા પૈસા પરત માંગતા મામલો સામે આવ્યો હતો. ત્યારે જિલ્લા કોંગ્રેસ પ્રમુખને સસ્પેન્ડ કરવાની માંગએ જોર પકડ્યું છે.

### મેન્ડેટ ન મળતાં બાગી ઉમેદવારો બળવાના મુડમાં:કોંગ્રેસને ભારે નુકસાનના એંધાણ

## દાંતા તાલુકાનાં રતનપુર વિસ્તારમાં રિવોલ્વોરની અણીએ તબીબ મહીલાનું અપહરણ





### પોલીસે ગણતરીના કલાકોમાં બંને આરોપીને ઝડપ્યા

(પ્રતિ.) દાંતા

દાંતા તાલુકાનાં રતનપુર વિસ્તારમાં રિવોલ્વોરની અણીએ એક તબીબ મહીલાનું અપહરણ કરાતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. રતનપુર હાઈવે પર આવેલાં અસ્લીફા ડેન્ટર ક્લીનીક ચલાવતી મહીલા ડૉક્ટર જે પોતે પોતાનો ક્લીનીક સાંજનાં સમય બંધ કરી પોતાના ઘર તરફ પરત ફરી રહી હતી. ત્યારે કેટલાંક અજાણ્યા સખ્સો એક સિફ્ટ કાર લઈ આવી આ તબીબ મહીલાને બળજબરી પુર્વક કારમાં ઉપાડીને નાખી અપહરણ કરી ફરાર થઈ ગયા હતા ને જેની જાણ વાયુ વેગે ફેલાતાં ગામનાં લોકો ગાડીનો પિછો કરેલ અને અપહરણ કરી ગાડી ભાગી હતી તે માર્ગનાં આગળનાં ગામે પણ આ હકીકતની જાણ કરાતાં ગ્રામજનો એ રસ્તો રોકી મહીલાનુ અપહરણ કરી ભાગતી સિફ્ટ કારને રોકી પાડેલ અને અંદર જોતા એક મહીલા બચાવવાની બુમો પાડતાં દુલાણા ગ્રામજનોએ આ મહીલાને કારમાંથી બહાર નિકાળી હતી જોકે અપહરણ કરતાંએ પોતાની રિવોલ્વોર માંથી હવામાં ગોળીબાર કરતાં ગ્રામજનો માં ડર ફેલાયો હતો ને સમય સુચકતાં લઈ કારમાં બેઠેલાં બે આરોપીઓ ભાગી છુટ્યા હતા. જ્યારે પોલીસે બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતાં મળી હતી. જે પકડાયેલાં આરોપીઓ મુસ્તુફા ડફેર અને મહેબુબખાનની ધરપકડ કરી ફરાર થયેલાં રીયાસખાન મોગલ અને ગુલામ ડફેર નામનાં બન્ને આરોપીઓની પોલીસ શોધખોળ કરી રહી છે.

सरस्वती होस्पिटल - धानेरा
द्वारा आयोजित
हड्डी रोग जांच एवं परामर्श शिबिर
हर महिने के दुसरे और चौथे रविवार
ता.११/०२/२०१८ और २५/०२/२०१८
समय : दोपहर १२ से ४ बजे
हड्डीयों की सभी तरह के ईलाज एवं ओपरेशन
अहमदाबाद के सुप्रसिध्ध हड्डीयों के सर्जन डोक्टर द्वारा
डो.विशाल देसाई | डो.ओलिक वोहरा | डो.मौलिक दलाल
शिबिर में निम्न सुविधाऐ
परामर्श शुल्क रु. 200/-
• (AVN HIP) घुटने और कुल्हे की गादी को दूरबीन से ओपरेशन
दर्द अनेक उपाय एक, दौडे जिन्दगी बिना दर्द के ॥
सरस्वती होस्पिटल
हाईवे रोड, धानेरा, बनासकांठा - 385310 (उत्तर गुजरात)

**સૂર્યોદય - ૭.૧૮ સૂર્યાસ્ત - ૬.૩૧**

## તિથિદર્શન

મહા વદ-૯ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા વદ :નોમ શુક્રવાર નક્ષત્રઃ અનુરાધા સાંજે ૪.૫૫ પછી જયેષ્ઠા યોગ : ધ્રુવ કરણ :વણીજ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### ધનધાન્ય પ્રયોગેષુ વિદ્યા સંગ્રહણેષુ ચ આહારે વ્યવહારે ચ ત્યક્ત લજ્જઃ સુખી ભવેત

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ સામાન્ય નીતિ' નો આ શ્લોક શરમ- સંકોચ- દબાણ -ડર વિના પોતાને જે વાત સત્ય માફક- વ્યવહારુ લાગતી હોય તે નીડરપણે- નિખાલસ રીતે શરમ-લાજ છોડીને કહી દેવા બાબત સૂચના આપે છે.

‘‘પૈસા, આર્થિક વ્યવહારની લેવડ-દેવડમાં વિદ્યા સાચવી, ગુપ્ત રાખવામાં કે તેનો સંગ્રહ કરવામાં અને ખાવા- પીવાની બાબતમાં પોતાના શરીર- કોઠા- પાચનશક્તિ કે સ્વાદવૃત્તિને જો અનુકૂળ ન હોય તો સ્પષ્ટ થઈ જવામાં કે કોઈ યજમાનની મહેમાનીમાં ગયા હોઈએ ત્યાં લજ્જા-શરમનો ત્યાગ કરી વિનય- વિવેક સાથે સ્પષ્ટ થઈ જવું વધારે સારું. આવી સ્પષ્ટતા વર્તનાર- સ્પષ્ટ વક્તા જ સુખી થાય છે.’

નવી નવી પરિણીતા સાસરે ગઈ હોય, કોઈ ધનાઢ્ય મિત્રને ત્યાં, પ્રથમ વખત જવાનું થયું હોય, પંચતારક હોટેલમાં- ક્યારેક જવાનું થયું હોય, સાસરી પક્ષમાં કે કોઈ અધિકારીને ત્યાં જમવા જવાનું થાય ત્યારે ન ભાવતી, પોતાની પ્રવૃત્તિથી સહ્ય ન હોય છતાં અમુક વાનગી પરાણે- અનિચ્છાએ શરમમાં ખાઈ ન લેતાં ‘સ્પષ્ટ’ ના પાડતાં શીખવું જોઈએ.

એવી રીતે મિત્રો- સગાં- સંબંધીઓ સાથે જો સંબંધ સાચવી રાખવા હોય તો આર્થિક વ્યવહાર- લેતી- દેતીમાં સ્પષ્ટ વક્તા રહેવું જોઈએ. નહીંતર, શરમમાં શારીરિક અને માનસિક યાતના ભોગવી દુઃખી થવું પડે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.**

**વૃષભ : (બ.વ.ઉ.)મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.**

**મિથુન : (ક.છ.ઘ.)કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.**

**કર્ક : (ડ.હ.) માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.**

**સિંહ : (મ.ટ.)સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.)ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.**

**તુલા : (ર.ત.) પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.**

**વૃશ્ચિક : (ન.ય.)બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.**

**ધન : (ભ.ફ.ધ.) માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃદ્ધિ થાય.**

**મકર : (ખ.જ.) મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.**

**કુંભ : (ગ.શ.સ.) વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.**

**મીન : (દ.ચ.જ.થ.)સંપત્તિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.**

## અવસાન નોંધ

ડીસા

ડીસાના પત્રકાર હસુભાઈ પૂજારાના દિયોદર તાલુકાના વડીયા ગામે રહેતા કાકી સવિતાબેન મફતલાલ ઠક્કરનું ટુંકી માંદગી બાદ તા. ૬-૨-૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ માયાળુ અને મિલનસાર સ્વભાવના તથા ધાર્મિકતાવાળા હતા. ભગવાન તેમની આત્માને પરમ શાંતિ અર્પે. સદગતનું બેસણુ તા. ૯/૨/૨૦૧૮ ને શુક્રવારના રોજ દિયોદર દેશી લોહાણા વાડી ખાતે રાખેલ છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા સબૂર.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૯.૦૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નવી તેજી સંદર્ભે નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!**

**તા. ૦૮.૦૨.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૭૨ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૩૩ પોઈન્ટ થી ૧૦૫૧૭ પોઈન્ટ, ૧૦૫૦૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૮.૦૨.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૯૮૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૦૯૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૧૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૯૧૯ પોઈન્ટ થી ૨૫૮૮૦ પોઈન્ટ, ૨૫૮૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૭૦) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૩૦ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૮૩ થી રૂ.૧૬૯૦નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૯૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**એશિયન પેઈન્ટ્સ (૧૧૨૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૦૯ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૯૬ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૪૪ થી રૂ.૧૧૫૦નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**બાટા ઇન્ડિયા (૭૧૫) :- રૂ.૬૯૩ નો પ્રથમ તેમજ રૂ.૬૮૬ ના બીજા સપોટ- 'થી ફૂટવેર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૩૩ થી રૂ.૭૪૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**બાયોકોન લિમિટેડ (૬૧૬) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૨૬ થી રૂ.૬૩૬ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૭૪) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૬૦ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાઇનાન્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૮૮ થી રૂ.૪૯૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ડો.huœe (૨૧૮૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૨૦૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૧૬૩ થી રૂ.૨૧૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૨૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**HDFC બેન્ક (૧૮૮૧) :- રૂ.૧૮૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૯૦૯ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૮૭૩ થી રૂ.૧૮૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૯૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**લાર્સન લિમિટેડ (૧૩૪૬) :- કન્સ્ટ્રક્શન સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૬૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૩૬ થી રૂ.૧૩૨૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**કોટક બેન્ક (૧૦૫૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૧૦૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૦૩૭ થી રૂ.૧૦૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૮૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ડીવીસ લેબ (૧૦૩૦) :- રૂ.૧૦૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૦૧૭ થી રૂ.૧૦૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૦૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## પાલિતાણાના મેવાડ ભવનમાં દીક્ષા કલ્યાણકની ઉજવણી

### દીક્ષા લીધા વિના કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી : આ.ગુણરત્નસુરી

સુરત

મેવાડ ભવનમાં મેવાડ જૈન શ્વેતા- 'બર ટ્રસ્ટ દ્વારા આયોજીત અંજનશલાકા પ્રતિષ્ઠા મહા મહોત્સવના આઠમા દિવસે પ.પૂ.આ.શ્રી ગુણરત્ન સૂરી મ.સા., આ.શ્રી રવિશેખર સૂરી મ.સા., આ.શ્રી રશ્મીરત્નસૂરી મ.સા., આ. શ્રી મુક્તિવલ્લભસૂરી મ.સા., આ.શ્રી જીનેશરત્ન સૂરી મ.સા.,આ.શ્રી મુનીશરત્ન સૂરી મ.સા.આદિ શતાધિક સાધુ સાધ્વીજી ભગવંતોની શુભનિશ્રામાં શ્રી વાસુપુજ્ય સ્વામી ભગવાનનો દીક્ષાનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો. વરઘોડામાં હાથી, બેંડ, બગી, શહનાઈ, પંજાબી બેંડ, કાઠીયાવાડી વિગેરે અનેક મંડળીઓ સામેલ હતી.

વરઘોડો મેવાડ ભવનથી શરૂ થઈ સાંચોરી ભુવન થઈ તળેટી રોડથી ચંપાનગરી મંડપમાં ઉતર્યો. ત્યાં વાસુપુજ્ય સ્વામીના દીક્ષા કલ્યાણકની ઉજવણી સંગીત સમ્રાટ વિનીત ગેમાવતે ખુબ જ સંવેદનાત્મક રીતે કરાવી. આ.ભ.શ્રીએ પ્રભુનો લોચ કર્યો, કરેમિ ભંતેનું પચ્ચક્ખાણ ઉચ્ચરાવી પ્રભુ સંયમી બન્યા. બપોરે ૩ કલાકે બહેનોની સાંજીનો પ્રોગ્રામ ખુબ ઉલ્લાસ પુર્વક પૂર્ણ થયો.

રાત્રે પ્રભુનું અંજન વિધાન પ્રાણ પ્રતિષ્ઠા થયું તથા તા.૭ મી ના સવારે ૭ કલાકે પ્રભુની પ્રતિષ્ઠાની મંગલ વિધિનો પ્રારંભ થશે. મેવાડ કેસરી પૂ.આ. હિમાચલસૂરી મ.સા., મેવાડ દેશોદ્ધારક પૂ.આ. શ્રી જીતેન્દ્રસુરી.મ.સા.ની ગુરુમૂર્તિ તથા માણીભદ્રજી ભૈરવજી દેવની પ્રતિષ્ઠા પણ સાથે થશે. સાંજે ગુરૂભગવંતોનો વિહાર થયો.

## ડીસામાં રઘુવંશી લોહાણા સમાજના આગેવાનોનું સ્વાગત

ડીસા

રાજકોટ રઘુવંશી લોહાણા સમાજના આગેવાનો તા. ૭/૨/૨૦૧૮ ને બુધવારે એક સામાજીક શુભ અવસરે ડીસા ખાતે પધારતાં અશોકભાઈ કેવળરામ કોટક પરિવાર દ્વારા રાજપથ પાર્ટી પ્લોટ ખાતે ખરા દિલથી આદરપૂર્વક સ્વાગત કરાયું હતું. રાજકોટ રઘુવંશી લોહાણા સમાજના પ્રતાપભાઈ કોટક, મેહુલભાઈ નથવાણી, મયંકભાઈ પાઉં, રાજેશભાઈ પોપટ, વિપુલભાઈ મણિયાર, કલ્પેશભાઈ બગડાઈ, ઉમેશભાઈ સેદાણી સહિતના આગેવાનો ડીસા પધારતાં રઘુવંશી સમાજના સૌ આગેવાનોએ પ્રેમપૂર્વક સૌને આવકાર્યા હતા.

રાજકોટના અગ્રણી પ્રતાપભાઈ કોટકે શિક્ષણ, સંગઠન, જાહેર જીવન અને સરકારી લાભકારી યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ડીસા રઘુવંશી લોહાણા સમાજના ભગવાનભાઈ બંધુ, કનુભાઈ આચાર્ય, શંકરભાઈ કતીરા, નિલેષભાઈ કતીરા, નિલેષભાઈ ઠક્કર, રજનીભાઈ કુવરવાળા, બાબુભાઈ પ્રાઈમવાળા, દિનેશભાઈ દીપવાળા, અતુલભાઈ એસ.ઠક્કર, મહેશભાઈ ઉદેચા, આનંદભાઈ પી.ઠક્કર, અશોકભાઈ ઝાબડિયાવાળા, અમૃતભાઈ કક્કડ, સુરેશભાઈ આર.કોટક, ડૉ.અરવિંદભાઈ કતીરા સહિત સૌએ રાજકોટના આગેવાનો સાથે વિસ્તારપૂર્વક ચર્ચા કરી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે સાથે સાથે સંગઠનની ભાવના પણ કેળવાય તે માટે વિગતે વાત કરી હતી. રાજકોટના સૌ આગેવાનોએ સમય સાથે તાલ મિલાવી સમાજને જાગૃત કરવા અને સૌ સાથે બેસીને સમાજહિતના અને સમાજ સુરક્ષાના કાર્યો કરે તે માટે અનુરોધ કર્યો હતો. રાજકોટના સૌ આગેવાનોએ પણ ડીસાની ખુબ જ ટુંકી પણ જરૂરી મુલાકાતથી ખુબ જ આનંદ, ગૌરવ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. આગામી દિવસોમાં સમગ્ર ઉત્તર ગુજરાતના આગેવાનોની એક મીટીંગ ગોઠવવાનું અને તેમાં પણ રાજકોટના આગેવાનોએ પધારવાનું વચન આપ્યું હતું.

## કાકર ધામે ધાણધારા પરિવારનું સ્નેહમિલન - હવન યોજાયો



કનુભાઈ પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

દશાશ્રીમાળી બેતાલીસી જૈન સમાજના ધાણધારા પરિવારનો પરંપરાગત હવન કાકર નગરે યોજાયો હતો. જેનો સંપૂર્ણ લાભ ધાણધારા પરિવારના શ્રીમતી ડાહીબેન દેવસીચંદ જગસીંચદ ધારણધારા હ.જસવંતલાલ દેવસીચંદભાઈ હ. સંજય અને દિક્ષિતભાઈ પરિવારને મળ્યો હતો. સમગ્ર પરિવારે સમોરમાતાજીનો અભિષેક- પક્ષાલ પૂજા - શણગાર ખુબ જ ભાવથી કર્યા હતા. ત્યારબાદ શુભ મુહુર્તે યજ્ઞમંડપમાં હવન શરૂ થયો હતો. જેમાં લાભાર્થી પરિવારના તમામ સભ્યો એ ઉત્સાહથી લાભ લીધો હતો. હવનનું વિધિવિધાન રમેશભાઈ જોષીએ કર્યુ હતું. ત્યારબાદ પરિવારની મીટીંગમાં કુટુંબના તેજસ્વી બાળકો અને લાભાર્થી પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચા- પાણી તથા ભોજનનો લાભ પણ ડાહીબેન દેવસીચંદ પરિવારે લીધો હતો. આજ પરિવારે માતાજીને ધજા ચઢાવી હતી. પરિવાર તરફથી હવનમાં પધારેલ પરિણીત દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજારીજી, કાર્યાલય સ્ટાફ તથા તમામ સ્ટાફ તરફથી સુંદર સહકાર મળ્યો હતો. ૨૦૭૫ નો હવન ધાણધારા રમેશકુમાર ચીમનલાલ સુરત પરિવાર તરફથી યોજાશે. આજના સમગ્ર કાર્યક્રમમાં પરિવારના દરેક સભ્યોએ ઉત્સાહથી લાભ લીધો હતો.

## હિન્દવાણી રાજપૂત સમાજના મોભીનું અવસાન

તા.પ્રતિ. ભાભર

સમસ્ત હિન્દવાણી રાજપૂત સમાજના મોભી અને ગૌભક્ત રાજપૂત ભીખાભાઈ ભુદરભાઈના અકાળે અવસાનથી સમગ્ર રાજપૂત સમાજ તેમજ નોખા ગામમાં શોકની લાગણી છવાઈ છે સદગત માયાળુ સ્વભાવના તેમજ સૌ સમાજને સાથી રાખવાની ભાવના વાળા તેમજ ધાર્મિક કાર્ય સાથે સંકળાયેલ હતા. સાદગી પોતાના પરિવારમાં ચાર પુત્રી તેમજ એક પુત્રીને વિલાપ કરતા છોડી ચાલ્યા ગયા છે ભગવાન તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

## મુંબઈથી દિલ્હી ૧૨ કલાકમાં પહોંચાશે : ટ્રેનોની ગતિ વધશે

અમદાવાદ

મુંબઈ અને દિલ્હી વાયા અમદાવાદ વચ્ચે પ્રવાસનો સમય હાલમાં ૧૬ કલાકનો છે જે ટૂંક સમયમાં જ ઘટીને ૧૨ કલાક થઈ જશે. વર્ષ ૨૦૧૮-૧૯ માટેના બજેટમાં કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી હતી. બજેટમાં અભ્યાસ કર્યા બાદ આ વિગત હવે સપાટી ઉપર આવી છે. ટૂંક સમયમાં જ મુંબઈ- વડોદરા-અમદાવાદ-દિલ્હી રુટ પર દોડતી ટ્રેનોની ગતિ ૧૬૦ કિલોમીટર પ્રતિકલાકથી વધારીને ૨૦૦ કિલોમીટર પ્રતિકલાક કરી દેવામાં આવશે. આની સાથે જ ૧૪૫૦ કિલોમીટરની આસપાસનો પ્રવાસ સમય ઘટીને ૧૨ કલાકનો થઈ જશે. હાલમાં વાયા રતલામ અને કોટા મારફતે દિલ્હી જવામાં સમય ૧૬ કલાકનો લાગે છે. અધિકારીઓનું કહેવું છે કે, મુંબઈ અને અમદાવાદ વચ્ચે શતાબ્દી ટ્રેનમાં પ્રવાસનો સમય આશરે બે કલાક ઘટી જશે. હાલમાં વધારે સમય લાગે છે. દિલ્હી અને અમદાવાદ વચ્ચે પ્રવાસ સમય ઘટવા માટે કેટલાક કારણો રહેલા છે. રાજધાની હાલમાં દિલ્હી પહોંચવામાં ૧૪ કલાકનો સમય લે છે પરંતુ હવે તેમાં પણ ઓછો સમય લાગશે. બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, સરકારે મુંબઈ-દિલ્હી રેલવે રુટ ઉપર દોડતી ટ્રેનોની ગતિને વધારવા માટે ૧૧૧૮૮ કરોડ રૂપિયાની ફાળવણી કરી રહી છે. અમદાવાદ-મુંબઈ રુટ ડબલ ટ્રેકમાં છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે હાલમાં જ આ અંગેની વિસ્તૃત માહિતી આપ્યા બાદ ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે સારા સમાચાર છે. એવું પણ જાણવા મળ્યું છે કે, રેલવે દ્વારા પહેલા અમદાવાદ-દિલ્હી ટ્રેકના વિજળીકરણને મંજુરી આપી હતી.

## આફ્રિકા પર ભારતની ત્રીજી વનડેમાં ૧૨૪ રને જીત

કેપટાઉન

કેપટાઉન ખાતે રમાયેલી છ વનડે મેચોની શ્રેણીની ત્રીજી મેચમાં ભારતે આફ્રિકા પર ૧૨૪ રને ભવ્ય જીત મેળવી હતી. આની સાથે જ વનડે શ્રેણીમાં ૩-૦ની નિર્ણાયક લીડ મેળવ લીધી હતી. વિરાટ કોહલીએ ફરી એકવાર વિરાટ બેટિંગ કરીને શાનદાર ૧૬૦ રન ફટકાર્યા હતા. ત્યારબાદ કુલદીપ યાદવ અને યુજવેન્દ્ર ચહલે જોરદાર બોલિંગ કરીને પોતાની ટીમને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૦૩ રનનો જુમલો ખડક્યો હતો. ત્યારબાદ આફ્રિકાની ટીમ ૪૦ ઓવરમાં ૧૭૯ રન કરીને આઉટ થઇ ગઇ હતી. ચહેલે ૪૬ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. કુલદીપે ૨૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. વિરાટ કોહલીએ ૧૫૯ બોલમાં ૧૨ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૬૦ રનની ઈનિંગ્સ રમી હતી. શિખર ધવને ૭૬ રન કર્યા હતા. બીજી વિકેટની ભાગીદારીમાં આ બન્નેએ ૧૪૦ રન ઉમેર્યા હતા. ભુવનેશ્વર સાથે વિરાટે સાતમી વિકેટની ભાગીદારીમાં ૭ ઓવરમાં ૬૭ રનમ બનાવ્યા હતા. આફ્રિકાની સામે તેની જમીન પર ૨નની દ્રષ્ટિએ આ સૌથી મોટી જીત છે. અત્રે નોંધનીય છે કે, ચોથી ફેબ્રુઆરીના દિવસે સેન્ચુરિયન ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને કચડી નાંખીને શાનદાર જીત મેળવી હતી. આફ્રિકાની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી ન હતી અને ૩૨.૨ ઓવરમાં જ માત્ર ૧૧૮ રનમાં પેવેલિયન ભેગી થઈ હતી. જવાબમાં ભારતીય ટીમે જોરદાર બેટિંગ કરીને ૨૦.૩ ઓવરમાં જ ચેમ્પિયનની જેમ બેટિંગ કરતા એક વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. શિખર ધવન ૫૬ બોલમાં નવ ચોગ્ગા સાથે ૫૧ રન બનાવીને અણનમ રહ્યો હતો જયારે વિરાટ કોહલી ૫૦ બોલમાં ૪૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. પ્રથમ વિકેટ ભારતે ૨૬ રને ગુમાવી દીધી બાદ બીજી કોઇ વિકેટ પડી ન હતી. મેન ઓફ દ મેચ તરીકે યુજવેન્દ્ર ચહેલની પસંદગી કરવામાં આવી હતી.

## આકોલી પ્રા.શાળાના મહિલા આચાર્યનું યુવા રાજપૂત સંઘ દ્વારા સન્માન



સજ્જનસિંહ સોલંકી

પ્રતિ. કંબોઈ

પાટણ ના.૧૨૭૨ મા. સ્થાપના દિન પ્રસંગે કાંકરેજના આકોલી પે કેન્દ્ર શાળામાં આચાર્ય તરીકે સેવાઓ આપતા. રાજપૂત સમાજમાં બિન્દુબા નરેન્દ્રસિંહ વાઘેલાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાંકરેજ તાલુકાના થરાના વતની અને આકોલી પે.કેન્દ્ર શાળામાં સેવા આપતા. બિન્દુબા, વાઘેલાનું અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## ડીસા કોલેજમાં ‘નો વેહિકલ ડે’ અને ગ્રીન ડે ઉજવાયો

ડીસા

‘ગ્રીન ડે’ અને નો વ્હીકલ ડે બંન્ને દિવસ સૂચક છે દિન પ્રતિદિન આપણે અને દુનિયા આખી ગ્લોબલ વોર્મિંગના ભરડામાં આવી રહી છે આને માટે જવાબદારી માણસની પ્રગતિ કે વિકાસ જ છે ટેકનોલોજીના તથા યાંત્રિકી કરણના કારણે આપણે પૃથ્વીને એવી બનાવી દીધી છે કે આવતા વર્ષોમાં આ પુથ્વી પર માનવજીવન માટે બહુ મોટો પ્રશ્નાર્થ બનશે ? ગ્લોબલ વાર્મિંગ જો બે ડિગ્રી સેલ્સિયસ પણ વધશે તો ૨૫ ટકા વિશ્વ રણ બની જશે.

ઉપરોક્ત સંદર્ભમાં વૃક્ષો પ્રત્યેની લાગણી વધે અને પ્રકૃતિ માનવજીવન માટે કેટલી જરૂરી છે તેવી સમજ આવે એને માટે ‘ગ્રીન ડે’ ઉજવાયો વિદ્યાર્થીઓ પ્રતી- કાત્મક રીતે લીલા વસ્ત્રો ધારણ કરીને આવ્યા અને બેનરો દ્વારા સ્લોગન અને વિવિધ રીતે પોતાની વાત રજુ કરવા પોસ્ટર્સ બનાવીને ફર્યા.

છેલ્લા ત્રણ વર્ષથી નો વેહિકલ ‘ડે’ પણ ઉજવાય છે આ બંન્ને કાર્યક્રમનું આયોજન પ્રો.વંદનાબેન સિસોદિયાએ કર્યુ હતું. પ્રિ.એ.પી.પટેલ, નિયામક છગનભાઈ તેમજ ડૉ.નવીનકાકા એ Back to Nature માણસે થવું જ પડશે એમ કહી પ્રકૃતિ અને વૃક્ષોની માહિતી આપી હતી.

## બાંગ્લા.ના ભૂતપૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાને ૫ વર્ષની સજા

ઢાકા

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને વિપક્ષના નેતા ખાલીદા ઝિયાને ભ્રષ્ટાચારના એક કેસમાં દોષિત જાહેર કરવામાં આવ્યા છે. કોર્ટે તેમને પાંચ વર્ષની સજા ફટકારી દીધી છે. ૭૨ વર્ષના ઝિયાને આ સજા ખાસ અદાલત દ્વારા ફટકારવામાં આવી છે. ખાલિદા ઝિયા ઉપર દોઢ કરોડ ૬૧ હજાર રૂપિયાની ઉચાપતનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. આ પૈસા ઝિયા અનાથાલય ટ્રસ્ટ માટે વિદેશમાંથી આવેલી રકમ હોવાની જાણવા મળ્યું છે. આ કેસમાં ઝિયાના પુત્ર તારિક રહેમાન અને અન્યોને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી છે. ખાલિદા ઝિયાએ ૩૦મી નવેમ્બર ૨૦૧૪ના દિવસે પોતાના ઉપર મુકવામાં આવેલા આક્ષેપોને પડકાર ફેંકીને અરજી દાખલ કરી હતી પરંતુ કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી. આ પહેલા હાઈકોર્ટે નિચલી કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. નિચલી કોર્ટે ૧૯મી માર્ચ ૨૦૧૪ના દિવસે પોતાના આદેશમાં ખાલિદા ઝિયાને ભ્રષ્ટાચારના બે મામલામાં દોષિત ઠેરવ્યા હતા. આ આરોપ ભ્રષ્ટાચાર અટકાયત પંચ દ્વારા મુકવામાં આવ્યા હતા. એવા આક્ષેપ કરાયા હતા કે ઝિયા અનાથાલય ટ્રસ્ટ અને ઝિયા ચેરિટેબલ ટ્રસ્ટ માત્ર કાગળ ઉપર છે. ખાલિદાના શાસનકાળમાં તેમના નામ ઉપર મોટી રકમની ગેરરીતિ આચરવામાં આવી હતી. તમામ લોકો જાણે છે કે, ખાલિદા ઝિયા ૨૦૦૧થી ૨૦૦૬ દરમિયાન બાંગ્લાદેશના વડાપ્રધાન રહ્યા હતા. ખાલિદા ઝિયાને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવ્યા બાદ તેમના સમર્થકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ચુકાદા સામે અપીલ કરવાની પણ તૈયારી તેમની પાર્ટીએ દર્શાવી છે.

## ઓક્સો-બાયોડીગ્રેડેબલ એડિટિવ્ઝની શરૂઆત કરાઈ

અમદાવાદ

વિશ્વની પ્લાસ્ટિક એડિટિવ્ઝની વધતી જતી માંગને પહોંચી વળવા દેશની ફરીદાબાદની કંપની એચપીએલ એડિટિવ્ઝ લિમિટેડ દ્વારા કેનેડાની કંપની સાથે ઓક્સો- બાયોડીગ્રેડેબલ એડિટિવ્ઝનું ભારતમાં ઉત્પાદન કરવા કરાર કરવામાં આવ્યા છે. આ સાથે જ એચપીએલ ઓક્સો- બાયોડીગ્રેડેબલ એડિટિવ્ઝનું એકમાત્ર લાયસન્સધારક અને ઉત્પાદક બની રહેશે. પ્લાસ્ટિક એડિટિવ્ઝની માંગને પહોંચી વળવા વૈશ્વિક સ્તરની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ ભવિષ્યમાં ગુ- જરાતમાં સ્થાપવા માટે હવે કંપની આતુર છે. આ સાથે જ વર્ષ ૨૦૨૦ સુધીમાં ટર્નઓવર બમણું કરવાનું એચપીએલ એડિટિવ્ઝનું આયોજન કરી રહ્યું છે એમ અત્રે એચપીએલ એડિટિવ્ઝના જોઈન્ટ મેનેજીંગ ડિરેકટ ઉમેશ આનંદે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એચપીએલ એડિટિવ્ઝ લિમિટેડ એ ભારતની પોલિમર એડિટિવ્ઝ અને સ્પેશ્યાલિટી કેમીકલ ઉદ્યોગમાં મહત્તમ બજાર હિસ્સો ધરાવતી કંપની છે. એચપીએની સ્થાપના મેક ઈન ઈન્ડિયાની ભાવનાથી કરવામાં આવી હતી. એચપીએલ તેના વર્તમાન પ્રોડકટ પોર્ટફોલિયો અનુસાર નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરે એકમો હસ્તગત કરવા આક્રમક શોધ ચલાવી રહી છે. લોજીસ્ટીક સરસાઈ અને સાનુકૂળ વાતાવરણને લઈ એચપીએલ હવે પછીનું તેનુ ઉત્પાદન એકમ ગુજરાત રાજયમાં સ્થાપવા આત- ુર છે. એચપીએલ દ્વારા કેનેડાની કંપની ઈપીઆઈ સાથે હાઈગ્રીની ઓબા બ્રાન્ડનેમ હેઠળ ઓક્સો- બાયોડીગ્રેડેબલ એડિટિવ્ઝનું ભારતમાં ઉત્પાદન કરવા માટેના કરાર કરતાં હવે તે ભારતમાં ઓક્સો બાયોડીગ્રેડેબલ એડિટિવ્ઝનું એક માત્ર લાયન્સધારક અને ઉત્પાદક બની રહેશે. હાઈગ્રીન ઓબાનો વિશ્વસ્તરનો પ્લાન્ટ વર્ષ ૨૦૧૭માં કાર્યરત કરવામાં આવ્યો છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, દેશના ભવિષ્યના પર્યાવરણ માટે હાઈગ્રીન ઓબાને આશીર્વાદરૂપ મનાય છે કારણ તે, તે દેશને નડતરરૂપ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટની સમસ્યાનું નિરાકરણ કરે છે.

# વાવની ટડાવ જિ.પંચાયત બેઠકમાં મહીલા કોંગ્રેસ ઉમેદવારે ફોર્મ ભર્યુ


વિષ્ણુ પરમાર

તા પ્રતિ. વાવ

વાવ તાલુકાની ચાર જિ.પંચાયત બેઠકો પૈકીની ટડાવ જિ.પંચાયત નવી બેઠક બની છે. જે બેઠક અનુ.જાતિ સ્ત્રીના ફાળે ગઈ છે અતિ મહત્વની ગણાતી આ બેઠકના તાબા હેઠળ ટડાવ, ચોટીલ, કારેલી, માવસરી, જોરડીયાળી, દૈયપ-એમ.૬ તાલુકા પંચાયતોની સીટો ફાળવાઈ છે. અંદાજે ત્રીસ હજાર મતો ધરાવતી આ બેઠક ઉપર દલિત સમાજ ઈતર સમાજનું આગવું પ્રભુત્વ છે. ટડાવ જિ.પંચાયત બેઠક ઉપર કોંગ્રેસના મહીલા ઉમેદવાર લવગાંબેન હીરાભાઈ પંડ્યા (રહે.ચોટીલા, તા.વાવ) એ પોતાનું ઉમેદવારી ફોર્મ રજુ કર્યું હતું. લવગાંબેન પંડ્યાએ ૨૦૦૧ થી ૨૦૦૫ સુધી સરપંચ પદે ઉમદા સેવા આપી ચૂક્યા છે. તેમના દિકરા રવજીભાઈ હીરાભાઈ પંડ્યા કોન્ટ્રાક્ટરના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને સરહદી પંથકમાં દલિત સમાજ, ઈતર સમાજ, પંડ્યા સમાજમાં આગવું પ્રભુત્વ ધરાવે છે. જેઓ વર્ષોથી કોંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલ છે. મહીલા કોંગ્રેસ ઉમેદવાર લવગાંબેન પંડ્યા પણ આગવું પ્રભુત્વ ધરાવે છે. મહીલા મતદારોમાં તેમની આગવી ઓળખ છે ઉમેદવારી ફોર્મ રજુ કરતી વખતે દરેક સમાજના સમર્થક મિત્રો હાજર રહ્યા હતા.

# થરાદમાં તા.પં.માં ૧૧૧ જિ.પં.માં ૨૪ ફોર્મ ભરાયા

પ્રતિ. થરાદ

સરહદી થરાદ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈને ગઈકાલે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ઉમેદવારોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો.

થરાદ તાલુકામાં તાલુકા પંચાયતની કુલ ૩૦ બેઠકો આવેલી છે. જેમાં કોંગ્રેસ-ભાજપ સહીત અપક્ષ મળી કુલ ૧૧૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાને જિલ્લા પંચાયતની ૬ સીટો પર કુલ ૨૪ ફોર્મ ભરાયા હતા. છેલ્લા દિવસે ફોર્મ ભરવા ઉમેદવારોએ ઘસારો કરી દેતા તાલુકા મથક લોકોથી ઉભરાઈ ઉઠ્યું હતું.

# બનાસ ડેરી દ્વારા પશુઓમાં થતા ચકરી રોગ વિષે ખેડૂતોમાં જાગૃતિના પ્રયાસ

પાલનપુર

બનાસકાંઠામાં રોજગારી માટે મુખ્યત્વે પશુપાલનનો વ્યવસાય છે. હવામાનમાં અચાનક ફેરફાર થવાના લીધે નાના મોટા પશુઓમાં રોગો થતા હોય છે. તાજેતરમાં વડગામ તાલુકાના સમશેરપુરા તથા છનીયાણા ગામની આસપાસ ખરવા મોવાસા, ગળસુંઢા તથા ચકરીનો રોગ થવાના લીધે ૧૦ થી ૧૫ મૂલ્યવાન પશુઓ મરણ પામ્યા હતા. ખરવા મોવાસ રોગ વિરોધી રસી ૧૦૦ ટકા ન મુકાવવાથી પશુઓમાં રોગ પ્રતિકારક શક્તિ ઘટી જવાથી ચકરી જેવા રોગ થવાની સંભાવના રહે છે. સૂક્ષ્મ પ્રજીવથી થતો આ રોગ ગાય, ભેંસ, ઘેટા, બકરાં, ઘોડા, ઉંટ વગેરેમાં થાય છે. વિશિષ્ટ પ્રકારની માખી (ટેબેનસ વગેરે) ચેપગ્રસ્ત પશુઓને કરડીને પછી અન્ય સ્વસ્થ પશુને કરડે ત્યારે તે સ્વસ્થ પશુના લોહીમાં આ પ્રજીવ ભળવાથી આ રોગનો ફેલાવો થાય છે.

પશુમાં ચકરી રોગના લક્ષણો જોવા મળે છે જેમાં પશુને ૧૦૪ થી ૧૦૫ ફે. ડિગ્રી જેટલો સખત તાવ આવે છે, પશુનું લોહી તથા વજન સતત ઘટતું જાય છે અને પશુ નબળું પડવા લાગે છે, ગાભણ પશુ તરવાઈ જવાની તથા ગર્ભમાં બચ્ચું મરી જવાની શક્યતા રહે છે, અને પશુમાં વંધ્યત્વની શક્યતા વધી જાય છે. આ રોગને કારણે વિદેશી સંકર ગાયોમાં વધુ પડતું મરણ થાય છે, રોગ થયા પછીથી ૨ અઠવાડિયાથી ૨ માસ દરમિયાનમાં વધુ પ્રમાણમાં મરણ થાય છે, જો કે પશુ વાહક તરીકે ૨ વર્ષ સુધી પણ જીવે છે. પશુઓના પગે, ધાબળી ઉપર, તથા પેટના નીચેના ભાગે પાણીનો ભરાવો તથા સોજા જેવું જણાય છે. પશુઓની લસિકા ગ્રંથિમાં સોજો આવી જાય છે. પશુઓના શરીરમાં લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ઘટી જાય છે અને પશુ જે જગ્યાએ બાંધેલું હોય તેની આજુબાજુ ગોળ-ગોળ ફરે છે, તેથી તેને ચકરીનો રોગ પણ કહેવાય છે, પશુ જે સાંકળથી બાંધેલું હોય તે સાંકળ પણ ખેંચીને માથું ઊંચું રાખે છે, પશુ બેચેની તથા ઉન્માદ અનુભવે છે અને તેની આંખો લાલાશ પડતી દેખાય છે. પશુ વારંવાર ધ્રુજતા ધ્રુજતા ઉઠે છે, પડે છે અને ફરીથી ઉઠે છે. પશુ ક્યારેક આંધળું થઇ જાય છે. આવા લક્ષણો જણાય તો બનાસ ડેરીના પશુ ચિકિત્સકનો સંપર્ક કરવા માટે અનુરોધ કરવામાં આવે છે. બનાસ ડેરી દ્વારા બનાસકાંઠામાં ચકરીના રોગનું પ્રમાણ ન વધે તે માટે, આ રોગ અટકાવવા માટે શું કરવું જોઈએ તેના વિશે માહિતી આપવામાં આવી રહી છે. વિશેષ જાતની માખીનો ઉપદ્રવ ઘટાડવા માટે પશુ રહેઠાણ સાફ, ચોખ્ખું તથા સૂકું રાખવું. પશુ રહેઠાણમાં પુરતા પ્રમાણમાં સૂર્ય પ્રકાશ તથા હવાની અવર-જવર રહે તેવી વ્યવસ્થા કરવી.

અનુસંધાન પાના નં.૬

# મુડેઠા જિલ્લા પંચાયતની બેઠકમાં કોગ્રેસના ઉમેદવારે ફોર્મ ભર્યુ


સાદુળસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

મુંડેઠા બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયત ની ચુંટણી નુ જાહેર નામું પડતાં જ ફોર્મ ભરવાનું શરૂ થઇ ગયું છે ત્યારે ડીસા તાલુકાની મુંડેઠા જિલ્લા પંચાયતની બેઠક પરથી મુંડેઠા ગામના રાઠોડ સેધાજી ચેનજી એ બુધવારના ગતરોજ કોગ્રેસ પક્ષના ઉમેદવારે અને સમર્થકો સાથે ડીસા ખાતે કોગ્રેસ પક્ષનુ ફોર્મ રજૂ કર્યું હતું અને ડીસા પ્રાપ્ત કચેરી ખાતે બુધવારના ગતરોજ પોતાનું ફોર્મ ભર્યુ હતું અને વિજય નો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

# જુનાડીસા જિલ્લા અને તાલુકા પંચાયતમાં અપક્ષ દાવેદારી



જુનાડીસા

જુનાડીસા જિલ્લા પંચાયત બેઠકમાં સેવાભાવી પરિવારમાંથી આવતા સપનાબેન સુરેશકુમાર બ્રહ્મભટ્ટ અને તાલુકા પંચાયતમાં શિખાબેન ધ્રુવકુમાર બ્રહ્મભટ્ટ અપક્ષ ઉમેદવાર તરીકે દાવેદારી નોંધાવતા ગ્રામજનોમાં ખુશાલી છવાઈ છે.

કોમી એકતા માટે વખણાતા જુનાડીસા ગામનું દિલીપભાઈ મફતલાલ બ્રહ્મભટ્ટ પરિવાર સેવાકીય, સામાજીક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર રહી દાનની સરવાણી વહાવે છે. વહીવટી અધિકારીઓ સાથે ધરોબો ધરાવતુ આ પરિવાર અનેક સામાજીક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે. ગામમાં બ્રહ્મભટ્ટ સમાજના ઓછા ઘર હોવા છતાં ગત ટર્મમાં સરપંચ પદે બિનહરીફ ચૂંટાયેલા મફતલાલ બ્રહ્મભટ્ટે ગામના સર્વાંગી વિકાસ સાથે સેવાકીય પ્રવૃત્તિઓની સરવાણી વહાવી હતી.જે સેવા અને ગામ પ્રત્યેની લાગણી તથા દિલેરી લોક માનસમાં અકબંધ છે ત્યારે ગામલોકોની લાગણી અને ગામની સેવાના ઉદ્દેશ્ય સાથે આ પરિવારના સપનાબેન બ્રહ્મભટ્ટે જિલ્લા પંચાયત બેઠકમાં અને શિખાબેન બ્રહ્મભટ્ટે તાલુકા પંચાયત બેઠકમાં ટેકેદારો અને શુભેચ્છકોની હાજરીમાં અપક્ષમાં ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. જેથી ભાજપ અને કોંગ્રેસમાં સોપો પડી ગયો હતો. પક્ષા પક્ષી અને વાદવિવાદથી દૂર રહી તેમની અપક્ષ દાવેદારીથી ગામલોકોમાં આનંદની લાગણી છવાઈ છે. તેથી તેમની જીત નિશ્ચિત બની ગઈ છે. ત્યારે ગામના હિતને નજરમાં રાખી મોવડીઓ તેમને બિનહરીફ કરે તેવી લોક લાગણી જોવા મળી રહી છે.

# અમીરગઢ તા.પં.માં ૬૯ અને જિ.પં.માં સાત ફોર્મ ભરાયા


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકા પચાયતની ચૂંટણીમાં ઉમેવારોએ ટેકેદારો સાથે રાખી ફોર્મ ભરાયા હતા. જોકે અમીરગઢ તાલુકા પચાયતની ચૂંટણીને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે. ઉમેદવારોએ પોતાના ટેકેદારોને સાથે રાખી ઉમેદવારી નોંધાવી હતી. અમીરગઢ તાલુકા પચાયત,મામલતદાર કચેરી ના ચૂંટણી અધિકારી ને ટેકેદારોની હાજરીમાં પોતાના ઉમેદવારીના ફોર્મ આપ્યા હતા. આમ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે ઉમેદવારોએ ટેકેદારોના ટોળે ટોળા સાથે રાખી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જોકે અમીરગઢ તાલુકા પચાયત નો આ આવખતે કોણ કબ્જો જમાવસે તે આવનારો સમય બતાવશે. આ વખતે અમીરગઢ તાલુકા પંચાયત ની ૨૦ સીટો પર ૬૯ ફોર્મ ભરાયા જ્યારે જિલ્લાની ૩ સીટો પર ૭ ફોર્મ ભરાયા.

## સ્થાનિક સ્વરાજયની જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી

# પાલનપુર મુકામે પેઇડ ન્યુઝ, ચૂંટણીલક્ષી જાહેરાતો અંગે બેઠક યોજાઇ



પાલનપુર

સ્થાનિક સ્વરાજયની સંસ્થાનઓ બનાસકાંઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો તથા ધાનેરા અને થરાદ નગરપાલિકાની સામાન્યર ચૂંટણી-૨૦૧૮ સંદર્ભે પાલનપુર ખાતે જિલ્લાત ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા દિલીપ રાણાના અધ્યક્ષસ્થાલને પેઇડ ન્યુકઝ, ચૂંટણીલક્ષી દૈનિક કે અન્યુ સમાચારપત્રો/વિજાણું મિડીયામાં નાણા ખર્ચીને આપવામાં આવતી જાહેરાતો કે ન્યુઝ આઇટમ, પૃથ્થીકરણ વગેરેની ચૂંટણી પ્રક્રિયા સંદર્ભમાં ચકાસણી કરવા તથા તેને આનુષાંગીક જરૂરી પગલાં લેવા રચાયેલ સમિતીની બેઠક મળી હતી.

જિલ્લાા ચૂંટણી અધિકારી અને કલેકટરએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાકન પ્રિન્ટિ અને ઇલેકટ્રોનિક મિડીયામાં પેઇડ ન્યુઝ, ચૂંટણીલક્ષી જાહેરાતો, ન્યુઝ આઇટમ, પૃથ્થરકરણ વગેરે રોજેરોજ ચકાસણી કરવા તથા તેને આનુષાંગીક જરૂરી કાર્યવાહી કરવા ગોઠવાયેલ વ્યવસ્થાની તથા કામગીરીની સમીક્ષા કરી હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મિડીયા દ્વારા પ્રચાર અને પ્રસિધ્ધિમાં આચારસંહિતાનું પાલન થાય તે અંગે કલેકટરએ ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

સ્થારનિક સ્વીરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં ચૂંટણી લડતા ઉમેદવારો/પક્ષો ચૂંટણીના પ્રચાર માટે કેબલ નેટવર્ક/ સ્થાનિક ચેનલ દ્વારા ચૂંટણીનો પ્રચાર કરવાની મંજુરી માગે તો જરૂરી ચકાસણી અને કાર્યવાહી કરી મંજુરી આપવા જણાવ્યું હતું.

ઉલ્લેસખનીય છે કે ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી રીતે યોજાય તે સારૂ રાજય ચૂંટણી પંચે આચારસંહિતા અમલી બનાવી છે તથા આચારસંહિતા સંબંધે જુદી જુદી બાબતોના અમલ સારૂ આદેશો અને માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે. તેના અમલ અંગે જીલ્લાર ચૂંટણી અધિકારી અને કલેકટરદિલીપ રાણાએ વિસ્તૃ ત માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

બેઠકમાં સમિતિના સભ્યર સચિવ અને નિવાસી અધિક કલેકટર એલ. બી. બાંભણીયા, નાયબ માહિતી નિયામક ડી.પી. રાજપૂત, ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગના અધિકારી જે. ડી. ચૌધરી, ડી. ડી. ન્યુઝના પત્રકાર સરફરાઝ નાગોરી, સમિતિના સભ્યો. રેસુંગ ચૌહાણ અને પ્રિયાબેન ઠાકોર વગેરે ઉપસ્થીત રહ્યા હતા.

# પાલનપુરના પીઢ પત્રકાર ગણપતભાઇ જોષીને ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ એનાયત



પાલનપુર

જન્મ અને કર્મભૂમિ પાલનપુરના પનોતા પુત્ર શ્રી ગણપતભાઇ કેવળરામ જોષીને તા.૨૯ જાન્યુઆરીએ રાજભવન ગાંધીનગર ખાતે આધ્યાત્મિક ગુરૂ પરમ પૂજ્ય ક્રિષ્નમણીજી મહારાજની ઉપસ્થિતિમાં રાજયપાલશ્રી ઓ.પી.કોહલીના વરદ હસ્તે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ ૨૦૧૭ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ મેળવીને શ્રી ગણપતભાઇ જોષીએ પાલનપુર શહેર અને બનાસકાંઠાનું ગૌરવ વધાર્યુ છે. વિધાર્થી અવસ્થાથી જ અખીલ ભારતીય વિધાર્થી પરિષદ બેનર નીચે તેઓએ જિલ્લામાં વિધાર્થી આંદોલનનું નેતૃત્વ કર્યુ હતું. ત્યારબાદ રાજનીતિમાં પ્રવેશી જનસંઘ તેમજ ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનની વિવિધ જવાબદારીઓ નિભાવી છે. સહકારી ક્ષેત્રે પણ સક્રિય રહી પાલનપુર પીપલ્સ બેંકના ચેરમેન, બનાસકાંઠા અર્બન બેંક્સ ફેડરેશનના ચેરમેનપદે, ગુજરાત અર્બન બેંક્સ ફેડરેશનના ડાયરેક્ટર પદે, બનાસકાંઠા મહેસાણા ગ્રામીણ બેંકના ડીરેક્ટર પદે સેવા આપી ચૂક્યા છે.

સામાજિક સેવામાં હંમેશા અગ્રેસરની ભૂમિકામાં રહેલા શ્રી ગણપતભાઇ જોષી સમસ્ત બ્રહ્મ સમાજ બનાસકાંઠાના પ્રદેશ મહામંત્રી પદે પણ સેવાઓ આપેલ છે. કોલેજ કાળથી જ સ્વામી વિવેકાનંદજીને પોતાના આદર્શ તરીકે સ્વીકારી કાર્ય કરનાર શ્રી જોષી વિવેકાનંદ કેન્દ્ર પાલનપુરના સંયોજક પદે છેલ્લા ૩૦ વર્ષથી સતત યુવાનોમાં સ્વામી વિવેકાનંદજીના સંદેશનો પ્રચાર પ્રસાર થાય તે માટે કાર્ય કરી રહ્યા છે. વિવેકાનંદ કેન્દ્રના માધ્યમથી સમાજ સેવાને તેમણે અસરકારક બનાવી છે. સ્વામીજીની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવણી દરમ્યાન રાજય સરકારે સોંપેલ જવાબદારીના ભાગરૂપે

અનુસંધાન પાના નં.૬

# જસરામાં અશ્વ અને આનંદ મેળાની તડામાર તૈયારીઓ

## મેળાને લઈ લોકોમાં ઉત્સુકતાનો માહોલ


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના જસરા ગામે મહાશિવરાત્રિ નિમિત્તે ભરાતા અશ્વ અને આનંદ મેળાની શ્રી બુઢેશ્વર મહાદેવ સેવા સમિતિના કાર્યકરો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

જાતવાન અને પાણીદાર અશ્વોની ઓળખ જાળવી રાખવાના એકમાત્ર ઉદ્દેશ્યથી જસરા ગામના સરપંચ મહેશભાઈ દવેએ શ્રી બુઢેશ્વર મહાદેવ સેવા સમિતિના નેજા હેઠળ મહાશિવરાત્રિ નિમિત્તે છ વર્ષ પૂર્વે અશ્વ અને આનંદ મેળો શરૂ કર્યો હતો. જેને પ્રચંડ પ્રતિસાદ સાંપડતા આ મેળો પંથકમાં લોકમેળા રૂપે ખ્યાતનામ બન્યો છે. ત્યારે આ વખતે સતત સાતમી વખત ૧૦ મી ફેબ્રુઆરીથી ૧૩ મી ફેબ્રુઆરી સુધી આ મેળો ભરાનાર છે. ચાર દિવસીય આ મેળામાં દૂરદૂરથી આવનાર અશ્વ સવારો તેમના જાતવાન અશ્વોના અવનવા કરતબો દાખવશે. તેમજ પાણીદાર અશ્વો વચ્ચે વિવિધ હરીફાઈ પણ જામશે. એટલું જ નહીં, પંથકની પ્રજા અશ્વ મેળા સાથે આનંદ મેળાનો પણ બેવડો આનંદ મેળવી શકશે. જેથી મેળાને લઈ લોકોની ઉત્સુકતા વધી પડી છે. ત્યારે મેળાનું આયોજન સફળ બનાવવા કાર્યકરોએ આગોતરી તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# ધાનેરા તા.પં.ની ૨૫ બેઠક માટે ૧૩૯ ઉમેદવારો

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકા પંચાયતની ૨૮ બેઠક માટે ફોર્મ ભરવા ઉમેદવારોનો ભારે ઘસારો રહ્યો હતો. જેમાં ભાજપ - કોંગ્રેસના "મેન્ડેટ" ને લઈ ભારે ઉહાપોહ સર્જાયો હતો. ગઈકાલે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપ કોંગ્રેસના ૨૬-૨૬ ઉમેદવારો સહિત કુલ ૧૩૯ ફોર્મ ભરાયા હતા. હવે આજે ભરાયેલ ફોર્મની ચકાસણી બાદ ફોર્મ પરત ખેંચાયા બાદ જ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

ભાજપના ઉમેદવારો હડતા - દેવડા બાબાકુવર ડુંગરસિંહ, ભાજણા - આલ, જતુબેન વાઘાભાઈ, ધાખા - ચૌધરી શારદાબેન પ્રકાશભાઈ, જોરાપુરા - પટેલ અજોતીબેન તેજાભાઈ, નેનાવા - પરમાર ગણેશભાઈ મલાજી, અનાપુર - પટેલ સોના વણા, માલોતરા - ગલચર મફીબેન મસરાભાઈ, રવિયા - આલ ભગવાનભાઈ નાથુભાઈ, સીયા - રાઠોડ મફાજી ખેતાજી, થાવર - કાળમા રાયચંદભાઈ મફાભાઈ, કુમાર - પટેલ જકુબેન ડાહ્યાભાઈ, રૂણી - જોષી મુકેશભાઈ મોહનભાઈ, સામરવાડા - ખરસાણ - ગજાભાઈ પ્રેમાભાઈ, વાલેર - ઠાકોર નટવર ચેનજી, સરાલ - ઘટાડ - લક્ષ્મણભાઈ વજાજી, ભાટીબ - પટેલ રાધાબેન હરનાથભાઈ, ધરણોધર - ભીલ સવિતાબેન ભગવાનભાઈ, જડીયા - ચૌધરી જેતીબેન વિનોદભાઈ, મગરાવા - પટેલ શીતાભાઈ સોનાભાઈ, વાસણ - મકવાણા હાથીભાઈ વાતાભાઈ, આલવાડા - પટેલ પાસુબેન મણાભાઈ, અનાપુર છોટા - માનાણી જગસીભાઈ રણછોડભાઈ, ભાટરામ - ભીલેચા - શારદાબેન બાબુભાઈ, ખીમત -૧- ઠાકોર કચુબા પરબતસિંહ, ખીમત - ૨ - ચૌધરી મરઘાબેન ભીખાભાઈ, વાછોલ - ચૌધરી દક્ષાબેન હિતેશભાઈ.

અનુસંધાન પાના નં.૬

# નલિયામાં ફરી ઠંડીનો ચમકારો : પારો ૮.૨ ડિગ્રી નોંધાયો

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજયમાં ફરીએકવાર ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૮.૨ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયું હતું. સૌથી વધારે ઠંડીનો અનુભવ નલિયામાં થયો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં જેથી યથાસ્થિતિ રહે તેવી શક્યતા છે. આજે અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ૧૩.૩ અને મહત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી નોંધાયું હતું. નિચલી સપાટી ઉપર ઉત્તરપૂર્વીય પવનો હાલમાં ફુંકાઈ રહ્યા છે જેથી લઘુત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. બપોરના ગાળામાં લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે જ્યારે વહેલી સવારે અને મોડી સાંજે ઠંડી પણ જોવા મળી રહી છે. બેવડી સિઝનના કારણે લોકો પરેશાન થયેલા છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઈ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આ પ્રકારના વાતાવરણની સીધી અસર બાળકો અને મોટી વયના લોકો પર થાય છે. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૩.૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી, અમરેલીમાં ૧૨.૭ ડિગ્રી રહ્યું હતું જ્યારે નલિયામાં લઘુત્તમ તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયું હતું. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતી-કાલે શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦ ડિગ્રીની આસપાસ રહી શકે છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં હાલમાં બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે જેના પરિણામ સ્વરુપે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના સકંજામાં લોકો ઝડપથી આવી રહ્યા છે. કેસો પણ વધી રહ્યા છે.

# પરીક્ષા ખંડમાં જો ઈશારો પણ કર્યો તો રિઝલ્ટ રદ થશે

અમદાવાદ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બોર્ડ દ્વારા આગામી પરીક્ષામાં કોઇ ગેરરીતિ કે અનિચ્છનીય બનાવો ના સર્જાય તે માટે ૩૩ પ્રકારની ગેરરીતિઓને ડામતી આકરી ગાઇડલાન્સ અને માર્ગદર્શિકા સાથેના નિયમો જારી કર્યા છે, જેને લઇ પરીક્ષા પહેલા જ વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તાણની સાથે સાથે બોર્ડની ડાઘિયા જેવા નિયમોને લઇ ટેન્શનમાં વધારો થઇ શકે છે. શિક્ષણજગતના ઈતિહાસમાં સૌપ્રથમવાર ૩૩ જેટલી ગેરરીતિઓને ડામવા અંગેની નોટિસો શાળાના નોટિસ બોર્ડ પર જોવા મળશે. જેમાં જો પરીક્ષાખંડમાં વિદ્યાર્થીએ કોઇ અન્ય વિદ્યાર્થીને ઈશારો સુધ્ધાં પણ કર્યો કે, તેમની પાસેથી મોબાઇલ મળ્યો તો તે ગેરલાયક ઠરશે અને પરીક્ષા રદ કરવા સુધીના આકરા પગલા લેવાની જોગવાઇ કરવામાં આવી છે. બોર્ડના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બોર્ડની ગત વર્ષની પરીક્ષા દરમ્યાન અનેક વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સ સાથે પકડાયા હતા, જેમાં સ્માર્ટ ફોન, ઈયર ફોન, કેલક્યુલેટર સાથે ગેરરીતિ કરતાં પકડાયા હતા. બોર્ડે આ સમગ્ર બાબતને ગંભીરતાથી લીધી હતી અને તેથી આ વર્ષના નિયમોને થોડા વધુ આકરા બનાવવામાં આવ્યા છે. જો વિદ્યાર્થી આવા મોબાઇલ કે અન્ય કોઇ ઈલેક્ટ્રોનિક ગેઝેટ સાથે ઝડપાશે તો, તેની પરીક્ષા રદ કરવાની સાથે સાથે પછીના બે વર્ષ માટે પણ તેને પરીક્ષા આપવા દેવામાં આવશે નહી. બોર્ડ દ્વારા જાહેર કરાયેલા અન્ય નિયમોમાં જો વિદ્યાર્થીએ પરીક્ષાખંડમાંથી પશ્નપત્ર કે ઉત્તરવહી બહાર ફંકી હોય તો તેનું પરિણામ રદ કરી દેવાશે, વિદ્યાર્થી કે તેની સાથેનો અન્ય વિદ્યાર્થી જો ઉત્તરવહી ફાડી નાંખે તો પણ તેનું પરિણામ રદ કરાશે, ઉત્તરવહી કે સપ્લીમેન્ટ્રી ચાલુ પરીક્ષાએ વિદ્યાર્થી પરીક્ષક કે

અનુસંધાન પાના નં.૬

# રામાયણ-ગીતાના અંગ્રેજીમાં અનુવાદની હવે કરાયેલી માંગ

નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણીને લઇને પહેલાથી જ કોર્ટ સંકુલની આસપાસ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ કહ્યું હતું કે, આ મામલાને આસ્થા નહીં બલ્કે જમીન વિવાદની જેમ જોવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ મામલામાં પહેલા મુખ્યપક્ષકારો, નિર્મોહી અખાડા, રામલલ્લા અને સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડની દલીલો સાંભળવામાં આવશે. રાજકીય અને ભાવનાત્મક દલીલો સાંભળવામાં આવશે નહીં. એક પક્ષે કહ્યું હતું કે, કોર્ટે ૧૦૦ કરોડ હિન્દુઓની ભાવનાને ધ્યાનમાં લેવી જોઇએ. રામાયણ અને ગીતાના પુસ્તકો દસ્તાવેજ તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં દસ્તાવેજોને લઇને પણ દલીલ થઇ હતી.

# તંત્રી સ્થાનેથી ...

ગૂંગો કોણ છે ? જે જરૂર જણાય ત્યાં બોલતો નથી તે.

## જમ્મુ-કાશ્મીરમાં કાયદાનું ઉલ્લંઘન ક્યાં સુધી થયા કરશે!

કાશ્મીરના યુવાનોને કોઈ સાચો રસ્તો બનાવે તેમ નથી. કેમ કે રાજ્યમાં વધુમાં વધુ યુવાનો આતંકવાદમાં જોડાઈ રહ્યા છે, ગત વર્ષે ૧૨૬ યુવાનો આતંકી બન્યા હતા. જે અગાઉના વર્ષ કરતાં ૪૪ ટકાનો જંગી વધારો દર્શાવે છે. ૨૦૧૫ માં ૬૬ અને ૨૦૧૬ માં ૮૮ યુવાનો આતંકી બન્યા હતા. અત્રે નોંધવું ઘટે કે ૨૦૧૬ માં હિઝબુલના આતંકી બુરહાનવાનીને ઠાર કર્યા બાદ વધુ યુવકો આતંકવાદ તરફ પ્રેરિત થયા છે. જમ્મુ- કાશ્મીરના મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તિ સ્થિર શાસન ચલાવી શકશે નહિં અને વળી સૈનિકો પર પત્થર મારો કરનારા યુવાનો પર જે કેસો ચાલે છે. તે તમામ કેસો પરત ખેંચી લેવાની વિચારણા કરી છે, જો આવું થાય તો બીજા ઘણા બધા યુવાનો આતંકી સંગઠનોમાં જોડાશે. સૈનિકો પર પત્થર મારો કરશે અને સરકાર તેઓને મુક્ત કરી દેશે. આ કઈ રીતનો ન્યાય! ગુન્હો કરવો અને ગુનેગારને બા- ઈજ્જત મુક્ત કરી દેવો તે તો આપણા કાયદાનું ઉલ્લંઘન કહી શકાય.

જે યુવાનો આતંકવાદમાં જોડાયા છે. તેમના પરિવાર- માતા- પિતા તરફથી કોઈ માનવીય અભિગમ કેમ દર્શાવાતો નહિં હોય. આતંકીઓનું જીવન કેવું હોય છે તેનો અંદાજ આજના કાશ્મીરી યુવાનોને હશે નહિં. હંમેશા કોઈ પણ આતંકી ગમે તે ક્ષણે કોઈ પણ સ્થળે જવાનોના હાથે ઠાર થયા વિના રહેશે નહિં. જંગલ અને પહાડોમાં રખડીને જીવનનો અંત લાવવા આતુર બનેલા કાશ્મીરી યુવાનો સામેના કેસો પરત ખેંચવાનો વિચાર કાશ્મીરના મુખ્યમંત્રીની ભૂલ કહેવાય. સ્વપ્નેય આવું વિચારવું જોઈએ નહિં. યુવાનોને આતંકી રસ્તો ત્યજી દેવો હોય તો જ તેમના કેસો પરત ખેંચવા જોઈએ.

જે લોકોનો ઘર- પરિવાર કે સમાજ સાથે કોઈ નાતો નથી. તેવા યુવાનો આતંકી સંગઠનમાં જોડાય છે ઝીંદગી ઝેર સમી બનાવી મુકે છે. ઓસામા બિન લાદેન જેવા આતંકી આ દુનિયામાં રહ્યા નથી. ટકી શક્યા નથી. તો કાશ્મીરી યુવાનો કેટલા દિવસ સુધી આતંકી બનવાની મજા માણશે. એક સારા નાગરિક બનીને રહેવું અને પોતાની કરિયર સુધારવા માટે જો પ્રયત્નો કરવામાં આવે તો કાશ્મીરી યુવાનો જીવનમાં ખરી મજા માણી શકશે. નહિં તો ગમે તે ઘડીએ એક ગોળી તેમના જીવનનો અંત લાવી દેશે!

પાકિસ્તાની સૈનિકો જ હવે આતંકી બની ચુક્યા છે. તેમા માટે 'સૈનિક' શબ્દ યોગ્ય નથી. કેમ કે અંકુશ રેખા પર હજી ભારે તોપમારો ચલાવી રહ્યા છે અને રાજોરી- પુંચ વિસ્તારમાં કાયદાને પોતાના હસ્તક લઈને જે પરિસ્થિતિ પેદા કરી છે. તેનાથી રહીશોનું જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયું છે.

જમ્મુ- કાશ્મીરની નિષ્ક્રિય સરકાર હાલમાં આતંકીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી શકે તેમ નથી. કેમ કે રાજ્યમાં આતંકીઓની સાથે પાક. સૈનિકોની ઘુસણખોરી જારી રહેવા પામી છે. હમણાં જ દેશની જનતાને આશ્ચર્ય થયું કે લશ્કર- એ- તોયબાના આતંકીઓ એક હોસ્પિટલમાં ત્રાટકીને બે જવાનોને ઠાર કરી એક આતંકીને છોડાવી ગયા- છતાં સરકાર આ બાબતે કંઈ જ કરી શકી નથી. ખરેખર તો ગૃહમાં સરકારે પોતાનું નિવેદન સ્પષ્ટ કરવું જોઈએ. કેમ કે કાયદો વ્યવસ્થા હવે માત્ર કાગળ પરનું ચિતરામણ જ રહ્યું છે. કાશ્મીરમાં આ બનેલા બનાવ બાદ સરકાર બીજા કોઈ બનાવની રાહત જોતી બેઠી છે કે શું?

## ભારતમાં YZF-R15 3-0 ની રજુઆત સાથે યામાહાએ આર-ડીએનએના વારસાને વધારે મજબૂત કર્યો



ઈન્ડીયા યામાહા મોટર (આઈવાઈએમ) એ ઓટો એક્સપો ૨૦૧૮ ના પ્રથમ દિવસે તેની બહુપ્રતીક્ષિત સ્પોટર્સ બાઈક રૂઢહ્ન-ઈ૧૫ (વર્જન ૩.૦) ને રજુ કરવાની ઘોષણા કરી છે. આ નવીન સુપર સ્પોટર્સ મોડેલમાં ૧૫૫ સીસી, લિક્વિડ કૂલ્ડ. ૪ સ્ટ્રોક, એસઓએચસી, ૪ વાલ્વ, ફ્યૂઅલ ઈન્જેક્ટેડ એન્જીન છે, જેમાં વેરિએબલ વાલ્વ એકયુએશન (વીવીએ) અને આસિસ્ટ એન્ડ સ્લિપર (એએન્ડએસ) કલચ જેવી ઈનોવેટિવ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૧૯૯૮માં રૂઢહ્ન-ઈ૧૫ લોન્ચ બાદ તેના ડીએનએના વારસાને ચાલુ રાખતા યામાહા તે હાઈ ટેકનોલોજી અને હાઈ પરફોમેન્સ તેના નવા રૂઢહ્ન-ઈ૧૫ (વર્જન ૩.૦) માં લાવ્યું છે. તેમાં શક્તિશાળી ૧૫૫ સીસી એન્જીન છે, જેના હાઈ કંપ્રેશન રેશિયોના લીધે ૧૦,૦૦૦ આરપીએમ પર અધિકતમ ૧૯.૩ પીએસ સુધી ઉર્જા નિર્માણ થાય છે અને ૮૫૦૦ આરપીએમ પર ૧૫ એનએમનો ટોર્ક આપે છે. યામાહાએ આ વર્જન સાથે ભારતમાં ક્રાંતિકારી વીવીએ સિસ્ટમની શરૂઆત કરી છે જેમાં ઓછાથી મધ્યમ આરપીએમ પર ટોર્ક સાથે કોઈ સમાધન કર્યા વગર ઉચ્ચ ઉર્જાનું નિર્માણ થાય છે. તેના દ્વારા શાર્પ થ્રોટલ રિસ્પોન્સ સાથે લિનિયર એકસીલરેશન અને હાઈ પરફોર્મન્સ મળે છે. ડેલ્ટા બોકસ ફ્રેમ પર તૈયાર આ ટેકનોલોજીથી વધારે શક્તિશાળી, વધારે ફિચરવાળા અને વધારે સ્પોર્ટી મોડેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. શિફ્ટ લાઈટ અને વીવીએ ઈન્ડીકેટરને પરિણામે પાવરબેન્ડનું સંચાલન સરળતાથી કરી શકાય છે. કલચ પુલના ભારને ઓછો કરવા અને ગતિ ઓછી કરતા સમયે સ્ટ્રેસ શિફ્ટીંગને ઓછો કરવા આસિસ્ટ એન્ડ સ્લિપર (એએન્ડએસ) કલચ આપવામાં આવ્યો છે. એએન્ડએચ કલચ રાઈડ દરમ્યાન નરમ અને શાનદાર ડાઉનશિફ્ટનો અનુભવ આપે છે.

આત્મચિંતન

## જીવન અને સિદ્ધાંત

વ્યવસ્થિત જીવનમાં સર્વપ્રથમ જરૂરીયાત છે- સિદ્ધાંત અને તેનું વ્યવહારિક નિરૂપણ. ''કર્તવ્ય'' તેમાં સર્વપ્રથમ આવે છે. કર્તવ્યની સૌથી સ્પષ્ટ વ્યાખ્યા છે, પોતાના કાર્યમાં તલ્લીનતા અને બીજાના કાર્યોમાં હસ્તક્ષેપ ના કરવાની ભાવના. તે વ્યક્તિ જે હંમેશા બીજાને માર્ગ બતાવવાનો દાવો રાખે છે, સ્વયં પોતાના માર્ગને જ નથી ઓળખતો. ''ઈમાનદારી'' જીવનનો બીજો સિદ્ધાંત છે. એ જ કરો અને કહો અને જે કરો આ તેનો મૂળમંત્ર છે. તેનું કાર્ય જીવનની અનેકાનેક ચાલાકી અને છળકપટોથી દૂર રહેવું છે. ઈમાનદારીથી મનુષ્ય પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને આ જ વિશ્વાસ સંપૂર્ણ સુખ અને સમૃદ્ધિનો પિતા છે.

''કરકસરતા'' જીવનનો ત્રીજો સિદ્ધાંત છે. ધનનો યોગ્ય ઉપયોગને જ કરકસરતા કહે છે. જેમ જેમ ધન વધે છે તેમ તેમ કરકસરતા વધતી જાય છે. ચોથો સિદ્ધાંત છે ''ઉદારતા'' પરોક્ષ રૂપથી કરકસરતા સાથે જોડાયેલ છે. જે કરકસરી નહિ હોય, તે ઉદાર પણ ના હોઈ શકે. ''આત્મસંયમ'' જીવનનો પાંચમો અને અંતિમ સિદ્ધાંત છે.ઉપરોક્ત પાંચ સિદ્ધાંત સફળતાના પાંચ માર્ગ છે, જીવનપથ પર પ્રકાશના પાંચ કિરણો છે. શક્ય છે કે શરૂઆતમાં તેનું વ્યવહારિક નિરૂપણ અઘરૂ હોય પરંતુ અભ્યાસ આપણને આ સિદ્ધાંતોથી અભિન્ન રૂપે જોડી દેશે. - **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## નવા વર્ષમાં એક મહિના બાદ પોતાની પ્રતિજ્ઞા પર સેલિબ્રિટીઝનું શું કહેવું છે

નવા વર્ષની શરૂઆતમાં લોકો દર વખતે તમામ રીતે પ્રણ લે છે અને આમાં મોટાભાગના સ્વસ્થ જીવનશૈલી પર કેન્દ્રિત હોય છે. સૌથી વધુ ભાર સિગરેટ-શરાબ છોડવા અને વજન ઘટાડવા પર હોય છે. જો કે આ એટલું સરળ નથી, હવે કેમકે ૨૦૧૮નો પ્રથમ મહીનો સમાપ્ત થવાનો છે તો કેમ ન આપણે આપણામાં આવેલા સુધારા પર વિચાર કરીએ. ખુદથી પૂછીએ : શું મેં ખાણી-પીણીના લક્ષ્યોને પૂરા કરવામાં ખુદને જ ઠગી લીધી.. કે બારમાં એકાદ પૈગ વધુ લગાવી લીધો, કે વધુ સિગરેટ પી લીધી.. હવે ચિંતા છોડો કેમકે ભૂલ જલ્દી જ સમજમાં આવે તો મહેંઘી નથી પડતી. આવો આ પ્રતિજ્ઞા વિશે કેટલીક સેલિબ્રિટીઝનું શું કહેવું છે સાંભળીએ.. ફિટનેસ પ્લાનમાં ડાઈટની મોટી ભૂમિકા છે. આ માટે આહાર લેતા ધ્યાનમાં રાખો કે વિભિન્ન પ્રકારના પોષક તત્વો હોય જેથી કોળિયાની સાથે તમને સંપૂર્ણ ભોજન મળે. સંપૂર્ણ આહારનો લાભ મળે. જે લોકો વજન યોગ્ય કરવા કે ઘટાડવાનું પ્રણ લે છે તેમના માટે બદામ જેવા નટ્સ, ફ્લેક્સ જેવા સીડ્સ અને બ્રોકોલી જેવી શાકભાજી ખૂબ જ લાભદાયક છે. ખાસકરીને બદામ તો ૧૫ પોષક તત્વોનો ભંડાર છે. આમાં અનેક જરૂરી પોષક તત્વ છે જે આપણા આહારને સંપૂર્ણ અને સ્વાસ્થ્યપ્રદ બનાવે છે. સ્વાસ્થ્ય માટે ખરાબ ચીજોથી દૂર રહેવા માટે હું હંમેશા મારી બેગમાં બદામનો એક નાનકડો ડબ્બો સાથે રાખું છું. આ ખૂબ સરળ છે અને સ્વાસ્થ્ય માટે પણ ખૂબ સારું છે. મુઠ્ઠીભર બદામ ખાવાથી ભૂખમાં પણ રાહત રહે છે અને દિવસભર કામ કરવામાં એનર્જી મળે છે. નિયમિત રીતે સ્વાસ્થ્યપ્રદ ચીજો ખાવી સૌના વશની વાત નથી. તમે સ્વાસ્થ્યપ્રદ ચીજોને સ્વાદિષ્ટ બનાવી શકો છો અને તમારું આ કામ ચૂટકીમાં થશે. શરૂઆત સ્નેક્સથી કરો. ચટપટા સ્નેકને બદલે થોડી કાળા મર્ચાની સાથે રોસ્ટેડ બદામ લો. સીઝનલ ફળોની સાથે પણ બદામની મજા લઈ શકો છો. આ એક અન્ય મજેદાર સ્નેક હશે. આપણે ધ્યાન રાખવું છે કે સાદગીની સાથે વેરાયટી મળે જેથી તમે તમારા લક્ષ્યને પૂરું કરવા માટે ઉત્સાહિત રહો. યાદ રાખો, વર્ષ ૨૦૧૮ તમારું છે. ખુદ્દને શ્રેષ્ઠ સ્વાસ્થ્યની સૌગાદ આપો.

## ઈન્ડિયા ઓટો એક્ષ્પોમાં અશોક લેલેન્ડે સન મોબિલિટીની સ્વેપેબલ સ્માર્ટ બેટરીથી સંચાલિત ઈલેક્ટ્રિક બસ સર્કિટ-એસ જાહેર કરી



નવી દિલ્હી

હિંદુજા ગ્રૂપની મુખ્ય કંપની અશોક લેલેન્ડ અને સન મોબિલિટી વચ્ચે જુલાઈ, ૨૦૧૭માં આંતર રાષ્ટ્રીય ભાગીદારીની જાહેરાત થઈ હતી. આ ભાગીદારીને ઓટો એક્ષ્પો ૨૦૧૮માં પાંખો મળી છે. સ્માર્ટ સિટીઓ માટે સ્માર્ટ સોલ્યુશન બનાવવાનો ઉદ્દેશ ધરાવતી બંને કંપનીઓએ મળીને આજે તેમનું પ્રથમ સહિયારું ઉત્પાદન પ્રસ્તુત કર્યું હતું. અશોક લેલેન્ડે સન મોબિલિટીની સ્વેપેબલ સ્માર્ટ બેટરીઝ્ દ્વારા સંચાલિત તેની પ્રથમ ઈલેક્ટ્રિક બસ – સર્કિટ-એસ પ્રસ્તુત કરી હતી. બંને કંપનીઓએ સંયુક્તપણે ખરાં અર્થમાં વૈશ્વિક કક્ષાની ઈલેક્ટ્રિક મોબિલિટી સોલ્યુશન વિકસાવવા ભારતની નવીનતા અને એન્જિનીયરિંગ સંભવિતતાનો ઉપયોગ કર્યો છે. આ પ્રથમ પ્રકારની ટેકનોલોજીનું પ્રદાન ભારતની 'ડિઝાઈન ઈન ઈન્ડિયા' અને 'મેક ઈન ઈન્ડિયા' ક્ષમતાનું ઉદાહરણ છે. આ વૈશ્વિક કક્ષાનું સોલ્યુશન ભારતની વધતી ઈ-મોબિલિટીની જરૂરિયાતો અને જાહેર પરિવહન માટે સ્માર્ટ સોલ્યુશન માટે વૈશ્વિક માગની વધતી જરૂરિયાતોનો જવાબ છે. ભારતમાં સામૂહિક પરિવહન માટે કાયાપલટ કરનાર પગલાં સ્વરૂપે ભારતની પ્રથમ સ્વેપ બેટરી બસ સર્કિટ-એસની ડિઝાઈન ભારતની સ્થિતિસંજોગોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે, જેમાં બેઠક ક્ષમતા ૨૫થી ૩૫ સીટની છે, જે સરળતાપૂર્વક સ્વેપેબલ સ્માર્ટ બેટરી પર ચાલે છે.

## હું ૫ વર્ષનો હતો ત્યારથી શિવનો ભક્ત રહ્યો છે - મલ્ખાન સિંઘ જેસોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના શો 'વિઘ્નહર્તા ગણેશ' માં ભગવાન શિવની ભૂમિકા નિબંધિત કરે છે



૧) તમારા માટે ભગવાન શિવની ભૂમિકા કેવી રીતે પડકારજનક છે? શું તમે પહેલાં સમાન ભૂમિકા ભજવી છે?

મેં હંમેશાં શિવની પ્રાર્થના કરી અને જે રીતે તેમણેજે મારા માર્ગે મોકલ્યો છે તેમાં સંતુષ્ટ હતો. મને ક્યારેય ખબર નહોતી મને એક દિવસ ટેલિવિઝન પરતેમની ભૂમિકા નિભાવવા માટે નસીબદાર તક મળશે. હિન્દુ ધર્મમાં પવિત્ર ત્રિમૂર્તિમાં ભગવાન શિવની ભૂમિકા ભજવવું એક પડકારરૂપ કાર્ય છે. મેં અગાઉ આવી કોઈ ભૂમિકા ભજવી નથી અને આ તક મેળવી હોવાનું પરમ સુખમય અનુભવું છું.

૨) શું તમે ભગવાન શિવના ભક્ત છો? વિગતો શેર કરો.

જ્યારે હું પાંચ વર્ષનો હતો ત્યારે મારી માતાએ મને શિવની રજૂઆત કરી હતી. મેં ચંદીગઢના સેક્ટર ૬ ના પ્રસિદ્ધ શિવ મંદિરથી ઓગસ્ટ ૧૯૯૬ માં શિવની પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. મારા માટે શિવની પ્રાર્થના કરવાનું શરૂ કરવાનું કારણ એ હતું કે મારા શાળાના મિત્રોમાંના એકે મને ૯માં ધોરણમાં કહ્યું હતું કે જો હું સમર્પિતરીતે શિવની પ્રાર્થના કરીશ અને ૪૦ દિવસ સુધી તેના મંદિરની મુલાકાત લઈશ તો હું અગ્રણી વિદ્યાર્થી બનીશ. ત્યારથી હું હંમેશાં દરરોજ સમગ્ર જીવન દરમિયાન શિવનાં મંદિરની મુલાકાત લીધી છે. ગમે તે સ્થળે હું રહું, મને હંમેશાં મુલાકાત અને પ્રાર્થના કરવા માટે એક શિવ મંદિર મળીજાય છે.

હું બાળપણથી ભગવાન શિવના દૃઢ ભક્ત રહ્યો છું અને શિવના ઉપદેશો પ્રમાણે મારું જીવન જીવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. તે સૌથી શાંત અને ધીર-ગંભીર દેવ છે અને હંમેશા તેના ચહેરા પર શાંત દેખાવ ધરાવે છે. હું દરરોજ શિવ મંદિરની મુલાકાત લઉં છું, ભલે હું કોઈ અલગ શહેરની મુસાફરી કરૂ. દરરોજ મારા માટે મહાશિવરાત્રી છે કારણ કકે હું ક્યારેય શિવની પ્રાર્થના કરવાની તક છોડતો નથી.

## ઈન્ડિયાનું પ્રથમ પ્રીમિયમ ઓટીટી પ્લેટફોર્મ, SonyLIV 5 ભવ્ય વર્ષની ઉજવણી કરે છે

જાન્યુઆરી ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલ, સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયા(એસપીએન)નું પ્રિમિયમ ઓટીટી પ્લેટફોર્મ. જીહઔંન્ફ , આ મહિનામાં પોતાના ૫ વર્ષ પૂરા કરે છે. જીહઔંન્ફનું લોન્ચ ભારતમાં ઓટીટી ઉદ્યોગ માટે ટોન સેટ કરે છે. આ રીતે, એસપીએનએ આપણા દેશમાં વિડિયો-ઓન-ડિમાન્ડ કોનસેપ્ટની રજૂઆત કરી.છેલ્લા ૫ વર્ષ માં, SonyLIV એ ડિજિટલ ઈકોસિસ્ટમથી વૃદ્ધિ કરે છે. બ્રાન્ડ તરીકે, તેણે અન્ય રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય ખેલાડીઓ માટેનો માર્ગ ભારતમાં મોકળો કર્યો છે.

## શિલ્પા શેટ્ટી કુંદરને એક દીકરી છે?



દબંગ છોકરી સોનાક્ષી સિન્હાએ તેમની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ન્યૂ યોર્ક'ના પ્રમોશન માટે સોની એન્ટર ટેઈનમેન્ટ ટેલિવિઝનના છોકરાઓનો રિયાલિટી ડાન્સ શો સુપર ડાન્સર પ્રકરણ ૨ ના સેટને પ્રતિભાવશાળી બનાવ્યો હતો. એક ખૂબ જ મનોરંજક એપિસોડ જેમાં સોનક્ષી સિંહાએ સ્પર્ધકો વૈષ્ણવી પ્રજાપતિ અને મુસ્કાન શર્મા સાથે થોડાક સરસ મુવ્સ દર્શાવ્યા હતા. શગુનસિંહની સુપર ગુરુ ઐશ્વર્યા સાથે અદભૂત પર્ફોર્મન્સ કર્યા બાદ, જે વિશ્વના તમામ એકલ માતાઓને સમર્પિત કરી હતી, શિલ્પા શેટ્ટી કુન્દ્રાએ આ શોમાં એક આઘાતજનક સાક્ષાત્કાર કર્યો હતો દરેકના ધ્યાનને ખેચવા પછી, અભિનેત્રી અને નિર્ણાયકે જણાવ્યું કે તેના પછીના જીવનમાં શું કરવું જોઈએ? દરેક વ્યક્તિ જાણે છે કે શિલ્પા શેટ્ટી કુન્દ્રા જે એક પારિવારિક પ્રેમાળ વ્યક્તિ છે, જે તેના પતિ અને ૫ વર્ષના પુત્ર વિયાનને વધુપ્રમાણમાં પ્રેમ કરે છે. પરંતુ, અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તેને ખરેખર એક પુત્રીની ઈચ્છા છે. શગુનસિંહની પર્ફોર્મન્સ, જેણે માતા-પુત્રીનું બંધન દર્શાવ્યું હતું તે એટલું હૃદય-સ્પર્શી હતું કે તે શિલ્પા શેટ્ટી કુન્દ્રા સાથે બરાબર તાર પર ચમક્યું. આ એક્ટ એકલ માતાઓ દ્વારા ઘરનું સંચાલન કરવા અને તેમનાં બાળકોના સપનાને પૂર્ણ કરવા માટેસામનો કરવામાં આવતી સમસ્યાઓ પ્રકાશિત કરે છે.શગુનના બોન્ડને તેની માતા સાથે જોતાં, શિલ્પા શેટ્ટી કુન્દ્રાએ ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેમની એક પુત્રી પણ હતી જે અપવાદરૂપછે. તે તેના માટે એક લાગણીશીલ ક્ષણ હતી, જેણે તેણીની આંખમાં આસું લાવી દીધા.

સેટના સ્રોતમાંથી જાણવા મળ્યું છે કે "એકલ માતા માટે પોતાની રીતે બાળકનેમોટું કરવું ખૂબ જ મુશ્કેલ છે અને તેની પુત્રીના સપના અને જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પણ ધ્યાનમાં રાખે છે. શિલ્પા શેટ્ટીએતમામ એકલ માતાઓ જેને પોતાની દીકરીને ઉછેરવા તમામ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છેતેમને સલામ કર્યું. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર દર શનિવાર અને રવિવાર,રાત્રે ૮ વાગ્યે સુપર ડાન્સર પ્રકરણ ૨ જુઓ.

## પિતા-પુત્રના હૃદયસ્પર્શી સંબંધોની શાનદાર વાર્તા રજૂ કરતી ફિલ્મ 'શૅફ' નું વર્લ્ડ ટેલીવિઝન પ્રીમિયર



એખી ફિલ્મો ઓછી બને છે જેમાં પિતા-પુત્રના હૃદયસ્પર્શી સંબંધોની વાર્તા બહુ સુંદર રીતે વર્ણવામાં આવી હોય. સોની પિક્ચર્સ નેટવર્ક્સની હિન્દી ફિલ્મોની મુખ્ય ચેનલ સોની મેક્સ પોતાના દર્શકો માટે રજૂ કરી રહી છે દરેક પ્રકારના તણાવને દૂર કરી દેતી શાનાદાર ફિલ્મ 'શૅફ'નું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર જેમાં પિતા-પુત્ર વચ્ચેના સંબંધોની કોમળ કડી સુંદરતાથી ગૂંથવામાં આવી છે. આ ફિલ્મ ૧૬મી ફેબ્રુઆરીએ રાત્રે ૮:૦૦ કલાકે માત્ર સોની મેક્સ પર પ્રસારિત થશે. આમાં શૈફ અલી ખાન અને સ્વર કાંબલેની અભિનય કળા તમને મુગ્ધ કરી દેશે. કેવી ખૂબી સાથે એક પિતા પોતાના દિકરાની જિંદગીમાં ભોજનના પૈશનને જગાડવામાં સફળ થઈ શકે છે, આ જોઈને માતરું હૃદય ભરાઈ જશે. નિહાળો સુંદર ફિલ્મ 'શૅફ' ૧૬મી ફેબ્રુઆરીએ રાત્રે ૮:૦૦ કલાકે, માત્ર સોની મેક્સ પર.

## BMW, MINI અને BMW મોટરેડનું અસમાંતર પ્રોડક્ટ ઓફેન્સિવ સાથે પહેલી વાર ભારતમાં એકત્ર પ્રવેશ




સૌપ્રથમ BMW6સિરીઝ ગ્રાન તુરિસ્મો દંતકથા સમાન સ્પોર્ટસમેન શ્રી સચિન તેંડુલકર દ્વારા BMW પેવિલિયનમાં લોન્ચ કરવામાં આવી હતી. પેટ્રોલ વર્ઝનમાં લોન્ચ કરાયેલી આ કાર આજથી BMW ડીલરશિપ્સ ખાતે ઓર્ડર કરી શકાશે. ડીઝલ વર્ઝન ૨૦૧૮માં પછીથી લોન્ચ કરાશે. સૌપ્રથમ BMW ૬ સિરીઝ ગ્રાન તુરિસ્મો BMW પ્લાન્ટ ચેન્નાઈ ખાતે લોકલી-પ્રોડ્યુસ્ડ છે. "BMW ગ્રુપ ઈન્ડિયા ભારતીય લક્ઝરી વેહિકલ બજારમાં પાવર ટુ લીડ સાથે પ્રગતિ કરી રહી છે. અમારી મજબૂત વ્યૂહરચનાએ અમારા વિચારો અને કૃતિઓમાં ગ્રાહકોને હંમેશાં કેન્દ્રમાં રાખ્યા છે અને વૃદ્ધિનો અમારા આ પ્રવાસમાં અમને આગળ લઈ જઈ રહ્યા છે. આ સાથે અમારી બ્રાન્ડ્સની સંપૂર્ણ ક્ષિતિજમાં અમારી આકાંક્ષાત્મક પ્રોડક્ટ્સ તેમના શક્તિશાળી પદાર્થ અને ભાવનાત્મક ગુણોને લીધે યોગ્ય ગતિ નિર્માણ કરી રહી છે. ઓલ-ન્યૂ BMW સ્પ આજે ઓટો એક્સપોમાં લોન્ચ કરાઈ તે કમ્પ્લીટલી બિલ્ટ-અપ યુનિટ (CBU) તરીકે મળશે અને આજથી મ્સ્ઉ ડીલરશિપ્સ ખાતે ઓર્ડર કરી શકાશે.નેક્સ્ટ- જનરેશનની BMWX3 ભારતમાં ૨૦૧૮માં પછીથી રજૂ કરાશે તે પણ ઓટો એક્સપો ૨૦૧૮માં પ્રદર્શિત કરવામાં આવી હતી.BMW ઁ'એ ઓલ- ન્યૂ BMW ઁ ૮રોડસ્ટર, હાઈ- પરફોર્મન્સ હાઈબ્રિડ વેહિકલ પરથી પડદો ઊંચક્યો છે, જે પણ ભારતમાં ૨૦૧૮માં પછીથી લોન્ચ કરાશે. ઓલ-ન્યૂ BMWi3s, ઓલ- ઈલેક્ટ્રિક પ્રીમિયમ અર્બન વેહિકલ છે, જે પણ BMW પેવિલિયનમાં પ્રદર્શિત કરાઈ હતી.

## શા માટે હું જ, આ સવાલનો સુંદર જવાબ

આપણે જીવનમાં થોડી પણ તકલીફ આવી જાય તો તરત જ એવુ વિચારીએ છીએ કે, શા માટે? શા માટે મારી સાથે જ આવુ થયુ? શા માટે હું જ? કેટલાક તો ભગવાન પર ચઢી બેસે કે, ભગવાન મારી તરફ જોતો જ નથી. પણ ક્યારેય આપણે એવુ વિચારીએ છીએ કે આ બધા કદાચ આપણી નજરના દાવપેચ છે. તમે કેવી રીતે જુઓ છો સ્થિતિને એ જ તો મહત્વનું છે. સૌથી ઉત્તમ ઉદાહરણ તેનું – IMposible, જેને તમે I M possible પણ વાંચી શકો. એટલે કે ફરક છે માત્ર દ્રષ્ટિકોણનો. વિચારીએ તો, એ શક્ય છે કે આપણે જે રીતે જોઈએ છીએ સ્થિતિ એનાથી અલગ એન્ગલ પણ ધરાવતી હોય છે.i-me-myself

શા માટે હું, મારી સાથે જ, લાઈફ ઈઝ નોટ ફેર વિથ મી. આ બધા એક્સક્યુઝિસ એટલે કે બહાના જ છે. એ વાત જો તમે ન માનતા હોવ તો આર્થર એશના સંદેશ બાદ તમે તમારા વિચાર બદલાય જશે.

આર્થર એશ. લિજેન્ડરી વિમ્બલડન પ્લેયર. ટેનિસમાં પોતાના નામનો ડંકો વગાડનાર, અને ૩ વાર ગ્રાંડ સ્લેમ ટાઈટલ જીતનાર આર્થર એશ. જેમણે ૧૯૮૦માં ખેલથી નિવૃત્તિ લીધી હતી. જો કે આજે આર્થર એશની વાત કરવામાં એવુ માનવાની જરુર નથી કે તે ભુતકાળ છે. અથવા ઈતિહાસ થઈ ગયો આ તો. કારણ કે વાત આર્થર એશના એ સંદેશની છે જે કોઈ પણ સમયમાં સાચો જ ઠરવાનો છે. ૧૯૯૩માં ૪૩ વર્ષની વયે આર્થર એશનું બિમારીમાં નિધન થયું વાત તે પહેલાની છે. ૧૯૯૨માં આર્થર એશે પોતાને એઈડ્સની જીવલેણ બિમારી હોવાનુ જાહેર કર્યુ હતુ. પોતે એઈડ્સ જેવી જીવલેણ બીમારીને કારણે મરણ પથારીએ હતા. આ જીવલેણ બિમારી તેમને ૧૯૮૩માં તેમની સર્જરિ દરમિયાન ઈન્ફેક્ટેડ લોહી ચઢાવવાથી થઈ હતી.

તેમની જાહેરાત બાદ તેમના ચાહકો પર તો જાણે વીજળી તુટી પડી. તેમની બિમારી દરમિયાન તેઓના ચાહકોના ઘણા પત્ર તેમને મળ્યા. જેમાંથી એકમાં લખ્યુ હતુ કે, " શા માટે ભગવાને આવી જીવલેણ બિમારી તમને જ આપી."

સ્વાભાવિક રુપે જ તેમના ચાહકને અત્યંત સહાનુભુતિ હતી આર્થર માટે. પણ અહીં ધ્યાન ખેંચે તેવો અભિગમ મરણપથારીએ પડેલા આર્થર એશનો સામે આવ્યો. આર્થરે પોતાના એ ચાહકને જવાબ આપ્યો. અને એ જવાબમાં તેમણે લખ્યુ કે, ૫૦ મિલિયન (મિલિયન એટલે દસ લાખ) એટલે કે ૫ કરોડ બાળકો એ ટેનિસ રમવાનુ શરુ કર્યુ. ૫ મિલિયન (૫૦ લાખ) બાળકોએ ટેનિસ રમવાનુ શિખ્યુ. જે બાદ ૫ લાખ બાળકોએ પ્રોફેશનલી ટેનિસ રમવાની તાલીમ મેળવી. આ ૫ લાખમાંથી ૫૦ હજાર સર્કિટમાં આવ્યા. અને ૫ હજાર ગ્રાંડ સ્લેમમાં પહોંચ્યા. ૫૦ વિમ્બલ્ડનમાં પહોંચ્યા. જેમાંથી ૪ સેમિફાઈનલ્સમાં પહોચ્યાં. ૨ ફાઈનલમાં પહોંચ્યા. જ્યારે મારા હાથમાં મે પુરસ્કાર લીધો હતો ત્યારે મે ભગવાનને એવુ નથી પુછ્યુ કે શા માટે હું. તો હવે જ્યારે હું દુઃખમાં છુ ત્યારે હું ભગવાનને કેવી રીતે પુછી શકુ કે શા માટે હું.હૃરિઆિર્થર એશના જવાબથી એક અલગ જ દ્રષ્ટિકોણ મળે છે આજના માનવને.

દુઃખ ખરેખર શું છે. ખુશીનો અભાવ. અને ખુશી સાધનોમાં નથી, ખુશી તમારા મનમાં છે. અને ખુશી એટલે કે હેપ્પીનેસ, તમને મધુર આનંદમાં રાખે છે. એવી જ રીતે પ્રયાસ તમને મજબુત રાખે છે. દુઃખ તમરી અંદરની માનવતાને જાળવે છે. તો, નિષ્ફળતા તમને ઉદાર બનાવે છે. અને સફળતા તમને દુનિયાના ફલક પર પ્રકાશિત કરે છે. પણ આ બધામાં માત્ર અડગ વિશ્વાસ (ફેઈથ ) જેને તમે શ્રદ્ધા પણ ગણી શકો. એ જ તમને આગળ વધવાની પ્રેરણા આપે છે. થોડું ઉંડાણથી વિચારીશું તો એ પણ સમજાશે કે, જે તમારી પાસે છે તેને મેળવવાના સપના બીજા જોતા હોય છે. ક્યારેક એવુ બને કે તમે તમારા જીવનથી સંતુષ્ટ ન હોવ, પણ સામે ઘણા એવા હોય જે તમારા જેવુ જીવન જીવવાના સપના રાખે છે. ખેતરમાંથી એક બાળક આકાશમાંથી પસાર થતાં પ્લેનને જોઈને ઉડવાનુ સપનુ સેવે છે. તો એ પ્લેનમાં રહેલ પાયલોટ ખેતર જોઈને ધરતી પર ઉતરી પોતાના ઘરે જવાનુ સપનુ જોતો હોય છે. આ જ તો જીવન છે.તો સહજતા અને સરળતાથી જીવો. ઉદારતાથી ચાલો અને યથાર્થપણે પ્રેમ કરો. શા માટે હું એ નિરર્થક છે. હું છું એ મહત્વનુ છે. એટલુ યાદ રાખીને મન ભરીને જીવો.

**(જી.એન.એસ)**

## એચપી ફ્યુઅલ ભરાવો, ટોયોટામાં ફરો

ડીસા

હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પો.લિ. દ્વારા ઈન્ફીનીયમ ટોયોટાના સહયોગથી મેગા સેલ્સ કેમ્પેન રજૂ કરવામાં આવ્યું છે. જે અનુસાર ૭ ફેબ્રુઆરી થી ૩ એપ્રિલ ૨૦૧૮ સુધી ''એચપી ફ્યુઅલ ભરાવો, ટોયોટામાં ફરો'' કેમ્પેન અમલી રહેશે જે મુજબ ગ્રાહકોએ ટુ-વ્હીલરમાં ઓછામાં ઓછુ રૂા.૨૫૦ અને ફોર વ્હીલરમાં રૂા.૧૨૦૦ નું ફ્યુલ અથવા તો ટુ-વ્હીલરમાં રૂા.૨૦૦ અને ફોર વ્હીલરમાં રૂા.૧૦૦૦ નું બ્રાન્ડેડ પેટ્રોલ પાવર ભરાવી લકી ડ્રો કુપન મેળવવાની રહેશે. જેમાં ટોયોટા લીવા ડ્યુઅલ ટોન બમ્પર પ્રાઈઝ જીતવાની ગ્રાહકોને તક મળશે. આ ઈનામ ઈન્ફીનીયમ ટોયોટા તરફથી સ્પોન્સર કરવામાં આવેલ છે, આ ઉપરાંત અન્ય વધારાના ઈનામો જેવા કે એલઈડી ટીવી, વોશિંગ મશીન, રેફ્રિજરેટર, માઈક્રોવેવ ઓવન, સેલફોન વગેરે પણ મળવા પાત્ર છે. આ કેમ્પેનનું ઉદઘાટન હિન્દુસ્તાન પેટ્રોલિયમના નોર્થ વેસ્ટ ઝોનના જનરલ મેનેજર (ઈન્ચાર્જ) રાજેશ મહેતાની, ડીજીએમ-અમદાવાદ રીટેલ રીજીઅન રમેશ સી પટનાયક, અને ઈન્ફીનીયમ, ટોયાટાના ચેરમેન અજીત મહેતા, દ્વારા સંયુક્ત રીતે એચપી કંપની આઉટલેટ, માનસી સર્કલ પાસે વસ્ત્રાપુર, અમદાવાદ ખાતેથી કરવામાં આવેલ છે.

આ કેમ્પેન મધ્ય અને ઉત્તર ગુજરાતના ૨૦૦ થી રીટેલ આઉટલેટ ઉપર અમલી છે. આ ઉપરાંત ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ થી સતત જ્ઞાપ્તાહિક ડ્રો માં ૧૦૦ ઈનામો અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, હિંમતનગર, પાલનપુર અને સુરેન્દ્રનગર જેવા વિવિધ શહેરોમાં જાહેર કરાશે. આ જ્ઞાપ્તાહિક ડ્રો ૧૧ એપ્રિલ, ૨૦૧૮ સુધી સપ્તાહના વિવિધ દિવસોએ કરવામાં આવશે. એચપીસીએલ અને ઈન્ફીનીયમ ટોયોટા તેમના અમુલ્ય ગ્રાહકો માટે આકર્ષક સ્કીમ અને ઉચ્ચતમ સર્વિસ આપવા સતત પ્રયત્નશીલ છે.

## ટેનિસ રેક્કિંગમાં ભારતના પેસની મોટી છલાંગ, ૬૧થી ૪૭માં ક્રમે સ્થાન

અમેરિકાના ન્યૂપોર્ટ સામે એટીપી ચેલેન્જર ટાઈટલ જીતી ભારતના લિયેન્ડર પેસ ડબલ્સના રેક્કિંગમાં ટોપ-૫૦માં પહોંચી ગયા છે. પેસ ૬૧થી ૪૭માં ક્રમે પહોંચી ગયા છે. ઓસ્ટ્રેલિયન ઓપનના ત્રીજા રાઉન્ડમાં હાર્યા પછી રોહન બોપન્ના અને દિવિજ શરણ અનુક્રમે ૨૧ને બદલે ૨૦ અને ૪૮ને બદલે ૪૫માં ક્રમે પહોંચી ગયા છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં મહિલા ટાઈટલ વિજેતા ડેનમાર્કના કેરોલિન વોજનિયાકી વિશ્વમાં નબર વન ખેલાડી બન્યા છે. ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં ફેડરરે અત્યાર સુધી ૨૦ ટાઈટલ જીત્યા છે. છેલ્લાં ત્રણ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ તેમણે ૧૨ જ મહિનામાં જીત્યા છે.

# સિને-સરિતા

શુક્રવાર ★ તા.૦૯-૦૨-૨૦૧૮




## બત્તી ગુલ મીટર ચાલુ'માં યામી ગૌતમી નિભાવશે વકીલનો રોલ



અભિનેત્રી યામી ગૌતમે કહ્યુ હતું કે શ્રી નારાયણ સિંઘની આગામી ફિલ્મ બત્તી ગુલ મીટર ચાલુમાં હું એક વકીલનો રોલ કરી રહી છું. ટોયલેટ એક પ્રેમકથા જેવો સામાજિક વિષય ધરાવતી હિટ ફિલ્મ આપ્યા બાદ હાલ શ્રી નારાયણ સિંઘ ઉત્તર ભારતમાં અને ખાસ તો ઉત્તરાખંડમાં વ્યાપક થયેલી વીજચોરીના વિષય પર આધારિત ફિલ્મ બત્તી ગુલ મીટર ચાલુ બનાવી રહ્યા છે જેમાં ટોચનો અભિનેતા શાહિદ કપૂર હીરોના રોલમાં છે અને હવે યામી ગૌતમને સાઈન કરવામાં આવી હતી. અગાઉ વીકી ડોનર જેવી ફિલ્મ કરી ચૂકેલી યામીએ કહ્યું કે આજે સામાજિક ઉદ્દેશ ધરાવતી અને કમર્શિયલ થવાની શક્યતા ધરાવતી ફિલ્મોની ખાસ આવશ્યકતા છે વીકી ડોનર, ટોયલેટ એક પ્રેમકથા અને પેડમેન જેવી ફિલ્મો આજની જરૂરિયાત છે.

## માયા ટેપ

આ ફિલ્મના નિર્માતા પ્રદીપ કુર્બા, સૈજુ નામ્બિયાદત, રમેશ શર્મા, દિગ્દર્શક નિખીલ અલગ, કલાકારોમાં

નવાઝુદીન સિદીકી, વિશાખાસિંઘ કાલીપ્રસાદ મુખર્જી, સત્યકામ.

આ ફિલ્મ એટલી લો બજેટ છે કે તેનું વ્યવસ્થિત ટ્રેલર પણ રજુ કરવામાં આવ્યું નથી. ફિલ્મની વાર્તા પત્રકારના રીપોર્ટીંગ પર આધારીત છે. ટીવી રીપોર્ટર દેવીકા અને કેમેરામેન સૌરભ એક બંધ પડેલી મનોરોગ હોસ્પિટલની સ્થિતિ તપાસવા જાય છે.

**નવી ફિલ્મ**

બધા કહેછે કે તેમાં માયા ચુડેલનો ત્રાસ છે પરંતુ આ બંને માને છે કે આ ચુડેલની વાત સાચી નથી. કોઈ સ્થાપિત હીતોએ પોતાનો ગેરકાયદે કારોબાર ચલાવવા આ અફવા ઉપજાવી કાઢી છે. સત્યની શોધમાં બંને સ્પીટલના અવાવરૂ બિલ્ડીંગમાં પ્રવેશ કરે છે. પછી શું થાય છે કે ભય અને રોમાંચમના મસાલા ભભરાવીને પડદા પર રજુ કરવામાં આવ્યા છે.

હોરર ફિલ્મમાં જાણે અનિવાર્ય અંગે બની ગયેલું સુત્રધાર જેવું એક વયોવૃદ્ધ પાત્ર અહીં હાજર છે. હીરો હીરોઈન ન જાણતા હોય એવા સત્યો તે એમને કહેતો રહે છે

એ છે વયોવૃદ્ધ એક જમાનોનો વોર્ડન, વોર્ડન તરીકે કાળીપ્રસાદ મુખર્જી પણ થીલ ઉભું કરે છે.

માયા ટેપમાં કેમેરામેન બનતા નવાઝુદીન સીદીકીનો અભિનય તથા વિશાખા સીંઘનું સૌંદર્ય ફિલ્મને માણવાલાયક બનાવે છે. એક વખત જોવા જેવી લાગે છે. હા કદાચ આઈટમ નંબર મસાલા ફાઈટ વગેરે મનોરંજનની ફુલ પ્લેટ માંગનાર પ્રેક્ષકોને મજા ન આવે.

## સુપરહીટ માતા અને ચરિત્ર અભિનેત્રી 'રાખી'

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા

બોલીવુડમાં રાખી એ એક એવી અભિનેત્રીની છાપ ઉભી કરી હતી જે ૭૦ અને ૮૦ ના દાયકામાં પોતાના રૂમાની અંદાજ અને ભાવપુર્ણ અભિનય દ્વારા સીનેપ્રેમીને દિવાના બનાવ્યા હતા. રાખીનું મુળ નામ રાખી મઝમુદાર હતું એનો જન્મ ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના રાણાઘાટ ગામમાં થયો હતો. રાખીએ પોતાની પ્રારંભિક શિક્ષા સ્થાનીય શાળામાં પુરી કરી હતી. એક અભિનેત્રી તરીકે પોતાની ફિલ્મી કેરીયરની શરૂઆત વર્ષ ૧૯૬૭ માં પ્રદર્શિત બાંગ્લા ફિલ્મ 'વધુ વરણ' થી કરી હતી.



આ સમય દરમ્યાન રાખીની મુલાકાત નિર્માતા નિર્દેશક સુનીલદત્ત સાથે થઈ. જેમણે એમની પ્રતીભા ઓળખીને પોતાની નવી ફિલ્મ 'રેશ્મા ઓર શેરા' માં કાર્ય કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો. જો કે ફિલ્મના નિર્માણમાં મોડું થતાં રાખીની ફિલ્મ 'જીવન મૃત્યુ પહેલાં પ્રદર્શિત થઈ. રાજશ્રી પ્રોડકશનના બેનર હેઠળ બનેલ ફિલ્મ 'જીવન મૃત્યુ' માં રાખીની ભૂમિકા નાયક ધર્મેન્દ્ર સાથે હતી. પારિવારિક પૃષ્ઠભૂમિ પર બનેલ આ ફિલ્મ ટીકીટ બારી પર સુપરહીટ સાબીત થઈ હતી. આ ફિલ્મમાં રાખી પર ફિલ્માવેલ ગીત ઝીલ મીલ સીતારોં કા આંગન હોગા.. આજે પણ પ્રેક્ષકોના મનમાં રાજ કરે છે.. ફિલ્મ અને ગીતની સફળતા બાદ રાખીએ હિંદી ફિલ્મોમાં પોતાની એક અલગ ઓળખ બનાવી લીધી અને હિંદી ફિલ્મોમાં સફળતાની સીડી ચઢવા લાગી. ૧૯૭૧ ના વર્ષમાં રાખીએ પોતાની ફિલ્મ કેરીયરની એક બીજી સુપરહીટ ફિલ્મ 'શર્મીલી' પ્રદર્શિત થઈ. આ ફિલ્મમાં રાખીએ ડબલ રોલ, બે જોડકાં બહેનોની ભૂમિકા ભજવી હતી. જેમાં એક અભિનેત્રીમાં ગ્રે શેડસની આંખોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોતાની શરૂઆતની કેરીયરમાં ગ્રે શેડસ વાળી ભૂમિકા નિભાવવી કોઈપણ નવી અભિનેત્રીને માટે જોખમભર્યું કામ હોઈ શકે છે પરંતુ રાખીએ આ એક પડકાર સમો અભિનય ભજવીને સમીક્ષકોની સાથે પ્રેક્ષકોના દિલ પણ જીતી લીધા હતા.

આ ફિલ્મ પણ સુપરહિટ ફિલ્મ હતી.૧૯૭૬માં પ્રદર્શિત ફિલ્મ 'તપસ્યા'રાખી માટે ફિલ્મી કરિયરની મહત્વપૂર્ણ ફિલ્મોમાંથી એક હતી.રાજશ્રી પ્રોડક્શનના બેનર હેઠળ બનેલ આ પારિવારિક ફિલ્મમાં રાખીએ એક એવી યુવતીનો રોલ કર્યો હતો જે પોતાના પરિવારને માટે જીવનભર લગ્ન નહી કરવાનો ફેંસલો લે છે.અને પોતાનું દાયિત્વ નિભાવે છે.અભિનયમાં એકરૂપતા થી બચવા અને સ્વયંને ચરિત્ર અભિનેત્રીના રૂપમાં સ્થાપિત કરવાને માટે રાખીએ પોતાને અનેક વિવિધ ભૂમિકાઓમાં રજૂ કરી.૧૯૮૦ માં પ્રદર્શિત પ્રકાશ મહેરાની ફિલ્મ લાવારિસમાં અને રમેશ સીપ્પી ફિલ્મ 'શક્તિ' માં તે ફિલ્મી અભિનેતા અમિતાભ બચ્ચનની માનો રોલ ભજવ્યો હતો.જો કે આ પહેલા રાખીએ અમિતાભ સાથે એક અભિનેત્રીના રૂપમાં અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું.લાવારિસ ફિલ્મમાં રાખી પર ફિલ્માવાળા આવેલ ગીત મેરે આંગને મે તુમ્હારા ક્યા કામ હૈ...આજે પણ શ્રોતાની વચ્ચે ખુબ જ લોકપ્રિય છે.૯૦ના દાશકમાં રાખીએ કેટલીક ફિલ્મોમાં માંનો રોલ ભજવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬ ઉપર



★બંગાળી શો પોતુલકુમાર ગનવાલા ને બંગાળી ભાષી દર્શકોએ જબરો પ્રતિસાદ આપતાં હવે સીરીયલ હિંદીમાં રૂપાંતરીત થઈ રહી છે. આ બંગાળી ધારાવાહીક કુલ્ફીકુમાર બાજેવાલાના નામે હિંદીમાં રજુ થશે. આ શ્રેણીમાં એક એવી છોકરીની કહાણી વણી લેવામાં આવી છે. જે પોતાની માતાના મૃત્યુ પછી પોતાના પિતાની શોધ આદરે છે અને આ પિતા પુત્રી બંને સારા સીંગર છે. સંખ્યાબંધ વળાંકો ધરાવતી આ ધારાવાહીકમાં સંવેદનામાં જુદાં જુદાં રૂપ બખુબી રજુ કરવામાં આવશે.

★તારક મહેતા કા ઉલટા ચશ્મા જયારથી રજુ થયું છે ત્યારથી ટોચ પર રહ્યું છે એ વાત સર્વવિદીત છે પરંતુ મહત્વની વાત એ છે કે હવે આ સીરીયલે એમઆઈસીએ ઈન્સ્ટીટયુટમાં કેસ સ્ટડી તરીકે લેવાશે. અહીં યોજાનારા સેમીનારમાં વિદ્યાર્થીઓ સાથે તેની ચર્ચા કરવામાં આવશે.પછીથી માર્કેટીંગ સ્ટ્રેટેજીસ પર લખવામાં આવનારા થિસીસમાં તેનો સમાવેશ કરવામાં આવશે. સામાન્ય રીતે આવી ઈન્સ્ટીટયુટમાં એફએમસીજીનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આનો સીધો અર્થ એ થયો કે આ ધારાવાહીકની સફળતા માત્ર તેની કહાણીમાં નથી સમાયેલી પરંતુ તેની રણનીતી, આયોજન, વિષયવસ્તુ અને વિષયવસ્તુનું માર્કેટીંગ ઈત્યાદિ માર્કેટીંગ વર્તુળમાં ચર્ચાય છે.

★મૌની રોય અને મોહીત રૈના વચ્ચે પ્રેમસંબંધ છે એવું અનેક વખત નજરે ચડયું છે પરંતુ આ બંને કલાકારોએ કયારેય આ વાત કબુલી નથી. તેઓ હંમેશા એમ જ કહે છે કે અમે બહુ સારા મિત્રો છીએ. લગ્ન એ એકદમ અલગ મુદો છે. કહેવાની જરૂર નથી કે મોહીત રૈનાની અભિનય કારકીર્દી અપ્રતિમ સફળતા મેળવનાર પૌરાણિક ધારાવાહીક દેવો કે દેવ મહાદેવથી શરૂ થઈ હતી. મોહીતે તેમાં મહાદેવની અને મૌનીએ દેવી સતીની ભૂમિકા ભજવી હતી. સીરીયલ ચાલુ હતી ત્યારે તેઓ સાથે જ હોય તે સમજી શકાય તેવી વાત છે પણ શો પુરો થયા પછી પણ બંને છાશવારે એકસાથે જોવા મળે છે. તાજેતરમાં મૌનીએ સોશ્યલ મીડીયા પર બંનેના હાથમાં હાથ પરોવેલા તેમજ પોતે મોહીતના

**ન્યુઝ સ્ટ્રીપ્સ**

ખભે માથું ઢાળી દીધું એવા ફોટા પોસ્ટ કર્યા હતા. આવી સ્થિતિમાં બેઉ લગ્ન કરશે એવી વાતો વહેતી થવાની જ. હવે તેઓ મગનું નામ મરી પાડે છે કે કેમ તે જોવું રહ્યું.

## સારી ફિલ્મ કરવા માટે ફિલ્મ સર્જક સાથે મનમેળ હોવું જરૂરી નથી: કંગના રનૌત



'ટોચની અભિનેત્રી નેશનલ એવોર્ડ વિજેતા કંગના રનૌતે કહ્યું હતું કે મેં કદી જાહેરમાં એવું વિધાન કર્યું નથી કે હું કરણ જોહરની ફિલ્મ કદાપિ નહીં કરું. હું એક મોસ્ટ પ્રોફેશનલ અભિનેત્રી છું અને મને ગમે એવી સ્ક્રીપ્ટ કોઈ પણ ફિલ્મ સર્જક લાવે તો હું એની સાથે કામ કરવા સદા તૈયાર હોઉં છું. ગયા વરસે કંગનાએ એવું બોલીને ખળભળાટ સર્જ્યો હતો કે કરણ જોહરે બોલિવૂડમાં સગાંવાદને પ્રોત્સાહન આપ્યું છે. બહારની પ્રતિભાને બોલિવુડમાં તક મળતી નથી અને એણે ભારે સંઘર્ષ કરવો પડે છે. ક્યારેક કાસ્ટિંગ કાઉચ પણ સહન કરવું પડે છે. એના આ વિધાને જબરો વિવાદ સર્જ્યો હતો. કંગનાએ કહ્યું, 'સારી ફિલ્મ કરવા માટે ફિલ્મ સર્જક સાથે મારે મનમેળ હોય એ જરૂરી નથી. મેં કદી કોઈ ફિલ્મ સર્જક સાથે કામ નહીં કરું એવી જાહેરાત કરી નથી. બોલિવૂડની હું સૌથી વધુ પ્રોફેશનલ કલાકાર છું. પ્રોફેશનલ કલાકાર કદી મારા અને પારકા એવા વિચાર કરતા નથી. સ્ક્રીપ્ટ સારી હોય અને મને ગમે તો હું ગમે તેની સાથે કામ કરવા તૈયાર રહું છું.' હાલ કરણ જોહર અને રોહિત શેટ્ટી દ્વારા સંચાલિત ટીવી શો ઈન્ડિયાઝ નેક્સ્ટ સુપરસ્ટાર્સમાં કંગના પણ એક જજ તરીકે સેવા આપી રહી છે. નજીકના ભૂતકાળમાં એના કરણ જોહર અને ટોચના અભિનેતા રિતિક રોશન સાથેના વિવાદો ખૂબ ચગ્યા હતા. એણે કહ્યું કે મારા માટે મારી કારકિર્દી ખૂબ મહત્ત્વની છે. મારી સામે આવતી દરેક તકને હું મારી રીતે તપાસીને આગળ વધવામાં માનું છું. જો કે એની છેલ્લી કેટલીક ફિલ્મો બૂરી રીતે પીટાઈ ગઈ હતી જેમાં વિશાલ ભારદ્વાજની રંગૂન અને હંસલ મહેતાની સિમરનનો સમાવેશ થયો હતો.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## સલમાન -જેક્લીન રેસ-૩ના શુટિંગને લઈ વ્યસ્ત : રિપોર્ટ



**ઓન ધ સ્ક્રીન**

રેમો ડિસોઝા દ્વારા નિર્દેશિથ અને ટિપ્સ ફિલ્મ એન્ડ સલમાન ખાન ફિલ્મસ હેઠળ તૈયાર થઈ રહેલી ફિલ્મ રેસ-૩ ફિલ્મનુ નિર્માણ કામ હવે પૂર્ણ થવા આવ્યુ છે. કારણ કે સલમાન અને જેક્લીને પોતાના હિસ્સાનુ શુટિંગ મોટા ભાગે પૂર્ણ કરી લીધુ છે. આ બન્ને આ ફિલ્મમાં મુખ્ય કલાકાર તરીકે છે. જો કે આ મલ્ટીસ્ટારર ફિલ્મમાં અનિલ કપુર ઈન્સ્પેક્ટર રોબર્ટ આરડી તરીકે નજરે પડનાર છે. જ્યારે બોબી દેઓલ પણ ચાવીરૂપ ભૂમિકામાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મમાં ડેઝી શાહ અને પુજા હેગડે પણ કામ કરી રહ્યા છે. સાકીબ સલીમ પણ નાના અને સારા રોલમાં હોવાની માહિતી સપાટી પર આવી છે . રેસ સિરિઝની ફિલ્મમાં સલમાન ખાન પ્રથમ વખત કામ કરી રહ્યો છે. પહેલાની રેસ શ્રેણીની ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે સેફ અલી ખાન હતો. અનિલ કપુર પહેલા પણ નજરે પડ્યો હતો.

આ સિરિઝમાં જેક્લીન પણ પહેલા હતી. ફિલ્મમાં દિલધડક એક્શન સીન રાખવામાં આવી રહ્યા છે. સાથે સાથે ડોરદાર ડાન્સ સિક્વન્સ રાખવામાં આવનાર છે. બે ફિલ્મ આ સિરિઝની અગાઉ બની ચુકી છે. જે સુપરહિટ રહી હતી.

શરૂઆતમાં માનવામાં આવી રહ્યુ હતુ કે સેફને જ રિપિટ કરવામાં આવનાર છે. જો કે છેલ્લી ઘડીએ સલમાનને લેવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં સલમાન બોલિવુડમાં સૌથી મોટા સ્ટાર તરીકે ઉભર્યો છે. તેની તમામ ફિલ્મો રેકોર્ડ કમાણી કરી રહી છે. તેની છેલ્લી ટાઈગર જિન્દા હે ફિલ્મ રેકોર્ડ કમાણી કરી ગઈ હતી.

આ ફિલ્મ ઓલટાઈમ સૌથી વધારે કમાણી કરનાર ફિલ્મ તરીકે સાબિત હતી. શાહરૂખને નેગેટિવ રોલની ઓફર કરવામાં આવી હતી પરંતુ શાહરૂખે ઈન્કાર કર્યો હતો.

## ગોલ્ડ ફિલ્મને લઈને મૌની રોય ભારે આશાવાદી બની



**સીને**

અક્ષય કુમાર હાલમાં ગોલ્ડ ફિલ્મને લઈને ખુબ વ્યસ્ત છે. આ ફિલ્મ હાથ લાગતા ખુબસુરત મૌની રોય ખુબ આશાવાદી છે. મૌની રોયને બીજી કેટલીક ફિલ્મો પણ હાથ લાગી છે. તે બોલિવુડ કેરિયરને લઈને આશાવાદી છે. આ ફિલ્મ ૧૫મી ઓગષ્ટ ૨૦૧૮ના દિવસે રજૂ કરાશે. અક્ષય કુમારે ફિલ્મના સંબંધમાં માહિતી આપતા કહ્યુ છે કે આ ફિલ્મમાં તે હોકી ખેલાડી તરીકેની ભૂમિકા અદા કરી રહ્યો નથી. હોકી ખેલાડીની ભૂમિકાની તૈયારી અંગે પુછવામાં આવતા અક્ષય કુમારે કહ્યુ હતુ કે મિડિયા પાસ કોઈ માહિતી આવી રહી છે. તે ફિલ્મમાં હોકી ખેલાડીની ભૂમિકામાં નથી. પોતાની આ ફિલ્મના પ્રથમ લુકને સોશિયલ મિડિયા પર રજૂ કરતા અક્ષય કુમારે કહ્યુ છે ક તેઓ એક નવા સફરની શરૂઆત કરવા જઈ રહ્યા છે. લક્ષ્ય ગોલ્ડથી ઓછા તરીકે નથી. ગોલ્ડ ફિલ્મ હોકી ખેલાડી બલબીરસિંહના જીવન પર આધારિત ફિલ્મ છે.

આ ફિલ્મને હાલમાં ફરહાન અખ્તર અને રિતેશ સિદ્ધવાની પ્રોડ્યુસ કરી રહ્યા છે. ફિલ્મમાં અક્ષય કુમારની સાથે કૃણાલ કપુર, અમિત સાધ અને ટેલિવીઝનની લોકપ્રિય અભિનેત્રી મોની રોય નજરે પડનાર છે. ફિલ્મને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. અક્ષય કુમારને બોલિવુડમાં સુપરસ્ટાર કલાકાર તરીકે ગણવામાં આવે છે.

અક્ષય કુમાર હાલમાં જોલી એલએલબી અને રૂસ્તમ ફિલ્મમાં નજરે પડ્યો હતો. ટોઈલેટ એક પ્રેમ કથા પણ તેની સારી રહી હતી. બન્ને ફિલ્મોમાં ચાહકોએ તેની ભૂમિકાની પ્રશંસા કરી હતી. હજુ તેની પાસે મોટા બજેટની કેટલીક ફિલ્મો રહેલી છે. અક્ષય કુમારે પોતાની કેરિયરમાં મોટા ભાગે એક્શન અન કોમેડી ફિલ્મમાં ભૂમિકા અદા કરી છે. હોકી પર આધારિત ફિલ્મને લઈને ખુશ છે

## સલમાનની કિક-૨ ફિલ્મ ૨૦૧૯ ક્રિસમસ પર રજૂ



સલમાન ખાનના ચાહકો માટે ખુબ સારા સમાચાર છે. કારણ કે વર્ષ ૨૦૧૪માં રજૂ કરવામાં આવેલી અને બોક્સક ઓફિસ પર શાનદાર સફળતા હાંસલ કરનાર કિક ફિલ્મની સિક્વલ બનાવવાનો નિર્ણય આખરે કરી લેવામાં આવ્યો છે. આના માટે સલમાન ખાન અને સાજિદ નડિયાદવાલાએ હાથ મિલાવ્યા હોવાના હેવાલ મળ્યા છે. ફિલ્મ ક્રિટિક ટ્રેડ નિષ્ણાંતે કહ્યુ છે કે આ મોટી જાહેરાત કરવામાં આવી ચુકી છે. કિક-૨ ફિલ્મમાં સલમાન ખાન જ કામ કરનાર છે. સાજિદ જ ફિલ્મનુ નિર્દેશન કરનાર છે. આ ફિલ્મ વર્ષ ૨૦૧૯માં ક્રિસમસ પર રજૂ કરવાનો પ્રાથમિક નિર્ણય કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે સલમાન ખાનના ચાહકો ક્રિસમસ ૨૦૧૯માં એક મોટી ફિલ્મ જોઈ શકશે. સલમાન છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડમાં સુપર સ્ટાર તરીકે છે. તે સૌથી સફળ સ્ટાર તરીકે પુરવાર થઈ રહ્યો છે. તેના નામ પર ફિલ્મો હિટ સાબિત થઈ રહી છે. તેની છેલ્લે ટાઈગર જિન્દા હે ફિલ્મ આવી હતી. જે રેકોર્ડ સફળતા હાંસલ કરી ગઈ હતી. બોલિવુડની સૌથી મોટી ફિલ્મ તરીકે તે ફિલ્મ સાબિત થઈ છે. વર્ષ ૨૦૧૯માં સલમાનની બે ફિલ્મો રજૂ કરવામાં આવનાર છે. જેમાં દેશભક્તિ પર આધારિત ફિલ્મ ભારતનો સમાવેશ થાય છે. જેમાં તે જુદા જુદા રોલમાં દેખાશે. બીજી કિક-૨ રહેશે. જે એક્શનથી ભરપુર ફિલ્મ રહેશે. કિક-૨ ફિલ્મની પટકથા ત્યાંથી જ શરૂ થશે જ્યાં તે ફિલ્મ પૂર્ણ કરાઈ હતી. મુળ ફિલ્મમાં તેની સાથે જેક્લીન અને રણદીપ તેમજ નવાજુદ્દીનની ભૂમિકા હતી. આ ફિલ્મ ચાહકોને ખુબ પસંદ પડી હતી. ફિલ્મનુ શુટિંગ સલમાન ખાન હાલની બે ફિલ્મમાંથી બહાર આવ્યા બાદ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે.

## રણવીર અને દિપિકા વચ્ચે બ્રેક અપના અહેવાલ ખોટા



રણવીર સિંહ અને દિપિકા વચ્ચે બ્રેક અપના હેવાલની વચ્ચે હવે એવા હેવાલ આવ્યા છે કે પબ્લિસિટી સ્ટન્ટના ભાગરૂપે બ્રેક અપના `હેવાલ વહેતા કરવામાં આવ્યા હતા. રણવીર સિંહના હાલના એક નિવેદનથી સ્પષ્ટ થઈ જાય છે કે તેમની વચ્ચે કોઈ બ્રેક અપની સ્થિતી હાલમાં નથી. પદ્માવતના પ્રમોશનને લઈને પણ થોડાક દિવસ પહેલા દેખાયા હતા. હાલમાં દરેક જગ્યાએ બન્ને સાથે નવજરે પડે છે. બન્ને વચ્ચે ખુબ સારી કેમિસ્ટ્રી જોવા મળી રહી છે. સંજય લીલાની નવી ફિલ્મ પદ્માવત આ બન્ને હાલમાં સાથે કામ કરી ચુક્યા છે. ફિલ્મમાં દિપિકા પદ્માવતિની ભૂમિકા અદા કરી છે. જ્યારે ફિલ્મમાં તેના પતિની ભૂમિકામાં શાહિદ કપુર નજરે પડ્યો હતો. જે રાજા રતનસિંહની ભૂમિકામાં નજરે પડ્યો હતો.

## પરીક્ષા ખંડમાં...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નીરીક્ષકને આપ્યા વિના જતો રહેશે તો પણ તેનું પરિણામ રદ કરાશે અને તેને પછીના વર્ષની પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવે, વિદ્યાર્થી જો બીજા વિદ્યાર્થી પાસેથી ઉત્તરવહી ઝુંટવી લેશે તો પણ તેનું પરિણામ રદ ગણાશે, પરીક્ષા દરમ્યાન જો વિદ્યાર્થી ઘાતક હથિયાર કે શસ્ત્ર જેવી ચીજવસ્તુ લઈને આવે અને હિંસક કૃત્ય આચરવાનો પ્રયાસ કરશે તો પણ તેની પરીક્ષા રદ કરી તેને કાયમ માટે પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવે, જો ઉત્તરવહી પર લગાવાયેલું સ્ટીકર ઉખાડવાનો વિદ્યાર્થી દ્વારા પ્રયાસ કરાશે તો પણ તેનું પરિણામ રદ ગણાશે, સીસીટીવી ફુટેજમાં પણ જો વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થી સાથે મૌખિક કે સાંકેતિક ભાષામાં ઈશારો કરતા ઝડપાશે અથવા તો સૂચક સંદેશો કરતો પકડાશે તો તેનું તે વિષયનું પરિણામ રદ કરવામાં આવશે. બોર્ડ દ્વારા આવા આકરા નિયમો લાગુ કરવાને કારણે વિદ્યાર્થીઓના પરીક્ષાના માનસિક તાણ ઉપરાંત બોર્ડ તરફથી ટેન્શનમાં વધારો નથી કરાઇ રહ્યો તેવા પ્રશ્ન અંગે બોર્ડ સત્તાવાળાઓએ બચાવ કર્યો હતો કે, વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા જ ગેરરીતિ સામે જાગૃત કરવાનો બોર્ડનો આશય છે, કે જેથી તેઓ છેલ્લી ઘડીયે પકડાય નહી. આ નિયમોથી વિદ્યાર્થીઓમાં ડર ઉભો કરવાનો કોઇ આશય નથી પરંતુ સ્વચ્છ અને ગેરરીતિ વિના સુંદર વાતાવરણમાં પરીક્ષા યોજાય તે જ ઉમદા હેતુ છે.

## ધાનેરા તા.પં.ની...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કોંગ્રેસના ઉમેદવારો ભાંજણા - ખરાણા જેબરબેન જેઠાભાઈ, ધાખા - ભાંડ દલસીબેન, હડતા - દેવડા ચંદનકુંવર જુજારસિંહ, જોરાપુરા - ચૌધરી અંબા ભાણાભાઈ, નેનાવા - પાંસલ રામજીભાઈ સોમાભાઈ, અનાપૂર - પટેલ વિહાભાઈ નારણાભાઈ, માલોતરા - ગોહીલ પ્રેમીલાબેન ગોકળાભાઈ, રવિયા - ઉલવા જોરાભાઈ, વણાભાઈ, શીયા - પરમાર ખેમાજી કલાજી, થાવર - કાળમા અજબા પેમા, કુમર - ધુળીયા ધાનુબેન રાજાજીભાઈ, રૂણી - પટેલ કાળાભાઈ ગણેશભાઈ, સામરવાડા - દેવડા ભવજી વનજી, વાલેર - દેસાઈ ભાવાભાઈ દાંનાભાઈ, સરાલ - કડુઆતર રમેશભાઈ જકશીભાઈ, વાસણ ભોગરા જવાનજી રડમલજી, મગરાવા - પટેલ નારણભાઈ નગાજી, જડીયા - પટેલ વારીબેન ઉમાજી, ધરણોધર - કાગડાતર દાડમબેન પથુજી, ભાટીબ - સોલંકી પુરણકંવર મહેન્દ્રસિંહ, આલવાડા - પટેલ પ્રભાબેન મફાભાઈ, અનાપુર છોટા - કોળી મસરાભાઈ ગલબાજી, ભાટરામ - તુરી લવંગાબેન સવાજી, ખીંમત - ૧ ઠાકોર ચંદાબેન જેસુંગજી, ખીંમત - ૨ ચૌધરી રાજીબેન અજબાભાઈ, વાછોલ - પટેલ પદમાભાઈ પાતાભાઈ.

## પાલનપુરના પીઢ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

બનાસકાંઠા જિલ્લામાં જિલ્લો તાલુકો શહેર અને ગ્રામ્ય કક્ષાએ યુવાનોના ૧૦૦૦ એક હજાર તેમજ મહિલાઓના ૮૦૦ જેટલા મંડળો બનાવીને બનાસકાંઠા જિલ્લાને રાજયકક્ષાએ પ્રથમ હરોળમાં લાવી કાર્યરત કરેલ. આ મંડળોને રાજય સરકારની સહાયથી રમત ગમતની કીટોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

બહુમુખી પ્રતિમાના સ્વામી એવા શ્રી ગણપતભાઇ જોષીએ વ્યવસાય તરીકે પત્રકારત્વને સ્વીકારી સમાજ સેવાને મંત્ર બનાવેલ છે. છેલ્લા ૪૦ વર્ષથી પત્રકારત્વક્ષેત્રે કાર્યરત શ્રી ગણપતભાઇ જોષી પત્રકાર તરીકે પણ જિલ્લાભરના જાહેર જીવનમાં માન મોભાભર્યુ સ્થાન મેળવ્યું છે. આમ ગુજરાતના રાજયપાલશ્રીના વરદહસ્તે ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ ૨૦૧૭ પ્રાપ્તગ કરનાર શ્રી ગણપતભાઇ જોષીએ પાલનપુર શહેર અને બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તેમના વિશાળ ચાહક વર્ગ અને મિત્રવર્તુળમાં આનંદની લાગણી વ્યાપી છે.

## બનાસ ડેરી દ્વારા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સામાન્ય રીતે પશુઓને તણાવમુક્ત રાખવા જોઈએ, ખાસ કરીને તેઓને દૂધના ઉત્પાદનના પ્રમાણમાં સમતોલ આહાર આપવો જોઈએ, તેઓને નિયમિત મિનરલ મિક્ષ્ચર આપવું જોઈએ, કૃમિનાશક દવાઓ તથા રસીકરણ સમયાનુસાર નિયમિત કરાવવું તથા નવા પશુઓ બહારથી ન ખરીદતા જાણીતા પશુમાલિક કે આજુ-બાજુથી જ લાવવા, તેઓને લાવીને તેને યોગ્ય રસીકરણ કરીને જ થોડા દિવસ (વધુમાં વધુ ૧૨૦ દિવસ) એકલા બાંધવા જોઈએ જેથી કરીને જો તે પશુઓ કોઈ રોગના વાહક હોય તો તેનો રોગ અન્ય પશુઓમાં ફેલાય નહિ.

## ભાભર તાલુકા ...

**પાના નં .૮ ચાલુ**

ફોર્મ રજુ થયા હતા, ભાભર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બે સીટો કબજે કરવા ભાજપ-કોંગ્રેસ ભારે જોર લગાવી રહ્યા છે. ફોર્મ ખેંચાયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે કંઈ પાર્ટી માં ટીકીટ મુદ્દે નારજગી કેટલી થાય છે ? પાર્ટીના મોવડી મંડળ આસંતોષ શાંત કરવામાં કેટલા સફળ થાય છે ? તેની ઉપર જીત નક્કી થાય તેમ છે. સ્થાનીક ચૂંટણીમા પક્ષ કરતા વ્યક્તિ વધુ ચાલે છે. સારા ઉમેદવારોને લોકો જીતાડે છે. છેલ્લે તો કિસ્મત આધારીત જીત થતી હોય છે.

## પાલનપુરમાં ગૃહસ્થના...

**પાના નં .૮ ચાલુ**

રોકડા રૂપિયા ૧,૧૦,૦૦૦, સોનાની કડીઓ કઢાવી ફરાર થઇ ગયો હતો. ભાનમાં આવ્યા બાદ આ અંગેની જાણ થતાં તેમણે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે અજાણ્યા શખ્સ સામે ગૂનો નોંધી પીએસઆઇ કે. એન. જેઠવાએ વધુ તપાસ હાથ ધરી છે.

## જિલ્લા - તાલુકાના...

**પાના નં .૮ ચાલુ**

યાકુબભાઈ તાજપુરવાળા, ગુલાબભાઈ શેરા અને અન્ય એક ઈસમ સામે પોલીસમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી. વધુ માહિતી મુજબ ત્રણ થી ચાર અન્ય ઈસમો દ્વારા મેન્ડેડ લઈ આવેલ ગાડીને હાઈજેક કરી એક શો રૂમમાં મેન્ડેડ લઈ જઈ મેન્ડેડ બદલી નાખ્યા હોવાનો આક્ષેપ પૂર્વ પ્રમુખ હબીબભાઈ એવરાએ કર્યો હતો. મેન્ડેડને લઈ પૂર્વ પ્રમુખ ઉપર થયેલા હુમલાના બનાવથી જિલ્લા કોંગ્રેસથી માંડી આ ધુણાસ્પદ બનાવના પડઘા પ્રદેશ સુધી પડ્યા હોવાનું જાણવા મળે છે.

## વડગામ તા.પં.માં ૧૫૭...

**પાના નં .૮ ચાલુ**

૪૭ ઉમેદવારો મેદાનમાં આવ્યા છે. વડગામ તાલુકા પંચાયત તથા મામલતદાર કચેરીમાં ઉમેદવારી ફોર્મ ભરવા ટેકેદારોના ટોળેટોળા ઉમટયા હતા. કોંગ્રેસ - ભાજપ બંન્ને પક્ષના મેન્ડેટ ફાળવ્યા પછી રાજકારણ ગરમાયું હતુ. ખુશી - ગમના માહોલ સાથે જિ.તા.પં. સામાન્ય ચૂંટણીના ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી શાંતી પુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. હવે ભરાયેલ ફોર્મની આજે ચકાસણી થશે.

## કાંકરેજમાં તાલુકા...

**પાના નં .૮ ચાલુ**

શિહોરી જી-પં વસંતીબેન અરવિંદભાઈ ગોહિલ ભાજપ મફિબેન બચુજી મકવાણા-કોંગ્રેસ-તેરવાડા જી.પં સીટ ડામરાભાઈ લવજીભાઈ ખરસણ ભાજપ અને ભુપતાજી મકવાંણા કોંગ્રેસ વડા-જી.પં પ્રવિણસિંહ ઉમેદસિંહ ભાજપ, ચમનજી રાઠોડે કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

## ડીસા આરટીઓ...

**પાના નં .૮ ચાલુ**

પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને આ ભ્રુણ કેટલા સમયથી અહીં હતું? આ ભ્રુણ કૉણે ફેંક્યું છે ? તે સહિતના અનેક સવાલોના જવાબો મેળવવા તજવીજ હાથ ધરી હતી.અંતે મૃત ભ્રુણને સેવા ભાવિ લોકો દ્વારા પી. એમ અર્થે ડીસા સિવિલ ખસેડવામાં આવ્યું હતું.

## ડીસા પંથકમાં...

**પાના નં .૮ ચાલુ**

હતું. તેટલું શક્કરટેટીનું બિયારણ વેચાઈ ચુકયું છે. અને હજુ શક્કરટેટીના બિયારણની મોટી માંગ રહેલી છે. બજારોમાં શક્કરટેટીના બિયારણની અછત જોવા મળી રહી છે. જેથી અનુમાન લગાવી શકાય છે કે ગત વર્ષ કરતાં બમણુ વાવેતર થવાની ધારણા રહેલી છે. બિયારણના ભાવ પણ ઉચા હોવા છતાં ખેડૂતો શક્કરટેટીના વાવેતરમાંથી વળતર સારું મળતું હોવાથી મોટાભાગના ખેડૂતો શક્કરટેટીનું વાવેતર કરવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ૬૦ થી ૭૦ દિવસ સુધી ઉભી રહેતી શક્કરટેટીમાં ઓછા સમયમાં વધુ ઉત્પાદન અને સારૂ વળતર મળતુ હોવાથી ખેડુતોએ અત્યારથી શક્કરટેટીના વાવેતર તરફ લાગી ગયા છે. ડીસા પંથકમાં એક સમયે નદીમાં થતી શક્કરટેટી અત્યારે ખેતરોમાં થવા લાગી છે ડીસાની શક્કરટેટીની દીલ્લી - પંજાબ જેવા રાજયમાં સારી માંગ રહેતી હોય છે. જેના કારણે શરૂઆતમાં ખુબ સારા ભાવ જોવા મળતા હોય છે. અન્ય પારંપરીક ખેતી કરતા ખેડુતો નવી ખેતી કરી વધુ સારી કમાણી કરે છે. ત્યારે બટાટાના હબ તરી-કે જાણીતા ડીસા પંથકમાં આગામી સમયમાં શક્કરટેટી માટે પણ પ્રખ્યાત થાય તો પણ નવાઈ નહી ! જેથી આ વર્ષ શક્કરટેટીનું રેકોર્ડ વાવેતર થવાની શક્યતાઓ રહેલી છે.

## પોતાના મોભી ...

**પાના નં .૮ ચાલુ**

મોટા સામાજિક દુષણો - ઢોર ચોરી અને વિવિધ સામાજિક કુરિવાજો સામે જબરજસ્ત ઝૂંબેશ ચલાવી અને ઢોર ચોરી સામેની લડતમાં જ શહીદી વહોરી લેનાર - વીર શહીદ શ્રી ત્રિભોવનદાસ પટેલ અને શાંતાબેનના ઘેર તા. ૮ મી માર્ચ, ૧૯૪૪ના રોજ જન્મેલા અનિલભાઈને સમાજ સેવાના સંસ્કાર ગળથૂંથીમાં જ મળ્યા હતા. ગાંધીજી અને વિનોબાના વિચારોથી ભારે પ્રભાવિત એવા પિતા ત્રિભોવનદાસભાઈનું આંગણું પણ શ્રી વિનોબાજીએ પાવન કર્યું હતું. એટલું જ નહી પોતાની દસ - બાર વીઘા જેવી ઓછી જમીનમાંથી પણ એક ટૂકડો એમણે વિનોબાના ભૂમિદાન યજ્ઞમાં સમર્પિત કર્યો હતો અને એટલે જ અનિલભાઈ પોતાની જીવન યાત્રાની સફળતાનું શ્રેય એમના પિતાશ્રીને આપતા હતા અને એમને જ પોતાના મુખ્ય પ્રેરણા - સ્ત્રોત ગણાવતા હતા.

પિતાની છત્રછાયા ગુમાવી ત્યારે અનિલભાઈ માંડ અગિયારેક વર્ષની ઉંમરના હતા. એમણે પ્રાથમિક શિક્ષણ લણવાની ગુજરાતી પ્રાથમિક શાળામાં લીધું તો માધ્યમિક શિક્ષણ કડીની સર્વ વિદ્યાલયમાં લીધું હતું, અહી વિદ્યાગુરૂ શ્રી છગનભાએ અનિલભાઈમાં વિદ્યા ઉપરાંત અને માનવીય સદગુણોનું સંસ્કાર સિંચન કર્યું. કોલેજ કરવા અનિલભાઈ વલ્લભ વિદ્યાનગર ગયા, ત્યાંની બિરલા વિશ્વકર્મા મહા વિદ્યાલયમાંથી એન્જિનિયર થઈ માસ્ટરનું ભણવા અમેરિકા ગયા.

અહીંથી જ અનિલભાઈના જીવનમાં પછીથી થનારા એક મહાન પરિવર્તનનાં બીજ રોપાયાં. વલ્લભ વિદ્યાનગર જેવું જ એક આધુનિક વિદ્યાધામ પોતાની માતૃભૂમિ ઉત્તર ગુજરાતમાં ઊભું કરવાનું એક સપનું લઈને અમેરિકા ગયેલા અનિલભાઈએ એમ.ટેકની ડીગ્રી અને સારી નોકરી અમેરિકામાં મળી ગઈ હોવા છતાં ત્યાંના વૈભવી જીવનની લાલચ છોડીને ભારત પાછા ફર્યા - એમનું પેલું સપનું પૂરું કરવા !દરમિયાનમાં શ્રી અનિલભાઈનું લગ્ન થઈ જતા એક સુશીલ અને સમજદાર જીવન-સંગિની તરીકે શ્રીમતી શારદાબેનનો સાથ પણ અનિલભાઈ માટે મોટા બળ અને પ્રેરણારૂપ બની રહ્યો. અમેરિકાથી પરત આવ્યા બાદ પિત્રાઈ મોટાભાઈ શ્રી મણિભાઈ, ભાઈઓ શ્રી અરવિંદભાઈ, શ્રી અજીતભાઈ અને શ્રી અશોકભાઈ અને મિત્રોના સહયોગ સાથે નાનકડી ફેક્ટરી રૂપે શરૂ થયેલી 'એપોલો ઈન્ડસ્ટ્રીઝ' સમય જતા પબ્લિક લિમિટેડ બની અને આજે સેકંડો કરોડોના ટર્નઓવર સાથે અર્થ મૂવિંગ ઇક્વિપમેન્ટ ઉત્પાદન ક્ષેત્રે દેશની ટોચની કંપની તરીકે નામના પામી છે. અનિલભાઈની સેવા-યાત્રાનો પ્રારંભ મહેસાણાની આર્ટસ-કોમર્સ અને સાયન્સ કોલેજો ચલાવતા સરદાર વિદ્યાભવન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી બનવાના આમંત્રણ સાથે થયો. હજુ ૩૦ વર્ષની ઉંમર ઓળંગીને જીવનના ચોથા દાયકામાં હમણા જ પ્રવેશ કર્યો હતો અને અનિલભાઈને આ જવાબદારી સોંપાઈ અને એમણે હિંમતપૂર્વક એ સંભાળી અને સફળતા પૂર્વક નિભાવી પણ ખરી !

જો કે અનિલભાઈના મનમાં પડેલા પેલા વિદ્યાનગરી ઊભી કરવાનાં સપનાને મૂર્ત સ્વરૂપ આપવામાં નાગલપુરનું આ વિદ્યા સંકુલ જ નિમિત્ત બન્યું. સરદાર વિદ્યાભવનની સાયન્સ કોલેજના વિકાસ કાર્ય માટે ૨૦-૨૫ લાખ જેવા ભંડોળની જરૂર હતી. ઉત્તર ગુજરાતના જ ભૂણાવ ગામના વતની અને અમેરિકા સ્થિત શ્રેષ્ઠી શ્રી ગણપતભાઈ પટેલે એ દાન આપ્યું અને ગણપતભાઈ જ્યારે મહેસાણા આવ્યા ત્યારે અનિલભાઈએ પેલી આધુનિક વિદ્યાનગરી ઊભી કરવાના સપનાની વાત ગણપતભાઈના મનમાં પણ રોપી. હવે એ સપનું આ બંને દ્દષ્ટિવંત મહાનુભાવોનું જાણે સહિયારું થઈ ગયું ! ગણપતભાઈએ ગણપત વિદ્યાનગરની પાવનભૂમિ માટે પાંચ કરોડનું દાન આપ્યું અને શ્રી ઉગરચંદભાઈએ એન્જિનિયરિંગ કોલેજ માટે દાન આપ્યું. પછી તો દાનનો પ્રવાહ વહેતો થયો જેમાં શ્રી. બી. એસ. પટેલ, આચાર્ય શ્રી મોતીભાઈ પટેલના સુપુત્રી હસુબેન અને જમાઈ શ્રી ડી. એસ. પટેલ, શ્રી દશરથભાઈ પટેલ, શ્રી સાંકળચંદભાઈ પટેલ, મહેસાણાની અર્બન બેંક જેવા અનેક દાનવીરો જોડાયા અને ગણપત વિદ્યાનગરની પવિત્ર ભૂમિ ઉપર આજે ફાર્મસી, મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર સાયન્સ, બાયો સાયન્સ, સોશિયલ સાયન્સ અને એજ્યુકેશનની કોલેજો માટે દસથી વધારે ભવનો, ૪૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને રહેવા-જમવાની આધુનિક સુવિધાઓ આપતા અનેક છાત્રાલયો, સવાસોથી વધુ સ્ટાફ-ક્વાટર્સ, શોપિંગ સેન્ટર, જીમ, ક્લિનિક, બે બેંકો, કેન્ટીન, બસ સર્વિસ, વિશાળ ઓપન એર થિયેટર, એસી ઓડિટોરિયમ જેવી અનેક સુવિધાઓથી આ હરિયાળું સંકુલ દસ હજાર જેટલાં વિદ્યાર્થીઓનાં કારકિર્દી અને ચારીત્ર્ય ઘડતર માટે નિમિત્ત બની રહ્યું છે. ગુજરાત સરકારે ગણપત વિદ્યાનગરની શૈક્ષણિક ગુણવત્તા પારખીને ૨૦૦૫માં તેને 'યુનિવર્સિટી'નું સ્ટેટસ આપ્યું તો યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુ.જી.સી.) એ તેને માન્યતા આપી.

મહેસાણાના ધારાસભ્ય તરીકે બે વાર ચૂંટાયેલા શ્રી અનિલભાઈ પટેલે તેમની પહેલી ટર્મમાં રાજ્યના ઉદ્યોગમંત્રી તરીકે પણ વાઈબ્રન્ટ સમિટ સહિત અનેક સરકારી કામોમાં સફળતા પૂર્વક પોતાની ક્ષમતા પૂરવાર કરી હતી.

ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરના વિદ્યાર્થીઓ અને વાલીઓનાં હૃદયમાં "વિદ્યા-શિલ્પી" તરીકે આદરભર્યું સ્થાન હાંસલ કરનાર અનિલભાઈએ ગણપત વિદ્યાનગરના નિર્માણ - સંવર્ધન કાર્ય ઉપરાંત પણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, મહેસાણા અર્બન કો.ઓ. બેંક, લાયન્સ

આભાર - નિહારીકા રવિયા જનરલ હોસ્પિટલ, ઉમિયા માતા સંસ્થાન, ઉંઝા; જીઆઈડીસી, ઈન્ડિયન રોડ્ઝ કોંગ્રેસ જેવી અનેક સંસ્થાઓના વિકાસમાં પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

ઉત્તર ગુજરાત સહિત સમગ્ર ગુજરાતમાં અને દેશ-પરદેશમાં વસતા ગુજરાતીઓ માટે આજથી 'સ્વર્ગસ્થ' નહી પરંતુ 'હૃદયસ્થ' થયેલા શ્રી અનિલભાઈ પટેલ એમની પાછળ પોતના પરિવારમાં પત્ની શારદાબેન બે પુત્રો શ્રી આસિતભાઈ તથા શ્રી આનંદભાઈ, તેમનાં બાળકો ઉપરાંત ગણપત વિદ્યાનગરના હજારો વિદ્યાર્થીઓ - પ્રાધ્યાપકો તેમજ એપોલો ઈન્ડસ્ટ્રીઝના હજારો કર્મચારીઓ સહિતનો વિશાળ પરિવાર કલ્પાંત કરતો છોડી ગયા છે.

એમના પાર્થિવ દેહને આજે સવારે ગણપત વિદ્યાનગરના સંકુલમાં લોકોના દર્શન માટે ખૂલ્લો રખાયા બાદ મહેસાણાની સ્મશાન ભૂમિ ખાતે અગ્નિ સંસ્કાર કરવાનું આયોજન થયું હતું. અહીં એમના પાર્થિવ - દેહના દર્શન કરી પોતાના હૃદયની શ્રદ્ધાંજલિ અર્પણ કરનારા હજારો લોકોમાં

પેટ્રન-ઈન-ચિફ શ્રી ગણપતભાઈ પટેલ, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, વિજાપુરના ધારાસભ્ય અને ટ્રસ્ટી શ્રી રમણભાઈ પટેલ, શ્રી દશરથભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી ખોડાભાઈ પટેલ મહેસાણા અને આસપાસના વિસ્તારોના અનેક અગ્રણી મહાનુભાવો, ટ્રસ્ટીશ્રીઓ, યુનિવર્સિટી બોર્ડ મેમ્બર શ્રી પ્રકાશ જાની, યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા, રજીસ્ટ્રાર ડૉ. શ્રી અમિતભાઈ પટેલ, વિવિધ વિભાગોના વડા, આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં એમના ચાહકો અને સામાન્ય પ્રજાજનો જોડાયા હતા.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૩૯૬૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૩૯૬૦૦
સોનુ તોલો ૩૦૭૦૦-૩૧૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૫૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૫૧૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૨૫૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૩૦૦-૩૪૦૦**
**ખાંડ એમ. ૩૪૫૦-૩૫૦૦**
ખાંડએલ. ૩૫૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૬૦
સુકી ડુંગળી ૪૪૦-૫૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૨૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૭૦૦

## ફિલ્મી સીતારા

**અનુસંધાન ૫ નું ચાલુ**

આ ફિલ્મોમાં 'રામલખન' જીવન એક સંઘર્ષ' પ્રતિકાર,સૌગંધ,ખલનાયક, અનાડી, બાજીગર,કરણ અર્જુન,સોલ્જર જેવી ફિલ્મો ખાસ ઉલ્લેખનીય રહી હતી.

ફિલ્મ રામ લખનમાં પોતાના સશક્તિ અભિનયનના કારણે રાખીને સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર પ્રાપ્ત થયો.હતો.૧૯૯૩ના વર્ષમાં પ્રદર્શિત ફિલ્મ 'રૂદાલી' રાખીની મહત્વપુર્ણ ફિલ્મોની એક છે.રાજસ્થાનની પૃષ્ઠભૂમિ પર બનેલ આ ફિલ્મમાં રાખીએ એક એવી યુવતીની ભૂમિકા ભજવી હતી. જે કોઈના મોત પછી રડવાની ભૂમિકા ભજવીને પોતાનું ભરણ પોષણ કરે છે.જો કે આ ફિલ્મ ટીકિટ બારી પર અસફળ બની પરંતુ પોતાના અભિનય દ્વારા પ્રેશકોના દિલ જીતી લીધા હતા.ફિલ્મી જગતના સોનેરી પડદા પર રાખી અમિતાભની જોડી સુપરહિટ સાબિત થઈ હતી.આ જોડી એ સૌ પ્રથમ વાર ૧૯૭૬માં પ્રદર્શિત ફિલ્મ 'કભી કભી' માં સામે આવી.ત્યારબાદ આ જોડી એ કસ્મેવાદે ,મુકદર કા સિંકદર,ત્રિશુલ, જુર્માના,કાલા પથ્થર,બરસાત કી એક રાત,બેમિસાલ, રિશ્તા, ધ બોન્ડ ઓફ લવમાં એક સાથે કામ કરીને પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતુ.

રાખીએ પોતાની ફિલ્મી કરિયરમાં ફિલ્મ ફેયર નો એવોર્ડ ત્રણવાર મળ્યો હતો.એમા સૌ પ્રથમ 'દાગ' ફિલ્મ માટે સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના રૂપમાં ત્યાર બાદ ૧૯૭૬માં તપસ્યા ફિલ્મમાં સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર અને ૧૯૮૧માં રામલખન ફિલ્મ માટે સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના રૂપમાં ફિલ્મ ફેયર પુરસ્કાર પ્રાપ્ત થયો છે.૨૦૦૩ માં પ્રદર્શિત ફિલ્મ 'શુભ મુર્હૂત' માટે રાખીને સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના રૂપમાં રાષ્ટ્રીય પુરસ્કાર અને ફિલ્મી ક્ષેત્રે રાખીના મહત્વપુર્ણ યોગદાન જોઈને ભારત સરકારે ૨૦૦૩ના વર્ષમાં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરેલ છે.રાખીએ પોતાની ત્રણ દશક લાંબી ફિલ્મી કેરિયરમાં લગભગ ૯૦ જેટલબી ફિલ્મોમાં કામ કર્યું છે.રાખી હાલના દિવસોમાં નિવૃત જીવન પસાર કરી રહી છે.

**કમલેશ કંસારા**

## રણવીર અને દિપીકા

**અનુસંધાન ૫ નું ચાલુ**

પડી રહ્યો છે. રણવીર ફિલ્મમાં નકારાત્મક ભૂમિકામાં રહ્યો છે. તે ફિલ્મમાં અલાઉદ્દીન ખિલજીની ભૂમિકા કરીને તમામને પ્રભાવિત કરવામાં સફળ રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં એવા હેવાલ આવ્યા હતા કે બન્ને વચ્ચે બ્રેક અપની સ્થિતી છે. સંબંધોમાં તિરાડ પડી હોવાના હેવાલ આવ્યા હતા. જો કે હવે જાણવા મળ્યુ છે કે તમામ હેવાલ જાણી જોઈને વહેતા કરવામાં આવ્યા હતા.

નવી ફિલ્મ પદ્માવતમાં બન્નેના કોઈ સાથે સીન નથી. જો કે ફિલ્મના ક્રુ લોકો પણ કોઈ ટિપ્પણી કરવા માટે તૈયાર નથી. તેમની વચ્ચે કોઈ બ્રેક અપની સ્થિતી નથી. હવે ક્રુ મેમ્બરો પણ કહી રહ્યા છે કે તેમની વચ્ચે કોઈ મતભેદ નથી. છેલ્લા કેટલાક સમયથી તેમની વચ્ચે મતભેદો હોવાના હેવાલ આવી રહ્યા હતા. દિપિકા પાસે હાલમાં અનેક ફિલ્મ છે. રણવીર પણ કેટલાક નિર્માતા નિર્દેશકોની ફિલ્મ ધરાવે છે. આવી સ્થિતીમાં બન્ને હાલમાં ખુબ વ્યસ્ત થયેલા છે.

# ફિટનેસને વધુ પ્રાથમિકતા આપે છે : પરિણિતી ચોપડા

બોલિવુડમાં હાલમાં ભારે લોકપ્રિયતા મેળવી રહેલી અભિનેત્રી પરિણિતી ચોપડાએ કહ્યુ છે કે તે ફિટનેસને સૌથી વધારે પ્રાથમિકતા આપે છે. કોઈ પણ કામ હોય તો પણ તે ફિટનેસને લઈને ઉદાસીનતા રાખતી નથી. ફિટનેસના મામલે તે કોઈ બાંધછોડ પણ કરતી નથી. વર્ષ ૨૦૧૬માં ફિલ્મોમાંથી બ્રેક લીધા બાદ પરિણિતી ચોપડાએ મોટા ભાગે શારરિક ફિટનેસ પર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યુ હતુ. તેનુ કહેવુ છે કે તેને ફિટનેસ પર ધ્યાન આપવામાં આવ્યા બાદ ફાયદો થયો છે. રોહિત શેટ્ટીની ફિલ્મ ગોલમાલ અગેઈનમાં કામ કર્યા બાદ તે ભારે ખુશ છે. પહેલા કરતા વધારે ફિટ અને સારી દેખાયા બાદ તે ગોલમાલ અગેઈનમાં ચમકી હતી. તેના વજનમાં ઘટાડો થયા બાદ તે વધારે ખુશ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા પરિણિતી ચોપડાએ કહ્યુ છે કે ફિલ્મને લઈને તે ભારે આશાવાદી હવે બનેલી છે. ચોપડાએ એમ પણ કહ્યુ છે કે ફિટ રહેવાની બાબતના કારણે તેને જુદા જુદા પ્રકારના રોલ મળી રહ્યા છે. હાલમાં પરિણિતી ચોપડા પાસે બે ફિલ્મો રહેલી છે. જેમાં સંદીપ ઓર પિન્કી ફરાર નામની ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મમાં તેમની સાથે અર્જુન કપુર કામ કરી રહ્યો છે. ફિલ્મને ત્રીજી ઓગષ્ટના દિવસે રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે.

બીજી બાજુ તેની પાસે મોટા બજેટની કેસરી નામની ફિલ્મ છે. જેમાં તે અક્ષય કુમારની સાથે કામ કરી રહી છે. બોલિવુડના સૌથી સફળ સ્ટાર પૈકી એક એવા અક્ષય કુમારની સાથે તેની આ ફિલ્મ ૨૧મી માર્ચ ૨૦૧૯ના દિવસે રજૂ કરવાની તૈયારી હાલમાં કરવામાં આવી છે. અક્ષય કુમાર જેવા મોટા સ્ટાર સાથે ફિલ્મ મળતા તે ખુશ છે. તે છેલ્લે અજય દેવગનની સાથે ગોલમાલ અગેઈનમાં નજરે પડી હતી.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ....................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : .........................................

# રાધનપુર તાલુકાની ચલવાડા ગામની શાળાના ભુલકાંઓએ શહીદોને શ્રદ્ધાંજલિ આપી



પ્રતિનિધિ રાધનપુર

તાજેતરમાં ભારતીય લશ્કરના કેપ્ટન કુંડુ સહીત ચાર જવાનો પાકિસ્તાનના ગોળાબારીમાં શહિદ થતા સમગ્ર દેશમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી,રાધનપુર તાલુકાના ચલવાડા ગામની પ્રાથમિક શાળાના ભૂલકાઓ પણ શોકમગ્ન બની ગયા હતા.શાળાના ભૂલકાઓ દ્વારા દેશના જાબાંઝ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું,અને તમામ ભૂલકાઓ દ્વારા બે મિનિટનું મૌન પાળીને અગરબત્તી પ્રગટાવીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જન્મભૂમિ માટે શહીદી વહોરનાર વીર શહીદોના આત્માને શાંતિ મળે એ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.દેશના પ્રત્યેક નાગરિકમાં રાષ્ટ્રભાવનાના ઉમદા ગુણો કેળવાય તે માટે આ ખાસ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ શાળાપરિવાર તરફથી રાખવામાં આવ્યો હતો.અને શહીદો અમર રહો ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.આ પ્રસંગે ભુલકાંઓએ બેઠક વ્યવસ્થાથી શહીદો અમર રહો શબ્દોની ઝાંખી બનાવી હતી.

# રાધનપુર કોલેજમાં પુસ્તક પ્રદર્શન યોજાયું



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં હિંમતવિદ્યાનગરસ્થિત આર્ટસ & કોમર્સ કોલેજમાં સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓમાં વાંચનની ભૂખ ઉઘડે તે માટે પ્રિન્સિપાલ ડો.સી.એમ.ઠક્કરની પ્રેરણાથી લાયબ્રેરીમાં રહેલા પુસ્તકોનો પ્રદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ પ્રદર્શન સંસ્થાના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણીના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.જેમાં તેમણે ગુણવંત શાહ,મહમ્મદ માંકડ,પાશ્ચાત્ય ચિંતકોના પુસ્તકો વિષેના ચિંતન ઉપર પ્રકાશ પાડયો હતો.કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ.ઠક્કરે જીવનમાં પુસ્તકોનું કેવું મહત્વ છે તે અંગે સદ્રષ્ટાંત જણાવ્યું હતું.કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કોલેજના સિનિયર અધ્યાપક ડો.વિમલ ખમારે કર્યું હતું.આ કાર્યક્રમમાં મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર,ડો.નવીનભાઈ ઠક્કર,ઘીરૂભાઇ ઠક્કર સહિતે ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પૂરું પડ્યું હતું.આ પુસ્તક પ્રદર્શનમાં કોલેજના અધ્યાપકના પુસ્તકો,શબ્દકોષો,વિવિધ ઈતિહાસ,નવલકથા,કાવ્યો,મોટીવેશનને લગતા ગુજરાતી-હિન્દી અને અંગેજી ભાષાના પુસ્તકો ગોઠવવામાં આવ્યા હતા.લાયબ્રેરિયન શારદાબેન પટેલ,વર્ષાબેન તેમજ અધ્યાપકોએ પ્રદર્શનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| | **લાખણી** |
| એરંડા | ૮૦૫-૮૩૦ |
| રાયડો | ૬૬૦-૬૮૬ |
| ગવાર | ૮૦૦-૮૪૨ |
| બાજરી | ૨૫૭ |
| રાજગરો | ૬૮૫-૭૦૦ |
| ર.બાજરી | ૪૧૪-૪૨૫ |
| | **ડીસા** |
| એરંડા | ૮૧૫-૮૩૩ |
| રાયડો | ૬૬૨-૬૯૪ |
| ઘઉ | ૩૧૦-૩૪૪ |
| બાજરી | ૨૪૨-૨૭૦ |
| ગવાર | ૮૩૧-૮૩૬ |
| રાજગરો | ૭૫૧-૭૮૬ |
| સરસવ | ૭૨૯-૭૩૦ |
| | **પાલનપુર** |
| એરંડા | ૮૧૦-૮૩૩ |
| રાયડો | ૬૦૦-૭૮૪ |
| રાજગરો | ૫૭૧-૮૧૦ |
| | **ધાનેરા** |
| ઘઉ | ૩૧૪ |
| એરંડા | ૮૧૫-૮૨૭ |
| રાયડો | ૬૫૦-૬૮૮ |
| ઈસ. | ૧૭૦૦-૧૮૯૦ |
| તલ | ૧૪૦૦ |
| મેથી | ૫૪૧ |
| સુવા | ૯૧૦-૯૨૪ |
| રાજગરો | ૬૭૦-૭૧૩ |
| અન્ય | ૭૭૬-૯૫૦ |
| બાજરી | ૨૯૦-૨૪૨ |
| ગવાર | ૮૦૦-૮૩૭ |
| મગફળી | ૬૦૦-૬૫૦ |
| | **થરાદ** |
| રાયડો | ૬૮૦-૭૦૮ |
| એરંડા | ૮૦૦-૮૩૧ |
| જીરુ | ૩૦૦૦-૩૬૪૫ |
| ગવાર | ૮૦૫-૮૫૧ |
| મગ | ૬૭૦-૯૧૬ |
| મઠ | ૪૦૦-૫૯૫ |
| રજકાબાજરી | ૩૮૦-૪૦૦ |

| | |
|---|---|
| ચિકુડી | ૧૦૭૦-૧૦૭૧ |
| મેથી | ૫૫૦-૫૬૬ |
| | **થરા** |
| એરંડા | ૮૨૨-૮૩૫ |
| રાયડો | ૬૪૦-૬૯૦ |
| ગવાર | ૮૦૯-૮૪૩ |
| ઘઉ | ૩૦૬-૩૩૪ |
| બાજરી | ૨૩૫-૨૪૮ |
| જુવાર | ૬૯૦-૮૬૨ |
| અડદ | ૬૯૦-૭૩૬ |
| ર.બાજરી | ૩૮૦-૪૪૬ |
| | **સિદ્ધપુર** |
| ઘઉં | ૩૨૭-૩૬૭ |
| બાજરી | ૧૯૦-૨૬૦ |
| જુવાર | ૭૦૩-૮૩૫ |
| એરંડા | ૭૭૦-૮૪૦ |
| અડદ | ૫૬૦-૮૬૫ |
| રાયડો | ૫૭૧-૭૦૧ |
| ગવાર | ૮૨૧-૮૪૫ |
| કપાસ | ૮૮૨-૧૦૪૫ |
| | **પાટણ** |
| જીરૂ | ૩૪૩૩ |
| વરી. | ૧૧૫૧-૧૩૦૧ |
| મેથી | ૪૦૦-૪૭૨ |
| સુવા | ૮૫૦-૧૦૩૩ |
| રાયડો | ૫૬૦-૭૦૦ |
| એરંડા | ૮૦૦-૮૪૧ |
| અજમો | ૪૦૦-૧૧૫૫ |
| તલ | ૧૧૦૦-૧૫૯૦ |
| જવ | ૩૩૨ |
| ઘઉં | ૩૦૦-૩૫૧ |
| જુવાર | ૮૨૬-૮૩૩ |
| બંટી | ૩૨૩ |
| ચોળા | ૮૭૦ |
| મગ | ૯૦૦-૯૨૦ |
| બાજરી | ૨૧૫-૨૭૬ |
| અડદ | ૭૦૦-૮૭૫ |
| ગવાર | ૭૦૦-૮૪૫ |
| કપાસ | ૮૭૦-૧૦૩૯ |

# સિધ્ધપુરમાં નકલી પોલીસ બની મહિલાના ૧,૭૫ લાખના દાગીના લઈ ફરાર

પાટણ

પાટણ જીલ્લાના સિધ્ધપુરમાં નકલી પોલીસ બનીને રોઉ જમાવી ગઠીયાઓએ મહિલાને કહ્યું હતું કે આગળ ચોર છે.તેમારા સોનાના ઘેરણા ઉતારી કાગળના પડીકામાં મુકી દો આમ કહીને મહિલાના દાગીના પડીકામાં બંધાવ્યા હતાં અને આ પડીકુ લઇને પોલીસ સ્વાંગમાં આવેલા બે ગઠીયા ફરાર થઇ જતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઇ ગઇ હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર સિધ્ધપુરમાં રહેતા વિમલાબેન કનુભાઇ પટેલ નામની મહિલા સરસ્વતી સોસાયટી નજીકથી પસાર થઇ રહ્યાં હતાં ત્યારે પોલીસના સ્વાંગમાં આવેલા બે વ્યક્તિઓએ વિમલાબેનને અટકાવ્યા હતાં અને જણાવ્યું હતું કે આગળ ચાર છે.તેમણે પોતાનું કોઇ આઇકાર્ડ બતાવ્યું હતું અને મહિલાને ભરોસામાં લીધા બાદ અને સોનાના દાગીના ઉતારી કાગળના પડીકામાં મુકી દો અને હું પોલીસ ઈસ્પેકટર છું જો આમ નહીં કરો તો ચોરો ચપ્પા મારપી લુંટ કરશે તેમ કહેતા ગભરાયેલ મહિલાઓ પોતાના ૧.૭૫ લાખની કિંમતના વિવિધ ધરેણા મુકી દીધા હતાં અને આ નકલી પોલીસે મહિલાના હાથમાંથી પોતાની પાસે લઇ લીધુ હતું બાદમાં મહિલાને પોતાની પાસે રહેલુ કાગળનું અન્ય કોઇ પડીકુ મહિલાને પકડાવી દીધુ હતું અને ફરાર થઇ ગયા હતાં. જયારે મહિલાએ પડીકુ જોયું તો તેમાં નકલી ઘેરણા અને પથ્થર મળી આવ્યા હતાં. આથી મહિલાને ખ્યાલ આવ્યો હતો કે તેમની સાથે છેંતરપીડી કરવામાં આવી છે. આથી તેમણે પોતાના પરિવારને આ અંગે જાણ કરી હતી. આથી પરિવારજનોએ સિધ્ધપુર પોલીસ મથકે બે અજાણ્યા વ્યક્તિઓની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસે આ અંગે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.આ ઘટનાને લઇને સ્થાનિક લોકોમાં ભારે નારાજગી વ્યાપી ગઇ છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે જીલ્લામાં ચોરી,લુંટ અને ઘાડની અનેક ઘટનાઓ બની રહી છે તેમ છતાં પોલીસ તંત્ર દ્વારા આ અંગે કોઇ પણ નક્કર પગલા ઉઠાવવામાં આવી રહ્યાં નથી આથી લુંટારૂઓના હાંસલો બુલંદ થાય છે અને તે ઘટનાને પરિણામ આપે છે.

# વિસનગરમાં ધો.૧૨ સાયન્સનો વિદ્યાર્થી ગુમ, અપહરણની ફરિયાદ

વિસનગર

વિસનગરની વિદ્યાનગર સોસાયટીમાં ફોઈના ઘરે રહી ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો સગીર ઘરેથી ક્લાસીસમાં જવાનું કહી નીકળ્યા બાદ ગુમ થતાં પરિવારજનો ચિંતામાં મૂકાઇ ગયા છે. શોધખોળ બાદ પણ તેની ભાળ ન મળતાં સ્થાનિક પોલીસને જાણ કરતાં પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૂળ ઝાલોદ જિલ્લાના મેલણીયા ગામનો સુમિત શરદભાઇ વસૈયા વિસનગરની વિદ્યાનગર સોસાયટીમાં રહેતાં તેનાં ફોઇ વર્ષાબેન રાજેશભાઇ ડામોરના ઘરે છેલ્લા પાંચ વર્ષથી અભ્યાસ અર્થે રહે છે અને હાલમાં આદર્શ સ્કુલમાં ધોરણ ૧૨ના સાયન્સમાં અભ્યાસ કરે છે. સુમિત ૩૦મી જાન્યુઆરીના રોજ ઘરેથી ક્લાસીસમાં જવાનું કહી નીકળ્યો હતો, જે મોડી સાંજ સુધી પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. સગાંસબંધીઓ તેમજ વતન સહિતના સ્થળોએ શોધખોળ બાદ પણ ભાળ ન મળતાં તેના પિતા શરદભાઇ રૂપસિંગભાઇ વસૈયાએ વિસનગર શહેર પોલીસ મથકે જાણ કરી હતી. જેને પગલે પોલીસે અપહરણ નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ પાટણની લોકલ ટ્રેનો બંધ થતાં મુસાફરોને હાલાકી

## બહુચરાજી રેલ્વે સ્ટેશન સુમસામ બન્યુ

ચાણસ્મા

અમદાવાદ વાયા કલોલ, કડી, કટોસણ, બહુચરાજી, રણુંજ થઈને પાટણ તરફ જતી લોકલ ટ્રેનને બ્રોડગેજમાંથી મીટરગેજમાં રૂપાતર કરવાની કાગીરી છેલ્લા છ માસથી બંધ કરવામાં આવી છે. અને આગામી આ કામગીરી બે વર્ષ સુધી ચાલુ રહેનાર હોઈ આ ટ્રેન વ્યવહાર ફરીથી શરૂ થઈ શકે તેમ નથી. પરિણામે આ પંથકના ગ્રામ્ય વિસ્તારમાંથી વ્યાપાર ખરીદી માટે તેમજ શક્તિપીઠ બહુચરાજી માતાના દર્શેનાર્થે આવતા ભક્તોને ભારે હાડમારી વેઠવી પડી રહી છે. ઉપરાંત પૂનમના દિવસે મંદિરે દર્શન માટે સ્પેશ્યલ ટ્રેનની સગવડ આપવામાં આવતી હતી. તે ટ્રેન પણ રેલ્વે સત્તાવાળાઓને બંધ કરવાની ફરજ પડી છે. પરિણામે બહુચરાજીના વ્યાપાર ધંધાને પણ આર્થિક દ્રષ્ટિએ મંદીનો સામનો કરવો પડી રહ્યો છે.

અમદાવાદથી પાટણ તરફ જતી લોકલ ટ્રેન સવારે ૧૦-૪૫ કલાકે તેમજ રાત્રીના સમયે ૨૦-૩૦ કલાકે જતી હતી. જ્યારે પાટણથી અમદાવાદ તરફ આ ટ્રેન બહુચરાજી રેલ્વે સ્ટેશને સવારે ૬-૪૫ કલાકે અને બપોરના ૧૩-૦૦ કલાકે અમદાવાદ તરફ જતી હતી. પરિણામે અમદાવાદથી બહુચરાજી માતાજીના દર્શન કરવા આવનાર શ્રધ્ધાળુઓને ખુબ જ સગવડ મળતી હતી. તેજ કટોસણ આજુબાજુના ૧૦ જેટલા અંતરીયાળ ગામોના લોકો ખુબ જ ઓછા ભાડેથી બહુચરાજી વ્યાપારી મથકે ખરીદી કરવા માટે આવતા હતા. જે રેલ્વેનો ટાઈમ આ વિસ્તારના લોકો માટે આર્શિવાદ રૂપ હતો.

પાટણથી રણુંજ ચાણસ્મા અને બહુચરાજી તરફના અંતરિયાળ ગામોના લોકો ખરીદી માટે પણ રેલ્વેનો ઉપયોગ કરતા હતા. પરિણામે બહુચરાજીનું બજાર વ્યાપાર ધંધાથી ધમધમતું હતું મંદિરમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળતી હતી. પરંતુ રેલ્વે વિભાગ દ્વારા બ્રોડગેજ રેલ્વેને નેરોગેજમાં રૂપાંતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવતાં છેલ્લા છ માસથી રેલ્વે સેવા બંધ કરવામાં આવી છે. રેલ્વે સુત્રોના જણાવ્યા મુજબ આ કામગીરી આગમી બે વર્ષ સુધી ચાલુ રહેનાર હોઈ આ રેલ્વે સેવા બંધ કરવા તંત્રને ફરજ પડી છે. પ્રથમ નોટબંધી, ત્યારબાદ જી.એસ.ટી. અને છેલ્લે રેલ્વે બંધ થતાં બહુચરાજીના વ્યાપાર ઉદ્યોગને ભારે ફટકો પડી રહ્યો છે. રાત દિવસ મુસાફરોથી ધમધમતુ અહીંનુ રેલ્વેસ્ટેશન સ્મશાન જેવુ ભાસી રહ્યું છે.

બહુચરાજી અમદાવાદ રેલ્વે બંધ થવાને કારણે કટોસણ આજુબાજુના આશરે ૧૫ જેટલા ગામોની સેવા છીનવાઈ ગઈ છે. અને આ ગોમોથી બહુચરાજીને જોડતી સીધી બસ સુવિધા ન હોવાને કારણે લોકો ખરીદી માટે આવવાનું ટાળે છે. પ્રાઈવેટ સાધનમાં મુસાફરી મોંઘી પડી રહી છે. પરિણામે બહુચરાજીના અગ્રણી કાપડના વ્યાપારી જસુભાઈ પટેલે અહીના વ્યાપાર ઉદ્યોગને વરસે દહાડે લાખો રૂપિયાનુ નુકશાન થતુ હોવાની ચિંતા વ્યક્ત કરી રેલ્વેલાઈનનું કામકાજ ઝડપથી પુરૂ કરવા માગણી કરી હતી.

# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગર ખાતે રોજગાર ભરતીમેળો યોજાયો

હિંમતનગર

જીલ્લા રોજગાર કચેરી, હિંમતનગર અને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના સંયુક્ત ઉપક્રમે જીલ્લા કક્ષાનો રોજગાર ભારતીમેળો તા.૦૭/૦૨/૨૦૧૮ ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,મોતીપુરા-હિંમતનગર ખાતે યોજાયેલ હતો. જેમાં ૯૧૫ ઉમેદવારો અને ૨૧ નોકરીદાતાઓ હાજર રહી કુલ ૪૫૬ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરી થાળે પાડવાના પ્રયત્નો કરવામાં આવેલ. આ ભરતીમેળામાં હાજર રહેલ મહાનુભાવો પૈકી પ્રહલાદભાઇ સોમાણી, મંત્રી હિંમતનગર કેળવણી મંડળ, શ્રી અતુલ શાહ, પ્રમુખ લઘુભારતી ઉધોગ જી.આઇ.ડી.સી. હિંમતનગર, પ્રીન્સીપાલ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સાયન્સ કોલેજ, તેમજ રોજગાર અધિકારીશ્રી આઇ. આર.મલેક



દ્વારા ઉમેદવારોને પ્રવર્તમાન સમય માં ખાનગી ક્ષેત્રે ઝંપલાવી પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવવા પર ભાર મુક્યો. તેમજ જાહેરક્ષેત્રે રોજગારીની ઘટતી જતી તકો સામે નવા ઉભા થનાર ખાનગી ક્ષેત્રના એકમોમાં વિપુલ પ્રમાણમાં કુશળ-બિનકુશળ કામદારોની ઘટ સામે પોતાને જોડી એક અગ્રેસર કુશળ ગુજરાતનુ નિર્માણ કરવા આહવાન કરેલ હતુ. જયારે અન્ય હાજર રહેલ જુદા-જુદા ક્ષેત્રના નોકરીદાતા ઓએ આ રોજગાર ભારતીમેળાના કાર્યક્રમ ને આવકારતા સરકારના શ્રમ અને રોજગાર વિભાગના આ ભગીરથ પ્રાયાસોની પ્રસન્સા કરી હતી. ઉમેદવારોને ખાનગી ક્ષેત્રે હાલમાં અને ભવિષ્યમાં વિપુલ પ્રમાણમાં ઉભા થનાર કુશળ માનવબળની જરૂરી યાતની જાણકારી આપી હતી

# ચાણસ્મા તા.પંચાયતમાં વર્તમાન અધ્યક્ષ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર

ચાણસ્મા

ચાણસ્મા તાલુકા પંચાયતના કોંગ્રેસના વર્તમાન અધ્યક્ષ વિરૂધ્ધ કારોબારીના ૯ સભ્યો પૈકી ૭ સભ્યોએ રજુ કરેલી અવિશ્વાસની દરખાસ્ત ઉપર બોલાવેલી ખાસ મીટીંગમાં ખુદ કારોબારીના અધ્યક્ષ તેમજ અન્ય ૨ સભ્યો ગેરહાજર રહેતાં તેમની સામેની દરખાસ્ત ૬ વિરૂધ્ધ ૦ મતે પસાર થઈ ગઈ હતી. જેથી અધ્યક્ષને હોદ્દા ઉપરથી રાજીનામુ આપવાની નોબત આવી હતી અને હવે ટુંક સમયમાં નવા અધ્યક્ષની વરણી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચાણસ્મા તાલુકા પંચાયતમાં કારોબારી અધ્યક્ષ તરીકે કોંગ્રેસ પક્ષ દ્વારા ઝાલા ભાથીજી વેલાજીની સવા વર્ષ માટે વરણી કરવામાં આવી હતી. પરંતુ તેમની મુદત પુરી થતાં સ્વેચ્છાએ હોદ્દો છોડવાનો ઈન્કાર કરી દીધો હતો. પરિણામે તા. ૧૦/૧/૧૮ ના રોજ કારોબારીના ૯ સભ્યો પૈકી ૭ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી. જેની મુદત તા. ૨૫/૧/૧૮ ના રોજ પુરી થતી હોવા છતાં તાલુકા વિકાસ અધિકારીએ મીટીંગ બોલાવી ન હતી. જેથી જિલ્લા વિકાસ અધિકારી પાટણે તા. ૨૫/૧/૧૮ ના રોજ મીટીંગનો એજન્ડા કરી તા. ૮/૨/૧૮ ના રોજ મીટીંગ બોલાવી હતી.

ગત રોજ અવિશ્વાસ દરખાસ્તની મીટીંગ કારોબારી ના સભ્ય બાબુભાઈ કે.પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમના નામની દરખાસ્ત રક્ષાબેન દલસુખભાઈ વસાવાએ કરી હતી. જેને સુશીલાબેન ખેંગારજી પરમારે ટેકો આપ્યો હતો. કારોબારીના ૯ સભ્યો પૈકી ૬ સભ્યો હાજર રહેતાં કોરમ થવાથી મીટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જ્યારે વર્તમાન અધ્યક્ષ ઝાલા ભાથીજી વેલાજી, બબીબેન જીતેન્દ્રભાઈ પટેલ અને આશાબેન શૈલેશભાઈ પટેલ ગેરહાજર રહેતાં અધ્યક્ષ વિરૂધ્ધની દરખાસ્ત ૬ વિરૂધ્ધ ૦ મતે પસાર થઈ ગઈ હતી. આમ લાંબા સમયથી ચાલતા રાજકીય ડ્રામાનો અંત આવ્યો હતો. હવે નજીકના દિવસોમાં નવા અધ્યક્ષની વરણી માટે પક્ષ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. આ મીટીંગમાં તાલુકા વિકાસ અધિકારી કનુભાઈ ત્રિવેદી, કે.ડી.ઠાકર અને બી.એમ. હડિયોલ હાજર રહ્યા હતા.

**મીટીંગમાં હાજર સભ્યો**

કલાવતીબેન ગોપાળજી ઠાકોર, બાબુભાઈ કુબેરદાસ પટેલ, રક્ષાબેન દલસુખભાઈ વસાવા, ધીરાજી પથુજી ચાવડા, કૈલાશબા ભરતસિંહ સોલંકી, સુશીલાબેન ખેંગારભાઈ પરમાર

# સાંતલપુર તાલુકાના અબિયાણામાં રૂ.૧૨ કરોડના ખર્ચે મોડેલ ડે સ્કૂલના નિર્માણનો ધમધમાટ



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના અબિયાણા ગામે ૨૦૧૪માં મંજુર થયેલ મોડેલ ડે સ્કૂલના અત્યાધુનિક બિલ્ડિંગનું બાંધકામ ધમધમાટ ચાલી રહ્યું છે, એક મહિનાથી આ કામ ચાલે છે. અબિયાણા ગ્રામપંચાયત દ્વારા આઠ એકર જમીન આ મોડેલ ડે સ્કૂલ માટે ફાળવી આપવામાં આવી છે.જેમાં ધો.૬ થી ૧૨ સુધી કેન્દ્રીય વિદ્યાલય લેવલનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવા માં આવનાર છે. ગુજરાતમાં હાલમાં ૭ મોડેલ ડે સ્કૂલો ચાલે છે, અને સરહદી વિસ્તારમાં પ્રથમ જ પ્રયાસ છે,જો આ સ્કૂલ સફળ થશે તો ગુજરાતના તમામ ખૂણે આવી સ્કૂલો સફળ થઈ શકે છે,તેવું સરકાર દ્વારા અનુમાન લગાવવામાં આવ્યું છે. ગામના પૂર્વ સરપંચ શિવાજી ગોહિલના જણાવ્યા મુજબ કચ્છના નાના રણના કાંઠે વસેલા અબિયાણા ગામે મોડેલ ડે સ્કૂલ શરુ થવાથી સરહદી વિસ્તારના વિદ્યાર્થીઆ ેમાં શિક્ષણનું સ્તર ઊંચું આવશે. ગામના હાલના સરપંચ હીરીબેન આયરના પતિ વીરાભાઈ આયર તેમજ ગામના અગ્રણીઓ દ્વારા સતત દેખરેખ રખાઈ રહી છે. આ સ્કૂલ અબિયાણા-વારાહી રોડ ઉપર નિર્માણ પામી રહી છે.

# રાધનપુર નગરપાલિકાની ચૂંટણી અનુલક્ષીને શુક્રવાર-શનિવારે ઈ.વી.એમ.નિદર્શન



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને મતદારોને ઈ.વી.એમ. મશીનમાં કેવી રીતે મતદાન કરવાથી તેમનો મત ઉમેદવારને મળશે, તે અંગે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મતદારોને માહિતી મળી રહે તે માટે ચૂંટણી અધિકારી એસ.ડી.ગિલવાએ ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી,જેમાં વિસ્તૃત જાણકારી આપી હતી.જે અનુસાર તા.૯ અને ૧૦ શુક્રવાર અને શનિવારે આ ઈ.ટી.આ ઈ.ના સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર એન.જે.ગજ્જર, બી.ડી. પ્રજાપતિ અને પી.કે.ડોડીયા દ્વારા શહેરના જૂની પ્રભાત ટોકીઝ, જૂની બૉર્ડિંગ પાસે,બ્રાન્ચ શાળા નં.૩,જૂની મ્યુનિસિપલ કચેરી, ટાવર પાસે, માર્કેટયાર્ડ, અમરગઢ-વાદી વસાહત,જૂનું ટી.વી.કેન્દ્ર ભરવાડવાસ અને રેલવે સ્ટેશન તેમજ જે.એસ. સુથાર, એસ.એલ.દરજી અને આર. ડી.જોશી દ્વારા વલ્લભનગર પ્રા.શાળા, જે.પી. કુમાર શાળા, અંજુમન હાઈસ્કૂલ, આદર્શ વિધાલય, ગોઠવાડ, જૂની જયહિન્દ ટોકીઝ, લાલબાગ, વિદ્યામંદિર, આશાપુરા માતાનું મંદિર, ગ્રીનપાર્ક સોસાયટી તેમજ ચામુંડા સોસાયટીમાં ઈ.વી. એમ.મશીનનુ નિદર્શન ગોઠવવામાં આવ્યું છે, જેથી મતદારો મતદાન કેવી રીતે કરવું તે અંગે જાણકારી મેળવી શકે. આ માટે ઉમેદવારો અને રાજકીય પક્ષને પણ આ કામમાં મદદરૂપ બનવા અપીલ કરવામાં આવી છે.

# સરસવ ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો

હિંમતનગર

વિજયનર તાલુકાના સરસવ સબ સેન્ટરમાં સમાવિષ્ટ શાળાઓમાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો હતો. તે સંદર્ભે સરસવ પ્રાથમિક શાળામાં અને સરસવ હાઈસ્કૂલના ૧૦ થી ૧૯ વર્ષની વયજૂથના કિશોર-કિશોરીઓને જાતીય, શારિરીક અને માનસીક ફેરફારો તેમજ તેમના પોષણ સંદર્ભે અને વ્યસન મુક્તિ સંદર્ભે માર્ગદર્શન સરસવ આરોગ્ય કેન્દ્રના ડૉ.પ્રવિણભાઈ અસારી તથા તેમના સ્ટાફ દ્વરા પુરૂ પાડવામાં આવ્યું હતું.

તેમજ વક્તૃત્વ અને કવીઝ સ્પર્ધાનું આયોજન પણ થયું હતું. તમામ ભાગ લેનાર છાત્રોને સરકારી હાઈસ્કૂલના વિજયભાઈ ના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.